પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૬-૦૩-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૭૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ભારતને રશિયન ક્રુડતેલ ખરીદવા અમેરિકાની મંજૂરી

## રશિયા પાસેથી તેલ ખરીદવા ૩૦ દિવસ પ્રતિબંધ સસ્પેન્ડ કરાયા બાદ ભારતે અમેરિકી ક્રુડ તેલ ખરીદી વધારવા ખાતરી આપી હોવાનો અમેરિકાનો દાવો



નવી દિલ્હી, તા. ૬૨

મધ્યપુર્વમાં ચાલી રહેલા યુદ્ધથી ભારતના ક્રુડતેલ પુરવઠાને મોટી અસર થઈ છે અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ભાવ પણ વધ્યા છે તેથી દેશમાં પેટ્રોલિયમ-ઈંધણની કટોકટી સર્જાવાની શકયતા વચ્ચે એક મોટી રાહત મળી છે.

રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદી મુદે જે રીતે અમેરિકી દબાણથી ભારતે આ ખરીદીમાં બ્રેક મારી હતી અને અમેરિકાથી ગલ્ફ સુધીના સ્ત્રોત પરથી ક્રુડતેલ આયાત શરૂ કરી હતી પણ યુદ્ધના કારણે સર્જાયેલી પરીસ્થિતિમાં હવે અમેરિકાએ રશિયન ક્રુડતેલ ખરીદી મુદે ભારત પર લાદેલી શરતો હવે ૩૦ દિવસ માટે સ્થગીત કરી છે જેથી ભારત હવે રશિયા પાસેથી તેની આવશ્યકતાનું ક્રુડતેલ મેળવી શકશે.અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસન્ટે સોશ્યલ મીડીયા પોસ્ટમાં આ માહિતી આપતા જણાવ્યું કે હાલની સમુદ્રી યુદ્ધની સ્થિતિ જોતા ક્રુડતેલનો પુરવઠો વૈશ્વિક રીતે ઉપલબ્ધ રહે તે માટે ભારતીય રીફાઈનરીઓ ૩૦ દિવસ માટે રશિયન ક્રુડતેલ ખરીદી શકશે.

અમેરિકી નાણામંત્રીએ જણાવ્યું કે, આ ટુંકાગાળાનો વિકલ્પ છે અને તેનાથી રશિયાને કોઈ મોટા નાણાકીય લાભ થશે નહી. તેઓએ વધુમાં જણાવ્યું કે ભારત એ અમેરિકાનું એક મહત્વપૂર્ણ ભાગીદાર રાષ્ટ્ર છે અને અમોને પુરતી ખાતરી છે કે ભારત અમેરિકી ક્રુડતેલ ખરીદવાનું વધારતું રહેશે પણ જે રીતે ઈરાને સમગ્ર વિશ્વને બાનમાં લેવા પ્રયાસ કર્યા છે તેમાં આ વચગાળાનો નિર્ણય ભારત માટે રાહત થશે.

હોર્મુજ જળમાર્ગ બંધ થવાથી ભારતને જે રીતે ક્રુડતેલના પુરવઠાનો પ્રશ્ન ઉભો થયો છે તેમાં હાલ રાહત છે પણ તે ભારતમાં રાજકીય વિવાદ સર્જી શકે છે. બીજી તરફ દેશની ઓઈલ રિફાઈનરીઓ માર્ચ અને એપ્રિલના પ્રથમ અઠવાડીયામાં રશિયન ક્રુડતેલ ખરીદવા બહું ઝડપથી આગળ વધશે.જો કે હોર્મુજ જળમાર્ગ બંધ થવાથી રશિયન ક્રુડતેલની માંગ વધી છે. યુદ્ધ પુર્વ તે ૧૩ ડોલર પ્રતિ બેરલના ડિસ્કાઉન્ટ પર વેચાતુ હતું. હવે તે લગભગ નીલ થયું છે તો દેશની ખાનગી રીફાઈનરી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પણ ફરી રશિયન ક્રુડતેલ ખરીદી શરૂ કરશે.બીજી તરફ રોઈટરના રિપોર્ટ મુજબ મધ્ય પુર્વની સ્થિતિ જોતા ભારતે જ ટ્રમ્પ તંત્રનો સંપર્ક કરીને રશિયન ક્રુડતેલ ખરીદવા માટે છુટની માંગણી કરી હતી. જો કે આ અહેવાલને કોઈ સતાવાર સમર્થન નથી.

## નેપાળની ચૂંટણીમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી વિજય તરફ

### મતગણનામાં ભારત વિરોધી કેપી ઓલી ૬૦૦૦ મતોથી પાછળ

નવી દિલ્હી, તા. ૬

નેપાળની સામાન્ય ચૂંટણીમાં મતગણતરી ચાલી રહી છે. શરૂઆતના વલણો દર્શાવે છે કે રેપર અને કાઠમંડુના ભૂતપૂર્વ મેયર બાલેન શાહની રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી ૪૭ બેઠકો પર આગળ છે. ગગન થાપાની પાર્ટી નેપાળી કોંગ્રેસ અને કેપી શર્મા ઓલીની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ ૫-૫ બેઠકો પર આગળ છે.

ઝાપા-૫ મતવિસ્તારમાં કેપી ઓલી પોતે કાઠમંડુના ભૂતપૂર્વ મેયર બાલેન શાહથી ૪,૦૦૦થી વધુ મતોથી પાછળ છે. અત્યાર સુધીમાં, તેમને ૪,૦૮૭ મત મળ્યા છે, જ્યારે શાહને ૧૦,૧૯૦ મત મળ્યા છે. ઝાપા-૫ મતવિસ્તારમાં બંને નેતાઓ આમને-સામને છે. શાહને આ ચૂંટણીમાં વડા પ્રધાનપદના દાવેદાર માનવામાં આવે છે.

ગયા સપ્ટેમ્બરના હિંસક વિરોધ પ્રદર્શનો પછી ગુરુવારે યોજાયેલી ચૂંટણીમાં ૬૦%થી વધુ મતદારોએ મતદાન કર્યું. ગણતરીમાં ત્રણથી ચાર દિવસ લાગવાની ધારણા છે. ચૂંટણી પંચે કહ્યું છે કે તે ૯ માર્ચ સુધીમાં ગણતરી પૂર્ણ કરવાનો પ્રયાસ કરશે.

આ ચૂંટણીમાં બાલેન શાહ અને ગગન થાપાને વડાપ્રધાન પદ માટે મુખ્ય દાવેદાર માનવામાં આવે છે. આ ઉપરાંત કેપી શર્મા ઓલી, ઝાલા નાથ ખનાલ, બાબુરામ ભટ્ટારાઈ,

અનુસંધાન પાના ૭ પર

## ઈરાને ઈઝરાયલ પર બેલેસ્ટિક મિસાઈલો છોડી : ઈઝરાયલ દ્વારા લેબેનોન પર હુમલા

### હોર્મુઝ સ્ટ્રેટનો સમુદ્રી માર્ગ બંધ કરાયો નથી : ઈરાને કરેલી સ્પષ્ટતા

નવી દિલ્હી, તા. ૬

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે સાતમો દિવસ છે. ઈરાને ઈઝરાયલ પર ઘણી બેલિસ્ટિક મિસાઈલો છોડી છે. આ મિસાઈલોમાં ક્લસ્ટર બોમ્બ લાગેલા હતા.

ઈઝરાયલી સેના મુજબ, જ્યારે આવી મિસાઈલ જમીન તરફ આવે છે ત્યારે તેનું વોરહેડ હવામાં જ ખુલી જાય છે અને લગભગ ૨૦ નાના બોમ્બ અલગ-અલગ જગ્યાએ પડી જાય છે. દરેક બોમ્બમાં લગભગ ૨.૫ કિલો વિસ્ફોટક હોય છે અને તે લગભગ ૮ કિલોમીટરના વિસ્તારમાં ફેલાઈ શકે છે.

આ નાના બોમ્બ સીધા જમીન પર પડે છે અને અથડાતા જ ફાટી જાય છે. સેનાનું કહેવું છે કે તેનાથી એક મોટા વિસ્તારને ખતરો થઈ શકે છે, જોકે દરેક નાના બોમ્બનો ધડાકો સામાન્ય બેલિસ્ટિક મિસાઈલ જેટલો શક્તિશાળી હોતો નથી.જોકે તે સ્પષ્ટ નથી કે ઈરાને કુલ કેટલી આવી મિસાઈલો છોડી છે, કારણ કે ઘણી મિસાઈલોને ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમે રસ્તામાં જ તોડી પાડી.ત્યાં જ, ઈરાને ગુરુવારે બહેરીનની સરકારી તેલ રિફાઈનરી BAPCO પર મિસાઈલથી હુમલો કર્યો. જેના કારણે રિફાઈનરીના એક યુનિટમાં આગ લાગી ગઈ. જોકે, બાદમાં આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. બહેરીનના રાષ્ટ્રીય સંચાર કેન્દ્ર અનુસાર, BAPCO એનર્જીસની આ રિફાઈનરી દેશના પૂર્વીય કિનારે આવેલા સિત્રા દ્વીપમાં છે. તે રાજધાની મનામાની દક્ષિણમાં આવેલું છે.ઈરાનની સેનાનું કહેવું છે કે અમે હોર્મુઝ સ્ટ્રેટનો રસ્તો બંધ કર્યો નથી. આ વિસ્તાર હવે અમેરિકાની સૈન્ય ગતિવિધિઓને કારણે અસુરક્ષિત બની ગયો છે, તેથી ઘણી શિપિંગ કંપનીઓ ત્યાંથી પસાર થતાં ડરી રહી છે.ઈરાનનું એમ પણ કહેવું છે કે આ યુદ્ધ તેમની મરજીથી શરૂ થયું ન હતું. અમે પહેલાથી જ ચેતવણી આપી હતી કે જો દુશ્મન કોઈ ખોટું પગલું ભરશે તો તેને ભારે નુકસાન થશે.ઈઝરાયલે ગુરુવારે રાત્રે લેબનોનના ઘણા શહેરો પર હવાઈ હુમલા કર્યા. લેબનોનના મીડિયા અનુસાર, ઈઝરાયલી વિમાનોએ સરીફા, ઐતા અલ-શાબ, તુલીન, સવાના અને મજદલ સેલ્મ જેવા શહેરોને નિશાન બનાવ્યા.

## કોઈ પણ જગ્યાએ નમાઝ પઢવી ધાર્મિક અધિકાર નથી : હાઈકોર્ટ

### એરપોર્ટના શેડમાં નમાઝ પઢવાની મંજુરી આપવા મુંબઈ હાઈકોર્ટનો ઈન્કાર

નવી દિલ્હી, તા. ૬

બોમ્બે હાઈકોર્ટે ગઈકાલે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે નમાજ પઢવાની મંજુરી આપવાનો ઈન્કાર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે સુરક્ષા સાથે સમાધાન ન કરી શકાય અને કોઈપણ જગ્યા નમાઝ પઢવું ધાર્મિક અધિકાર ન માનવામાં આવે.જસ્ટીસ બી.પી. કોલાબાવાલા અને ફિરદોસ પુનીવાલાની બેન્ચે ટેકસી અને ઓટો-રિક્ષા ડ્રાઈવરોની એક અરજી પર સુનાવણી કરી રહી હતી. જેમાં જણાવ્યું હતુ કે એરપોર્ટ પાસે એક અસ્થાયી શેડ હતો, જ્યાં તેઓ નમાઝ પઢતા હતા, જેને ગત વર્ષે અધિકારીઓએ હટાવી દીધો હતો.અરજીમાં ડ્રાઈવરોએ એ જગ્યા અથવા આસપાસ અન્ય સ્થળે નમાઝ પઢવાની મંજુરી મળી હતી પરંતુ કોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી. કોર્ટે પોલીસ અને એરપોર્ટ અધિકારીઓને એ તપાસ કરવાનું કહ્યું હતું કે અરજદારોને કોઈ વૈકલ્પિક જગ્યા દઈ શકાય છે.અધિકારીઓએ કોર્ટને કહ્યું હતુ કે સાત જગ્યાએ સર્વે કરાયો હતો પણ ભીડ અને સુરક્ષા ચિંતાઓ અને એરપોર્ટ ડેવલપમેન્ટના કારણે કોઈ જગ્યા ન મળી શકી. કોર્ટે અરજદારોને કહ્યું હતું કે તમે નમાજની જગ્યા નકકી જ કરી શકો.

## આસામમા વાયુસેનાનુ સુખોઇ ફાઇટર જેટ ક્રેશ થતા બંને પાઈલટનાં મોત

### જોરહાટથી ૬૦ કિમી દૂર સુખોઈ ફાયર જેટ તૂટી પડ્યું



નવી દિલ્હી, તા. ૬

આસામના કાર્બી આંગલોંગ વિસ્તારમાં ટ્રેનિંગ દરમિયાન રડાર પરથી ગુમ થયેલું ભારતીય વાયુસેનાનું સુખોઈ Su-30MKI ફાઈટર જેટ ક્રેશ થઈ ગયું છે. આ દુર્ઘટનામાં બંને પાઈલટ સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરાગકરનું પણ મોત થયું છે. ભારતીય વાયુસેનાએ બંને પાઈલટના મૃત્યુ પર ભારે શોક વ્યક્ત કરતા તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

વાયુસેનાએ ગુરુવારે મોડી રાત્રે ૧ વાગ્યાને ૯ મિનિટે ક્રેશની પુષ્ટિ કરી હતી. શુક્રવારે સવારે ૯.૧૪ વાગ્યે એક અન્ય ઠ પોસ્ટમાં બંને પાઈલટના મૃત્યુની જાણકારી આપી. સેના મુજબ, શોધખોળ અભિયાન ચાલુ છે. જ્યારે આ દુર્ઘટના થઈ ત્યારે ફાઈટર જેટ નિયમિત ઉડાન કે મિશન પર હતું. આ દરમિયાન તેનો ગ્રાઉન્ડ કંટ્રોલ સાથે સંપર્ક તૂટ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

## પેટ્રોલ-ડીઝલ ગેસના ભાવોમાં વધારો થશે નહીં : સરકાર

### ઓસ્ટ્રેલિયા-કેનેડા ભારતને ગેસ પુરવઠો આપવા તૈયાર: બતાવી

નવી દિલ્હી, તા. ૬

ઈરાન સામેના અમેરિકા-ઈઝરાયેલના લશ્કરી આક્રમણ અને તેમાં પુરા ગલ્ફના દેશો સુધી ફેલાયેલી આગ, ઈરાન દ્વારા હોર્મુઝ જે જળમાર્ગ બંધ કરતા ક્રુડતેલ સપ્લાયને પણ થઈ રહેલી અસરથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડતેલના ભાવમાં થઈ રહેલા વધારા તથા પુરવઠાની અનિશ્ચિતતા વચ્ચે પણ કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડિઝલના ભાવ વધારશે નહી અને પેટ્રોલિયમ પેદાશોની અછત પણ સર્જાવા દેશે નહી.

દેશભરમાં આ અંગે સર્જાયેલી ચિંતા-ઉચાટમાં સરકારે સ્પષ્ટ કર્યુ છે કે ક્રુડતેલના ભાવ વધ્યા છે. પરંતુ તેની ગ્રાહકોને અસર થવા દેવાશે નહી. સરકારે સ્પષ્ટ કર્યુ છે. દેશમાં ક્રુડતેલ, ગેસ, પેટ્રોલીયમ પેદાશોનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે તો કતારમાં જે રીતે ગેસ ઉત્પાદન-સપ્લાય બંધ થઈ છે તો તેના વિકલ્પમાં ઓસ્ટ્રેલિયા-કેનેડાએ ભારતને ગેસનો પુરવઠો ઉપલબ્ધ બનાવવા ઓફર કરી છે. સરકારે સ્પષ્ટ કર્યુ છે કે, ગેસની ઉપલબ્ધતા ઓછી થાય તો પણ ઘરેલુ પીએનજી (પાઈપલાઈન-મારફત પુરા પડાતા ગેસ) તથા વાહનોના સીએનજીનો પુરવઠો જાળવી

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધ લાંબુ ચાલવાની સંભાવના

### યુદ્ધ સપ્ટેમ્બર સુધી ચાલવાની શક્યતાને પગલે અમેરિકાએ તૈયારી આરંભી

નવી દિલ્હી, તા. ૬

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચેનું યુધ્ધ સાતમા દિવસમાં પ્રવેશ્યું છે. વિવિધ દેશોમાં જાનમાલની મોટી ખુવારી છે ત્યારે અમેરિકાએ ૬ મહિના સુધી ચાલુ રહે તો પણ લડી શકાય તે પ્રકારની તૈયારી શરૂ કરી દીધી છે.

એક અત્યંત મહત્વના રીપોર્ટમાં એવો ખુલાસો થયો છે કે યુધ્ધ ૧૦૦ દિવસ કે તેથી પણ આગળ વધીને સપ્ટેમ્બર સુધી ચાલવાની ગણતરીના આધારે યુધ્ધ ઓપરેશનમાં મદદરૂપ થવા માટે વધારાના ગુપ્તચર સૈન્ય અધિકારીઓને ફાળવવા અમેરિકી સેન્ટ્રલ કમાંડે પેન્ટાગોનને જણાવ્યું છે.લાંબા યુધ્ધ માટે વધારાના ેત ઉભા કરવા-ફાળવણી માટેની તૈયારી તેજ કરવામાં આવી છે. અગાઉ અમેરિકી રાષ્ટ્રપતિએ યુધ્ધ ચાર સપ્તાહ ચાલવાનો સંકેત આપ્યો હતો. પરંતુ હવે પેન્ટાગોનનું અનુમાન સપ્ટેમ્બર મહિના સુધીનું છે.રીપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે યુધ્ધના ઉદ્દેશ કે ચોક્કસ લક્ષ્યને પણ હજુ અમેરિકા કે ઈઝરાયેલ દ્વારા નક્કી કરવામાં આવ્યું નથી. અમેરિકાએ ઈઝરાયેલ સાથે મળીને ગત શનિવારથી ઈરાન પર આક્રમણ શરૂ કર્યું હતું. ઈરાનની નેતાગીરી તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટારગેટ કરવામાં આવ્યા હતા. પ્રથમ દિવસે જ ઈરાનના વડા આયાતોલ્લાહ ખામેનેઇ સહિત અનેક નેતાઓને ખાત્મો બોલાવી દેવામાં આવ્યો હતો. સાત દિવસથી ચાલતા યુધ્ધમાં અત્યાર સુધીમાં અખાતમાં સેંકડો લોકોના મોત નિપજ્યા હતા. ઈરાને કુવૈત પર કરેલા હુમલામાં છ અમેરિકી સૈનિકોના પણ મોત થયા હતા.

અનુસંધાન પાના ૭ પર

## 'સર'ના વિરોધમાં કોલકાતામાં મમતા બેનરજી દ્વારા ધરણા

### મોટી સંખ્યામાં મતદારોના નામો કમી કરી દેવાતા ચૂંટણીપંચ સામે આંદોલન

નવી દિલ્હી, તા. ૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી શુક્રવારે બપોરે મધ્ય કોલકાતાના એસ્પ્લેનેડ પૂર્વમાં રાજયમાં લાગુ કરવામાં આવી રહેલા SIRના વિરોધમાં અનિશ્ચિત સમય માટે ધરણા શરૂ કરશે. અહેવાલો અનુસાર, તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ શુક્રવારે સવારે એસ્પ્લેનેડ પૂર્વમાં ભેગા થવાનું શરૂ કરશે. મુખ્યમંત્રી બપોરે ૨ વાગ્યાની આસપાસ કાર્યક્રમ સ્થળે પહોંચશે અને વિરોધ શરૂ કરશે તેવી અપેક્ષા છે. તૃણમૂલ કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, "હાલ માટે, એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે ધરણા વિરોધ અનિશ્ચિત સમય માટે ચાલુ રહેશે. અમારી મુખ્ય માંગણીઓ એ છે કે એક પણ સાચા મતદારને મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં ન આવે અને પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ હાલમાં ન્યાયિક સુનાવણી હેઠળ રહેલા ૬.૩ મિલિયન કેસોને બાકાત રાખ્યા વિના ન યોજવી જોઈએ."

આકસ્મિક રીતે, મુખ્યમંત્રીનું ધરણા વિરોધ સ્થળ પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી

અનુસંધાન પાના ૭ પર

## વર્ષ ૨૦૨૪-૨૫માં ભાજપને સૌથી વધુ રૂ. ૬૭૬૯.૧૪ કરોડની આવક

### દેશની ૬ રાષ્ટ્રીય પાર્ટીઓની આવકના ૮૫ ટકા એકલા ભાજપને ફાળે : કોંગ્રેસની આવક રૂ. ૯૧૮.૨૯ કરોડ

નવી દિલ્હી, તા. ૬

એસોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ્સ (એડીઆર)એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાષ્ટ્રીય પાર્ટીઓની આવકના આંકડા જાહેર કર્યા છે. જે મુજબ ભાજપની કુલ આવક રૂા.૬૭૬૯ કરોડ રૂપિયા છે. ૬ રાષ્ટ્રીય પાર્ટીઓની આવકનો ૮૫ ટકા ભાગ એકલા ભાજપ પાસે છે. ભાજપની ઈન્કમ ગત વર્ષની તુલનામાં ૫૫.૯૫ ટકા અને કોંગ્રેસથી લગભગ ૭ ગણી વધુ છે.

દેશના ૬ મુખ્ય રાષ્ટ્રીય પક્ષો ભાજપ, કોંગ્રેસ, માર્કસવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી



(સીપીઆઈ-એમ) આમ આદમી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, નેશનલ પીપલ્સ પાર્ટીની કુલ આવક ૭૯૬૦ કરોડ રૂપિયા નોંધાઈ છે, જયારે ગત વર્ષની તુલનામાં રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકમાં ૪૧.૩૫ ટકાનો વધારો થયો છે.

જયારે કોંગ્રેસની આવક ૨૦૨૩-૨૪માં રૂા.૧૨૩૦.૭૩ કરોડ હતી, જે ૨૦૨૪-૨૫માં ઘટીને રૂા.૯૧૮.૨૯ કરોડ રહી ગઈ. આ ગત વર્ષની તુલનામાં લગભગ ૨૫.૩૯ ટકા ઓછી છે. આપની કમાણીમાં ૭૩.૨૦ ટકાનો વધારો થયો છે. જયારે બીએસપી અને સીપીઆઈએમની આવકમાં વધુ અંતર નથી.

દાન અને કૂપનથી સૌથી વધુ આવક: અહેવાલો મુજબ રાજનીતિક પક્ષો પાસે આવકના પૈસાનો મુખ્ય સ્ત્રોત ડોનેશન છે. રાષ્ટ્રીય પાર્ટીઓની કુલ આવકના ૮૫ ટકાથી

અનુસંધાન પાના ૭ પર

## યુદ્ધના કારણે તણાવ વધ્યો સોના-ચાંદીના ભાવમાં ઉછાળો

### ચાંદીના ભાવમાં ૨ ટકા જેટલો વધારો થયો

નવી દિલ્હી, તા. ૬

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે શુક્રવારના ટ્રેડિંગ સત્રમાં કિંમતી ધાતુઓ (સોનું અને ચાંદી) માં નવેસરથી ઉછાળો જોવા મળ્યો. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા લશ્કરી તણાવ અને ફુગાવાના ભય વચ્ચે રોકાણકારો સલામત-સ્વર્ગ સંપત્તિ તરફ વળ્યા, જેના કારણે શરૂઆતના વેપારમાં સોના અને ચાંદીના ભાવમાં વધારો થયો. લેખન સમયે (સવારે ૧૦:૩૯ વાગ્યે), એપ્રિલ ડિલિવરી માટેનું સોનું ૧,૦૭૨ રૂપિયા અથવા ૦.૬૭ ટકા વધીને ૧૦ ગ્રામ દીઠ ૧,૬૦,૭૪૫ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યું હતું, જે ૫,૩૩૩ રૂપિયા અથવા ૨ ટકાથી વધુ હતું. મે ડિલિવરી માટે ચાંદી ૨,૬૭,૫૨૪ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહી હતી, જે ૫,૩૩૩ રૂપિયા અથવા ૨ ટકાથી વધુ હતી. પાછલા ટ્રેડિંગ સત્રમાં, MCX પર એપ્રિલ એક્સપાયર વાળું સોનું ૧,૬૧,૫૨૫ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું, જ્યારે મે એક્સપાયર વાળું ચાંદી ૨,૬૫,૫૬૦ પ્રતિ કિલો પર બંધ થયું હતું.

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે સાતમા દિવસે પ્રવેશ કર્યો છે, જેના કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠા માર્ગો

અનુસંધાન પાના ૭ પર

# મહિલા દિન નિમિત્તે સુરતમાં પ્રથમ વખત અનોખી ફિટનેસ ચેલેન્જ ઇવેન્ટ

## ડુમસ ખાતે રાજઘરાના લોન્સમાં ઇવેન્ટનું આયોજન




સુરત, તા.૬

સુરત શહેરમાં ફિટનેસ અને રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વધારવા માટે VFS Premium દ્વારા વુમન્સ ડે નિમિત્તે એક અનોખું અને પ્રથમ વખત યોજાતું ઓપન ગ્રાઉન્ડ ફિટનેસ ઈવેન્ટ ''ટ્રબલ સર્કિટ'' આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટ હાયરોક્સ (Hyrox) પ્રકારની પ્રેરણા પરથી તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ ફિટનેસ ચેલેન્જ અને અવરોધોનો સમાવેશ થાય છે.

આ ઈવેન્ટ ૭ માર્ચે સવારે ૬:૩૦ વાગ્યાથી, રાજઘરાણા લૉન્સ, YPD ડોમ પાસે, કુનવાડા પોલીસ ચોકી નજીક, દુમાસ રોડ, સુરત ખાતે યોજાશે. આ ઈવેન્ટનું મુખ્ય ઉદ્દેશ્ય ભાગ લેનારાઓને તેમની શારીરિક અને માનસિક સીમાઓને પડકારવા માટે પ્રેરિત કરવાનો છે. ટ્રબલ સર્કિટમાં ભાગ લેનારાઓને અલગ અલગ સ્ટેશન પર વિવિધ વર્કઆઉટ અને અવરોધોને નક્કી સમયમર્યાદામાં પૂર્ણ કરવા પડશે, જે તેમની સ્ટેમિના, શક્તિ અને ધીરજની સાચી કસોટી કરશે. ખાસ વાત એ છે કે આ ઈવેન્ટમાં ભાગ લેનારાઓમાં આશરે ૮૦% ભાગીદારી મહિલાઓની છે, જે વુમન્સ ડેના અવસરે મહિલાઓની શક્તિ, આત્મવિશ્વાસ અને ફિટનેસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે. VFS Premium દ્વારા આયોજિત આ ઈવેન્ટ ફિટનેસ ક્ષેત્રમાં નવી દિશા આપે છે અને લોકોમાં સ્વસ્થ જીવનશૈલી માટે પ્રેરણા પૂરું પાડે છે. આયોજકોના જણાવ્યા મુજબ, ટ્રબલ સર્કિટ માત્ર એક સ્પર્ધા નથી પરંતુ પોતાની મર્યાદાઓને પાર કરવાની અને ફિટનેસની નવી ઊંચાઈઓ સુધી પહોંચવાની.

# સુરતના ૫૭ આરગ્ય કેન્દ્રોમાં એચપીવી રસીકરણ ઝુંબેશ શરૂ

## મેયર દક્ષેશ માવાણીએ અડાજણ કેન્દ્રની મુલાકાત લીધી

સુરત, તા.૬

ભારતમાં મહિલાઓમાં થતા કેન્સરમાં ગર્ભાશયના મુખના કેન્સર બીજા ક્રમનું સૌથી વધુ જોવા મળતું કેન્સર છે. જે હ્યુમન પેપિલોમા વાયરસથી થાય છે. આ ગંભીર બીમારી સામે રક્ષણ આપવા માટે શહેરની તમામ લાભાર્થી કિશોરીઓ (જેમણે૧૪મોજન્મદિવસઉજવ્યોહોયઅને રસીકરણના શુભારંભના ૯૦ દિવસની અંદર ૧૫ વર્ષ પૂર્ણ કરતી હોય તેવો ૧ વર્ષનો cohrot-જન્મ તારીખ ૦૧/૦૧/૨૦૧૧ થી ૨૯/૦૨/૨૦૧૨)ને સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ૫૭ શહેરી આરોગ્ય કેન્દ્રો/ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો કે જે કોલ્ડ ચેઇન પોઈન્ટ તરીકે કાર્યરત છે, જયાં આ રસી આપવામાં આવી રહી છે. સુરત મહાનગરપાલિકાના માનનીય મેયરશ્રીદક્ષેશભાઈ માવાણી, દંડકશ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, તેમજ સ્થાનિક કોર્પોરેટરશ્રી કેતનભાઈ મહેતા અને વૈશાલીબેન શાહઓએ આજ તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત HPV રસીકરણ કેન્દ્રનીમુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત દરમ્યાન માનનીય મેયરશ્રી તેમજ અન્ય મહાનુભાવો દ્વારા આજરોજ મુલાકાત દરમ્યાન રસીકરણ કરેલકુલ ૧૮કિશોરીઓને HPV રસીકરણનું સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ અને HP ફરસી આ સાથે સામેલ લીસ્ટ મુજબના કોલ્ડ ચેઇન પોઈન્ટ તરીકે કાર્યરત ૫૭ શહેરી આરોગ્ય કેન્દ્ર/શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો પરથી રવિવાર અને જાહેર તહેવારના દિવસો સિવાય વિનામુલ્યે મૂકવામાં આવશે એવું જણાવી સદર અભિયાનમાં સહભાગી થવા અપીલ કરી હતી. વધુમાં સદર અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા આજદિન સુધી કુલ ૬૩૯ કિશોરીઓનું રસીકરણ કરવામાં આવેલ છે. રસીકરણ કરેલ લાભાર્થીને કોઈ પણ પ્રકારની આડઅસર જોવા મળેલ નથી.

# વેટરન ક્રિકેટ એસો.ના પ્રમુખ તરીકે નરેન્દ્ર પટેલની વરણી

## ઉપપ્રમુખ પદે મહેશ સી. પીઠાવાલાની નિમણૂંક



સુરત, તા.૬

૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ, વેટરન ક્રિકેટ એસોસિએશન ઓફ ગુજરાત (VCAG) ની દક્ષિણ ગુજરાત અને સમગ્ર ગુજરાત રાજ્યમાં વેટરન ક્રિકેટ પ્રવૃત્તિઓ માટે સંચાલક મંડળ તરીકે સત્તાવાર રીતે રચના કરવામાં આવી છે. આ એસોસિએશનની સ્થાપના ૪૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના અનુભવી ક્રિકેટરો માટે એક માળખાગત પ્લેટફોર્મ પૂરું પાડવા, સ્પર્ધાત્મક તકો પ્રદાન કરવા અને ક્રિકેટની રમતમાં તેમના સતત યોગદાનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી છે. એસોસિએશનના પદાધિકારીઓમાં પ્રમુખ તરીકે શ્રી નરેન્દ્ર પી. પટેલ, ઉપપ્રમુખ તરીકે શ્રી મહેશ સી. પીઠાવાલા, ઉપપ્રમુખ તરીકે શ્રી કિરીટ જી. પટેલ, માનદ સચિવ તરીકે શ્રી વિનિત બંસલ, માનદ સચિવ તરીકે શ્રી હેમંત પટેલ, માનદ સંયુક્ત સચિવ પદે શ્રી કમલેશ પટેલની વરણી કરવામાં આવી છે.

# પશ્ચિમ રેલ્વે ઉધના-સુબેદારગંજ અને આગ્રા કેન્ટ વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડશે

## બંને પૈકીની એક ૧૪ અને એક ટ્રેન ૮ ફેરા મારશે

સુરત, તા.૬

મુસાફરોની સુવિધા માટે, વધતી જતી મુસાફરીની માંગને પહોંચી વળવા અને ભીડને નિયંત્રિત કરવા માટે, પશ્ચિમ રેલ્વે ઉધના-સુબેદારગંજ અને આગ્રા કેન્ટ સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર ખાસ ટ્રેનો ચલાવશે.

પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર ૦૪૧૫૬ ઉધના-સુબેદારગંજ સ્પેશિયલ ઉધનાથી દર મંગળવાર અને શુક્રવારે સાંજે ૪:૧૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૯:૦૦ વાગ્યે સુબેદારગંજ પહોંચશે. આ ટ્રેન ૧૦ માર્ચ, ૨૦૨૬ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૪૧૫૫ સુબેદારગંજ-ઉધના સ્પેશિયલ સુબેદારગંજથી દર સોમવાર અને ગુરુવારે ૧૧:૪૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે ૧:૧૫ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૯ માર્ચ, ૨૦૨૬ થી ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન વ્યારા, નંદુરબાર, અમલનેર, ધારણગાંવ, ભુસાવલ, ઈટારસી, રાની કમલાપતિ, બીના, લલિતપુર, વીરંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ઓરાઈ, પોખરણ, ગિવંદપુરી અને ફતેહપુર સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. આ ટ્રેનમાં એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નં. ૦૧૯૦૮ ઉધના - આગ્રા કેન્ટ સ્પેશિયલ દર બુધવારે ઉધનાથી ૧૫:૨૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૮:૩૦ વાગ્યે આગ્રા કેન્ટ પહોંચશે. આ ટ્રેન ૧૧ માર્ચ, ૨૦૨૬ થી ૧ એપ્રિલ, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૧૯૦૭ આગ્રા કેન્ટ - ઉધના સ્પેશિયલ દર મંગળવારે આગ્રા કેન્ટથી ૧૮:૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૩:૨૫ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૧૦ માર્ચ, ૨૦૨૬ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, રૂપબાસ અને ફતેહપુર સિક્રી સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

આ ટ્રેનમાં એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૪૧૫૬, ૦૧૯૦૮ માટે બુકિંગ ૦૬ માર્ચ, ૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.



**આજરોજ ૫-૩-૨૬ ના રોજ સીઆરસી કક્ષાનો ટીએલઈ અને ટીએલએમ વર્કશોપ શાળા નંબર ૮૨/૨૬૦ શિવાજીનગર લીંબાયત ખાતે યોજાયો તેમાં સીઆરસી ૩૭ ભાઉસાહેબ સર, સીઆરસી ૩૮ રાજેશ સર ,સી.આર.સી ૪૧ હેમંતસર તેમજ યુ આર સી પુરુષોત્તમ જગદાળે સરના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. તેમજ ત્રણેય ક્લસ્ટરના શિક્ષક મિત્રોએ શિક્ષણમાં બાળકોને અભ્યાસક્રમમાં ઉપયોગી થાય તેવા પ્રકારના ટીએલએમ બનાવવામાં આવ્યા.**

# મહિલા દિને મહિલા સશક્તિકરણ વિષયે વૈશ્વિક સ્તરનું વ્યાખ્યાન

## નિષ્ણાંત વક્તાઓ વર્ચ્યુઅલી કાર્યક્રમમાં જોડાશે

સુરત, તા.૬

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આરોગ્ય અને મહિલા સશક્તિકરણ વિષયક એક મહત્વપૂર્ણ વૈશ્વિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. જાણીતા વરિષ્ઠ અકાદમિક અને ઓર્થો-રિહેબ પ્રોફેશનલ ડૉ. અમિત એમ. પટેલ (પી.એચ.ડી) ને વિશ્વ ની સૌથી જૂની; યુનિવર્સિટી ઑફ કોપનહેગન, સ્કેન્ડિનેવિયા ના ફેકલ્ટી ઑફ હેલ્થ એન્ડ મેડિકલ સાયન્સિસ દ્વારા આમંત્રિત વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું છે. આ વ્યાખ્યાન "ફેમટેક રીવોલ્યૂશન: ટ્રાન્સફોમ'ગ વુમન્સ હેલ્થ થ્રુ સ્માર્ટ ઈન્નોવેશન" વિષય પર આધારિત રહેશે, જેમાં મહિલાઓના આરોગ્ય ક્ષેત્રમાં નવીન ટેક્નોલોજી, ડિજિટલ હેલ્થ સોલ્યુશન્સ અને સ્માર્ટ ઈનોવેશન દ્વારા સર્જાતી ક્રાંતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવશે. આ કાર્યક્રમ "વેબેક્સ" દ્વારા લાઈવ વેબિનાર સ્વરૂપે આયોજિત કરવામાં આવશે, જેમાં યુનિવર્સિટી ઑફ કોપનહેગન ના પ્રોફેસર્સ, સંશોધકો અને આરોગ્ય વ્યવસાયીઓ ભાગ લેશે. ડૉ. અમિત એમ. પટેલ લાંબા સમયથી આરોગ્યવિજ્ઞાન, રિહેબિલિટેશન અને જાહેર આરોગ્ય ક્ષેત્રમાં સંશોધન તથા શિક્ષણ સાથે જોડાયેલા છે. તેમના દ્વારા આપવામાં આવનાર આ



અનુસંધાન પાના ૭ પર

# ગેસ સપ્લાયમાં ઘટાડો થતા ઉત્પાદન પર અસર પડશે

## મધ્ય-પૂર્વમાં ફાટી નિકળેલા યુધ્ધના પગલે અંકલેશ્વરના ઉદ્યોગો પણ અસરગ્રસ્ત થશે

અંકલેશ્વર, તા.૬

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક ઊર્જા સપ્લાય પર અસર પડી રહી છે, જેના કારણે ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારોમાં ચિંતા ફેલાઈ છે. ખાસ કરીને અંકલેશ્વરના ઉદ્યોગકારો પર મિડલ ઈસ્ટમાં સર્જાયેલ યુદ્ધની પરિસ્થિતિના પગલે ઔદ્યોગિક એકમોમાં ગુજરાત ગેસ કંપની દ્વારા અપાતા ગેસ સપ્લાય પર ઘટાડાની શક્યતા ઉભી થઇ છે જેની અસર સીધી ઉત્પાદન પર જોવા મળી શકે છે.મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક ઊર્જા સપ્લાય પર અસર પડી રહી છે, જેના કારણે ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારોમાં ચિંતા ફેલાઈ છે. ખાસ કરીને અંકલેશ્વરના ઉદ્યોગકારો માટે ગેસ સપ્લાયમાં ઘટાડાની શક્યતા ઉભી થઈ છે.

ગુજરાત ગેસ કંપની દ્વારા ઉદ્યોગોને મોકલાયેલ સૂચના મુજબ LNG ગેસની ઉપલબ્ધતા ઘટતા ઉદ્યોગોને આપવામાં આવતો ગેસ પુરવઠો લગભગ ૫૦ ટકા સુધી ઘટાડવામાં આવી શકે છે. કંપનીએ ગેસ સપ્લાય કરાર હેઠળ ''ફોર્સ મેજર'' જાહેર કરીને ઉદ્યોગોને ગેસના વપરાશમાં મર્યાદા રાખવાની સૂચના આપી છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ અને તેનાથી Strait of Hromuz વિસ્તારમાં શિપિંગમાં અવરોધ ઉભો થવાને કારણે LNG સપ્લાયમાં ખલેલ પડી છે. આ માર્ગથી વિશ્વના મોટા પ્રમાણમાં તેલ અને ગેસનો પરિવહન થાય છે, તેથી તેમાં અવરોધ થતાં વૈશ્વિક સપ્લાય ચેઇન પર સીધી અસર પડી છે.

આ પરિસ્થિતિને કારણે ભારતમાં ન્દ્રય આયાતમાં વિક્ષેપ આવ્યો છે અને ઘણા ઉદ્યોગોને ગેસ સપ્લાય ઘટાડવાની શક્યતા ઊભી થઈ છે. ગેસ સપ્લાયમાં ઘટાડો થવાથી કેમિકલ, સિરામિક અને પ્રોસેસ ઈન્ડસ્ટ્રી જેવા ગેસ આધારિત ઉદ્યોગો પર સીધી અસર પડશે. ઉદ્યોગોને ઉત્પાદન ખર્ચ વધવાની સાથે પ્રોડક્શન ઘટાડવાની પણ શક્યતા છે. અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવાએ ઉદ્યોગકારોને ગેસ કંપનીની ગાઈડલાઇન મુજબ ગેસનો ઉપયોગ કરવા અને મિનિમમ ક્વોન્ટિટી બુકિંગની શરતોનું પાલન કરવા અપીલ કરી છે. જો સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે તો ઔદ્યોગિક ઉત્પાદન પર પણ તેની અસર જોવા મળી શકે છે.

# ભડકોદ્રા ગામની ડમ્પિંગ સાઇટમાં ફરી રહસ્યમય રીતે આગ લાગી

## દોઢ મહિનામાં ત્રીજી વાર આગ ફાટી નીકળી

અંકલેશ્વર, તા.૬

અંકલેશ્વર તાલુકાના ભડકોદરા ગામની ડમ્પિંગ સાઈડમાં ફરી એકવાર રહસ્યમય રીતે આગ ફાટી નીકળતા દોડધામ મચી જવા પામી હતી.દોઢ મહિનામાં ત્રીજી વાર આગ ફાટી નિકળતા તંત્રની કામગીરી સામે સવાલ ઉભા થયા છે.અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગ્રામ પંચાયતની સોલિડ વેસ્ટ નિકાલ માટેની ડમ્પિંગ સાઈટમાં અચાનક રહસ્યમય રીતે આગ ફાટી નીકળતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગના કારણે ભારે પ્રમાણમાં ધુમાડો ફેલાતા આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણનો ગંભીર ખતરો ઊભો થયો છે.સ્થાનિકોનું કહેવું છે કે આગ લાગ્યા બાદ લાંબા સમય સુધી કાળો ધુમાડો આકાશમાં ફેલાયેલો જોવા મળ્યો હતો.ડમ્પિંગ સાઈટ નજીક આવેલ સ્ક્રેપ માર્કેટના કોઈક અસામાજિક તત્વો દ્વારા કેમિકલ વેસ્ટ ગેરકાયદેસર રીતે ડમ્પિંગ સાઈટ પર ઠાલવી તેને સળગાવી દેવામાં આવી હોવાની આશંકા સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે ગત તારીખ ૧૦ ફેબ્રુઆરી અને ૨૩ ફેબ્રુઆરીની રાત્રીએ પણ આ જ ડંપિંગ સાઈટમાં આગ ફાટી નીકળી હતી ત્યારે વારંવાર લાગતી આગ શંકા ઉપજાવી રહી છે અને તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે.




# તા.૨૫મીએ તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન

## ૨૭મીએ સુરત 'જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ' યોજાશે

સુરત, તા.૬

લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જેમાં કોઈ પણ અરજદાર વ્યકિતગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિવિષયક અને સર્વિસ મેટર સિવાયના કામોનો નિકાલ સંબંધિત કચેરીમાં થતો ન હોય તો તેવા કામોનો નિકાલ આ કાર્યક્રમમાં કરવામાં આવશે. જે મુજબ માર્ચ મહિનાનો ''તાલુકા સ્વાગત કાર્યક્રમ''૨૫/૦૩/૨૦૨૬ એ અને ''જિલ્લા સ્વાગત કાર્યક્રમ'' તા.૨૭/૦૩/૨૦૨૬ એ યોજાશે. તા.૨૫મીના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે સૂરત જિલ્લા કલેક્ટરશ્રી કોઈ પણ એક તાલુકામાં ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમના ભાગરૂપે તા.૨૫મીના રોજ સવારે ૧૧.૦૦ વાગે જિલ્લાના વર્ગ-૧ના અધિકારીઓ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી પ્રશ્નોનું નિરાકરણ લાવશે. જેમાં મજુરા, ઉધના અને પુણા તાલુકામાં મુખ્ય કારોબારી અધિકારીશ્રી (સુડા), સુરત તેમજ નાયબ કલેક્ટરશ્રી-સિટી પ્રાંત(દક્ષિણ), અઠ્ઠામા, કતારગામ અને અડાજણ તાલુકામાં પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેર તેમજ નાયબ કલેક્ટરશ્રી-સિટી પ્રાંત(ઉત્તર), ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં નાયબ વન સંરક્ષકશ્રી (નોર્મલ) તેમજ નાયબ કલેક્ટરશ્રી ઓલપાડ પ્રાંત, કામરેજ અને પલસાણા તાલુકામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ નાયબ કલેક્ટરશ્રી કામરેજ પ્રાંત, બારડોલી, મહુવા અને અંબિકા તાલુકામાં પ્રાયોજના વહીવટદારશ્રી, માંડવી તેમજ નાયબ કલેક્ટરશ્રી બારડોલી પ્રાંત, માંગરોળ, માંડવી, ઉમરપાડા અને અરેઠ તાલુકામાં પોલીસ અધીક્ષક શ્રી, સુરત ગ્રામ્ય નિયામક શ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ નાયબ કલેક્ટરશ્રી માંડવી પ્રાંત હાજર

અનુસંધાન પાના ૭ પર

# કણાઈ ગામના બળવંત પટેલે પશુપાલન દ્વારા આત્મનિર્ભરતા તરફ પગલું ભર્યું

## ગાય-ભેંસના ઉછેરથી દરરોજ ૨૮ લીટર દૂધનું ઉત્પાદન કરી મહિને રૂ.૩૮ હજારની આવક મેળવી રહ્યાં છે





સુરત, તા.૬

રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલનને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સહાયકારી યોજનાઓ અમલી છે. જેનો લાભ લઈને સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કણાઈ ગામના ૪૮ વર્ષીય બળવંતભાઈ બહાદૂરભાઈ પટેલ પશુપાલન દ્વારા સ્થિર આવક મેળવી આત્મનિર્ભર જીવન જીવી રહ્યા છે.

ધો.૧૨ સુધી અભ્યાસ કરનાર પશુપાલક બળવંતભાઈ વર્ષોથી પરંપરાગત રીતે પશુપાલનનો વ્યવસાય કરે છે. હાલમાં તેમની પાસે ત્રણ ભેંસ અને બે ગાય છે. જેના વૈજ્ઞાનિક કાળજી અને નિભાવથી તેઓ દરરોજ આશરે ૨૮ લીટર દૂધનું ઉત્પાદન કરે છે. દૂધનો મોટો ભાગ નજીકની ડેરીમાં ભરવામાં આવે છે, તેમજ થોડું આસપાસના નાગરિકોમાં વેચાણ કરીને મહિને અંદાજે રૂ.૩૮ હજાર જેટલી આવક પ્રાપ્ત કરી રહ્યા છે.

રાજ્ય સરકારની સહાયકારી યોજનાઓના કારણે પશુપાલન વ્યવસાય વધુ સરળ બન્યો છે. ગાયોના નિભાવ ખર્ચ માટે સરકાર તરફથી તેમને દર મહિને રૂ.૯૦૦ની સહાય મળે છે. ઉપરાંત પશુઓ માટે

અનુસંધાન પાના ૭ પર

# ક્વિઝના વિજેતાઓને ઇનામ એનાયત કરીને સન્માનિત કરાયા

## 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' નિમિત્તે સ્પર્ધા યોજાઈ હતી

સુરત, તા.૬

સૌ માતૃભાષાપ્રેમીઓના સહકારથી વર્ષમાં બે વખત : ૨૪મી ઑગસ્ટ – વીર કવિ નર્મદ જયંતી (વિશ્વ ગુજરાતી ભાષા દિવસ) અને ૨૧મી ફેબ્રુઆરી - 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસે' ભવ્ય ક્વિઝ યોજાશે. સૌ માતૃભાષાને પ્રેમ કરીએ છીએ, પણ તેમાં આપણી સજ્જતા કેટલી છે? આ બાબતને ચકાસવા અને સાચું શીખવાની તેમજ લખવાની પ્રેરણા મળે તેવા ભાવ સાથે 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' નિમિત્તે ક્વિઝનું આયોજન માતૃભાષા ગૌરવ અભિયાનના સંવાહક શ્રી રાજેશકુમાર ધામેલિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ક્વિઝની લિંક લોકો સુધી પહોંચાડવામાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન, ભાષા નિયામકની કચેરી તેમજ વિવિધ માતૃભાષાપ્રેમી સંસ્થાઓનો સાથ-સહકાર સાંપડ્યો હતો. આ સ્પર્ધામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ, અધ્યાપકો, નિવૃત્ત કર્મચારીઓ વગેરે વિવિધ વિભાગના ૧૪૮૩ માતૃભાષાપ્રેમીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. તે પૈકી ૧થી ૫૧ ક્રમમાં સ્થાન પ્રાપ્ત કરનારને ૩૦,૬૦૦ રૂપિયાનાં પુસ્તકો ટપાલ અને કુરિયર દ્વારા મોકલવામાં આવ્યાં હતાં. સુરત શહેરમાં આવેલ મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ આ ક્વિઝમાં સહભાગી થયા હતા. તેમાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને શિક્ષિકા સંગીતાબહેન વાલજીભાઈ પટેલને શાળાના આચાર્ય શ્રી મિતેશભાઈ પ્રજાપતિના વરદ હસ્તે ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ અવસરે માતૃભાષા ગૌરવ અભિયાનના સંવાહક શ્રી રાજેશકુમાર ધામેલિયાએ ક્વિઝમાં વિજેતા બનનાર તેમજ સહભાગી થનાર સૌને અભિનંદન પાઠવ્યા હતા અને સાથ-સહકાર આપનાર સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આગામી યોજના વિશે જણાવ્યું હતું કે, ''સોશિયલ મીડિયાના માધ્યમથી ગુજરાતી ભાષાના જોડણીના નિયમો, અનુસ્વાર, વ્યાકરણ વગેરે વિવિધ બાબતો નિયમિત રીતે શીખવવામાં આવશે. માતૃભાષા સાથે સંકળાયેલી સંસ્થાઓ અને માતૃભાષાપ્રેમીઓના સહકારથી ૨૪મી ઑગસ્ટ – વીર કવિ નર્મદ જયંતી (વિશ્વ ગુજરાતી ભાષા દિવસ) અને ૨૧મી ફેબ્રુઆરી - 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' એમ વર્ષમાં બે વખત ક્વિઝનું ભવ્ય આયોજન કરવામાં આવશે. વિજેતાઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. અમેરિકામાં દર વર્ષે સ્પેલિંગ કૉમ્પિટિશન યોજાય છે, તેમ ગુજરાતમાં આ ક્વિઝ પણ નિયમિત યોજાય તેવો શુભ વિચાર છે. આ શુભ કાર્યમાં સૌનો સહકાર મળી રહેશે એવો દૃઢ વિશ્વાસ છે.



# લોકોને મોબાઇલથી કેમ છુટકારો મેળવવો છે?

સવારે આંખ ખૂલતાની સાથે મોબાઇલ. રાત્રે સૂતા સમયે આંખ મિંચાઇ નહીં ત્યાં સુધી મોબાઇલ. દિવસ દરમિયાન સેંકડો વખત વારંવાર સ્ક્રીન ચેક કરતા રહેવી. આ હવે કોઇની વિશેષ આદત નહીં, પરંતુ મોટાભાગના લોકોની જીવનશૈલી બની ગઇ છે. હવે મોબાઇલમાં નોટિફિકેશન જોવાનું યાદ રાખવું પડતું નથી. આ લોકોની એક આદત બની ગઇ છે, પરંતુ આ સમય દરમિયાન કંઇક બીજું રસપ્રદ અને વિરોધાભાસી પણ બની રહ્યું છે. એક ટ્રેન્ડ ખૂબ ઝડપથી ઊભરી રહ્યો છે- મોબાઇલથી પોતાને દૂર રાખવાનો. લોકો ટેક્નોલોજીનો ત્યાગ નથી કરી રહ્યા, પરંતુ નવી શરતો સાથે તેની સાથે સંબંધ સ્થાપિત કરી રહ્યા છે. કોઇ નોટિફિકેશન બંધ કરી રહ્યા છે તો કોઇ ફોનને ગ્રે સ્કેલ પર મૂકી રહ્યા છે. કોઇ ડમ્બ ફોન ખરીદી રહ્યા છે. તો વળી કેટલાક રવિવારે મોબાઇલ ફોનને કબાટમાં બંધ કરીને તેને તાળું મારી દે છે. મોબાઇલને લઇને તેની તરફેણમાં અને તેના વિરોધમાં એકથી એક ચડિયાતી આદતો વિશ્વનું ધ્યાન ખેંચી રહી છે. તો ચાલો આ બધા પાછળનું કારણ વિગતવાર જાણવાનો પ્રયાસ કરીએ.

તાજેતરનાં વર્ષોમાં એક સામાન્ય અનુભવ સામે આવ્યો છે કે મોબાઇલ લોકોનું ધ્યાન સરળતાથી વિચલિત કરી શકે છે. એ પણ અનુભવાયું છે કે સતત મોબાઇલનો ઉપયોગ કરવાથી અપૂર્ણતાની લાગણી વધે છે. મોબાઇલની લત લાગી જવાથી સમય ક્યાં વીતી જાય છે એનું ભાન રહેતું નથી. આ ઉપરાંત તાજેતરના વર્ષોમાં કેટલાક લોકો એક થાકથી પીડાઇ રહ્યા છે, જે નિષ્ણાતોના મતે મોબાઇલની દેન છે. આવાં જ અનેક કારણો છે જેને કારણે હવે લોકો મોબાઇલથી સંપૂર્ણ નહીં તો વચ્ચે-વચ્ચે ખાસ્સા સમય સુધી છુટકારો મેળવવા માગે છે. તેથી લોકો મોબાઇલથી દૂર રહેવા માટે વિવિધ ઉપાયો અજમાવી રહ્યા છે.

ઘણા લોકો હવે ફક્ત કોલ્સ અને જરૂરી એપ્સના નોટિફિકેશન જ ચાલુ રાખે છે. લોકો વોટ્સએપ ગ્રુપ, સોશ્યલ મીડિયા લાઇક્સ અને ઇમેઇલ એલર્ટ બધું બંધ કરી રહ્યા છે. આથી ફોન હાથમાં લેવાની જરૂરિયાત આપમેળે ઓછી થઇ જાય છે. આ ઉપાય અજમાવનારા લોકો જણાવે છે કે પહેલા તેઓ ૧૨૫ થી ૧૫૦ વખત સુધી સ્ક્રીન અનલોક કરતા હતા, તે હવે નોટિફિકેશન મિનિમલિઝ્મ લાગુ કર્યા બાદ હવે આ સંખ્યા ઘટીને ૪૦ થી ૫૦ થઇ ગઇ છે.

આ મોડનો અર્થ છે કે ફોનની રંગીન દુનિયાને બ્લેક એન્ડ વ્હાઇટમાં ફેરવી નાખવી. ફોનની દુનિયા બ્લેક-વ્હાઇટ થતાં જ રિલ્સમાં લોકોની રુચિ ઓછી થઇ જાય છે. થમ્બ નેલ ઝાંખા લાગવા માંડે છે અને સ્ક્રોલ કરવાનું મન થતું નથી. આ એક નાનકડો ઉપાય છે, પરંતુ તે ખૂબ જ અસરકારક મનોવૈજ્ઞાનિક પરિણામો આપે છે. આ સાથે કેટલાક લોકો તેમના ફોનમાં ડાઉનલોડ કરેલા દરેક મીડિયા એપ માટે દિવસમાં ૨૦ થી ૩૦ મિનિટની લિમિટ નક્કી કરે છે અને લિમિટ પૂર્ણ થતાંની સાથે જ આ એપ્લિકેશનો આપમેળે લોક થઇ જાય છે. જેથી મોબાઇલથી છુટકારો મળી જાય છે. આ ઉપાય શરૂઆતમાં ત્રાસ ઉપજાવનાર સાબિત થાય છે, પરંતુ ૩-૪ દિવસ પછી તે આદત બની જાય છે.

આજકાલ કેટલાક લોકો સવારે જાગ્યા પછી એક થી બે કલાક સુધી પોતાના મોબાઇલ ફોનનો ઉપયોગ કરવાનું ટાળે છે. આ દરમિયાન તેમનો મોબાઇલ સ્વિચ ઓફ રહે છે. જ્યાં સુધી મોબાઇલ સ્વિચ ઓફ રહે છે, તેઓ ફ્રેશ થાય છે, ચા પીવે છે, છાપું વાંચે છે, વ્યાયામ કરે છે અથવા આવું કંઇ નથી કરતા તો આ દરમિયાન માત્ર બારીની બહાર જોવાનું કામ કરે છે. જે લોકો આ ઉપાય અજમાવી રહ્યા છે તેનો અનુભવ છે કે આનાથી આખો દિવસ શાંતિનો અનુભવ થાય છે.

ફોન સંબંધિત બધી ચિંતાઓનું મૂળ સ્માર્ટફોન છે. કારણ કે તેમાં જ વિવિધ મીડિયા કોમ્યુનિકેશન શક્ય છે. જેને ધ્યાનમાં રાખીને કેટલાક લોકો મોબાઇલથી બચવા માટે ડમ્બ ફોન તરફ પાછા વળ્યા છે. લોકો પોતાની પાસે એવા ફોન રાખી રહ્યા છે જેનાથી માત્ર કોલ કરી શકાય, કોલ રિસીવ કરી શકાય અને મેસેજ મોકલી અને મેળવી શકાય. જો કે આવા લોકો તેની પાસે બીજો સ્માર્ટફોન પણ રાખે છે, પરંતુ તેનો ઉપયોગ માત્ર સાંજે નવરાશની પળોમાં એક-બે કલાક કરે છે. આ ઉપાય પણ ખૂબ લોકપ્રિય થઇ રહ્યો છે. લોકોના અનુભવ જણાવે છે કે આ ઉપાય અજમાવ્યા બાદ સરળતાથી તેમની સ્ક્રોલ કરવાની આદત નીકળી ગઇ છે. આ સાથે કેટલાક લોકો સોશ્યલ મીડિયા ફાસ્ટિંગનો ઉપાય અજમાવી રહ્યા છે. ફોનથી દૂર રહેવાનો આ એક બીજો ઉપાય છે. જે રીતે કેટલાક લોકો ધાર્મિક રીતે અઠવાડિયામાં એક કે બે દિવસ ઉપવાસ રાખે છે. લગભગ એવી જ આસ્થા સાથે આ ઉપાય અંતર્ગત લોકો અઠવાડિયામાં એક દિવસ કે ૧૫ દિવસમાં એક દિવસ ફોનથી સંપૂર્ણ રીતે દૂર રહેવાનો ઉપાય અજમાવે છે. આ ઉપાય શરૂઆતમાં ભારે મુશ્કેલીથી પૂર્ણ કરી શકાય છે. કારણ કે એક જ ઝાટકે ૨૪ કલાક મોબાઇલથી દૂર રહેવું સરળ નથી, પરંતુ જ્યારે એક વાર કે બે-ત્રણ વાર આ પ્રયોગ કરવો સંભવ બને છે ત્યાર બાદ લોકોજેમ કેટલાક લોકો બેડરૂમમાં પ્રવેશતા પહેલા ચપ્પલ બહાર કાઢી નાખે છે. એવી જ રીતે કેટલાક લોકો તેમના ફોનને બેડરૂમની બહાર રાખીને સૂવે છે. આ એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે મોટાભાગના લોકો રાત્રે મોબાઇલ તેમના માથા નીચે જ નથી રાખતા પરંતુ ચાર્જિંગની વ્યવસ્થા પણ બાજુમાં જ રાખે છે. આવી સ્થિતિમાં જેઓ આખી રાત પોતાના ફોનને બેડરૂમની બહાર રાખીને તેનાથી દૂર રહેવાની હિંમત દાખવે છે તેમના માટે આ એક મોટી સાધના છે. આના ઘણા ફાયદા છે. બે-ત્રણ દિવસની શરૂઆતની બેચેની પછી ઊંઘમાં સુધારો થવા લાગે છે. રાતનું સ્ક્રોલિંગ સમાપ્ત થાય છે. સવારે અલાર્મ બંધ કરવા માટે સવારે ઊઠવાની જરૂર રહેતી નથી અને આરામદાયક ઊંઘ આવે છે.    હવે લોકો એ વાત સારી રીતે સમજવા લાગ્યા છે કે ફોનનો વધુ પડતો ઉપયોગ માત્ર તેમની આંખો પર જ નહીં પરંતુ ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા, ભાવનાત્મક સ્થિરતા અને ત્યાં સુધી કે આત્મસંતોષની ભાવના પર પણ ઊંડી અસર કરી રહ્યો છે. પોતાના મોબાઇલ ફોનથી દૂર રહેવું એ પોતાની જાત સાથે સંપર્કમાં રહેવા સમાન છે. જે લોકો ફોનનો વધુ પડતો ઉપયોગ કરે છે તેમના અનુભવો દર્શાવે છે કે તેઓ જેટલો વધુ સમય પોતાના ફોન સાથે ગાળે છે તેટલા જ વધુ તેઓ એકલતાનો અનુભવ કરે છે. આવી સ્થિતિમાં ફોન, ફોન ન રહીને એક એવી પ્રેમિકા બની જાય છે જેનાથી અલગ પણ થઇ શકાતું નથી અને જેની સાથે લોકો શાંતિથી રહી પણ શકતા નથી. ઘણા માતા-પિતા તેમના બાળકોની મોબાઇલની આદત છોડાવવા માટે પોતે તેમની સામે ફોનથી દૂર રહીને ઉદાહરણ બેસાડી રહ્યા છે. આ સમગ્ર કવાયતનો ધ્યેય એ છે કે મોબાઇલ ફોન આપણા માલિક ન બને, આપણે જ તેના માલિક રહીએ.







# સુરતના સુવાલી બીચ અને તેની આસપાસના ગામના દરિયાઇ કાંઠા વિસ્તારમાં મરીન ટાસ્કફોર્સ દ્વારા “ સઘન કોસ્ટલ પેટ્રોલીંગ”


**હાલની વૈશ્વિક યુધ્ધની પરિસ્થિતિને ધ્યાને લેતા રાજયની દરીયાઇ સુરક્ષા વધુ સુદ્ઢ બનાવવી અતિઆવશ્યક હોય જેથી મરીન ટાસ્ક ફોર્સના છફ્રુઁ શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ તેમજ IGP શ્રી પી.એલ.માલ સાહેબ  અને S.P શ્રી એસ.જે.પરમાર નાઓના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ હજીરા-સુરત દ્વારા પો.ઇન્સ.શ્રી એમ.એમ.જાંબુકીયાના નેતૃત્વમાં મરીન સેકટર હજીરાના તમામ મરીન કમાન્ડો દ્વારા અલગ અલગ ટીમ બનાવી તા.૦૫.૦૩.૨૦૨૬ ના રોજ સુંવાલીબીચ અને તેની આસપાસના દરીયાકાંઠા વિસ્તારમા સઘન કોસ્ટલ પેટ્રોલીંગ કરવામાં આવેલ. આ ”સઘન કોસ્ટલ પેટ્રોલીંગ” દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઇસમો, શંકાસ્પદ બોટો, તેમજ અવાવરૂ જગ્યાઓનું ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું.**

# ક્રિસ્ટિયાનસાન્ડમાં નોર્વેનાં વાદળો વચ્ચે પણ ઉજાસ...

ઓસ્લો એરપોર્ટ પર સમય એક વાર વીતી ગયો પછી લાગ્યું કે એટલો પણ કંટાળો નહોતો આવ્યો. ખાસ તો મિત્રો આવી ગયાં, તેમની બેગ્સ પણ સહીસલામત પાછી આવી ગઈ અને નોર્વેના આ લાંબા અને હાઈકથી ભરેલા છતાંય રિલેક્સિંગ પ્રવાસમાંથી માત્ર ચાર-પાંચ કલાક જ વેસ્ટ થયેલા. આમ જુઓ તો એ વાત પર અકળાઈને વધુ સમય કે એનર્જી વેડફી શકાય તેમ હતું, પણ અમે બધાં એકદમ મોજમાં હતાં.

આવું વેકેશન મિત્રો સાથે કરવા મળતું હોય તો કંઈક તો આડુંઅવળું થાય, તેના માટે અમે આમ પણ તૈયાર જ રહેતાં. આ વખતે પ્રવાસની શરૂઆતમાં જ બની ગયું એટલે હવે ક્યાંય પણ કોઈ તકલીફ પડશે તો પણ અમે ઘણી અકળામણ જોઈ ચૂક્યાં છીએ એમ વિચારીને હસતાં રહીશું. એમ કોઈ બોલ્યું નહીં, પણ બધાંને મનમાં એમ જ લાગતું હશે એ વિચારે અમે કાર રેન્ટલનાં પાર્કિંગમાં ગયાં. ત્યારે ક્યાં ખબર હતી કે આજની કસોટી હજી પૂરી નથી થઈ. કારની ચાવી તો અમે ક્યારની લઈ ચૂક્યાં હતાં. મજાની મોટી એસયુવીમાં બધાંનો સામાન ગોઠવાયો. આનલ એક મોટો પર્પલ થેલો લાવી હતી. તેને જીવની જેમ સાચવીને સૌથી ઉપર મૂક્યો. તેમાં કોઈ પ્રાઈવેટ ચીજો નહીં, દેશી નાસ્તો હતો. આ પહેલાં આર્જેન્ટિનાના બુએનોસ એરેસના એરપોર્ટ પર તેમણે ન્યુ જર્સીથી સાથે લાવેલાં થેપલાં અને અથાણાંએ જમાવટ કરી હતી. અમને જર્મનીમાં હજી પ્રમાણમાં મર્યાદિત દેશી નાસ્તો મળે છે એટલે જીગર અને આનલ સાથે ટ્રિપ ગોઠવાય એટલે એ લોકો સાથે મજાનો નાસ્તો લાવશે એ પણ નક્કી જ હોય. અમેરિકા એ લેવલ પર દેશી બની ચૂક્યું છે કે ત્યાંથી ઢગલા મોઢે ગુજરાતી ફરસાણની ઉજાણી કરવા માટે સ્કેન્ડિનેવિયા પણ પર્પલ રંગના એટ્રેક્ટિવ અને મોટા થેલા પહોંચી જતાં





હતાં. તે પછી તો એ થેલાએ છેલ્લા દિવસ સુધી સાથ આપ્યો. તેમાં અમે થોડા નોર્વેજિયન નાસ્તા પણ ઉમેરતાં જતાં હતાં. હવે પહેલાં તો પ્લાન એવો હતો કે બધાં સવારનાં પહોરમાં પહોંચી જઈશું અને સાંજે અંધારું થાય તે પહેલાં છ-સાત કલાકની ડ્રાઈવ પર બ્રેક લઈને જવામાં પણ આરામથી પહોંચી જવાશે એ બરાબર શક્ય લાગતું હતું. હવે વાત એમ હતી કે અમે છેક રાત્રે દસ વાગ્યે સ્ટાવાન્ગર પહોંચીએ એવા ચાન્સ હતા. અને નોર્વે જર્મની નથી, છતાંય ત્યાં પણ સાંજ પડ્યે બધું બંધ થઈ જવાની પૂરેપૂરી શક્યતા હતી જ. અમારી સાથે નાસ્તા ભરેલી ગાડી ભલે હોય, ક્યાંક આરામથી જમવા તો બેસવું જ પડશે એ નક્કી થયું. એવામાં રસ્તામાં ચાર કલાકે ક્રિસ્ટિયાનસાન્ડ નામે ગામ આવતું હતું. ત્યાં કોઈ સારી રેસ્ટોરાં જોઈને બ્રેક લઈશું, થોડો ગામમાં આંટો મારીશું અને ગાડી આગળ ચલાવીશું એવું  વિચારેલું. ત્યારે ક્યાં ખબર હતી કે નોર્વેના રોડ્સ પર જર્મનીની જેમ અનલિમિટેડ સ્પીડ સ્ટ્રેચ નથી આવતા. વળી ઘણા રસ્તાઓ મુશ્કેલ લેન્ડસ્કેપમાં એવી રીતે બનેલા છે કે ત્યાં ધીમે જ ચલાવવું પડે. તેમાં ઓસ્લોથી થોડું બહાર નીકળતાં જ ઘણો ટ્રાફિક પણ નડ્યો. સાવ જેવો તેવો નહીં, પંદર મિનિટ એકની એક જગ્યાએ પડ્યા રહેવું પડ્યું. જીગરે પોતાના એઆઇ એજન્ટને કાર સાથે કનેક્ટ કરી દીધેલો અને તેની પાસે અમે બધાં આ ટ્રિપની આઈટનરરીના પ્રશ્નો પૂછીને મજા લેવા લાગ્યાં હતાં. એ જ એજન્ટે અમને ક્રિસ્ટિયાનસાન્ડ ગામમાં સ્જોહુસેટ નામે એક રેસ્ટોરાં પણ સજેસ્ટ કરેલી. અમે એરપોર્ટ પરથી છૂટ્યાં પછી કોઈને ખાસ ખાવા-પીવાનો મેળ પડ્યો ન હતો. ટ્રાફિકમાંથી ક્યાંય રોડસાઇડ રેસ્ટોરાં જેવું પણ નહોતું આવતું જ્યાં બ્રેક લઈ શકાય.


# હૈદરાબાદ-ઈટલી કે સ્વિટ્ઝર્લેન્ડ- પાણીનો ફુવારો પ્રેમનું પ્રતીક છે...

પ્રેમ અને પાણી વચ્ચે અનોખો સંબંધ છે. પ્રેમમાં પ્રિયતમ પાણી પાણી થઈ જતો હોય છે અને પાણીદાર પ્રેમી માટે પ્રિયતમા સર્વસ્વ ન્યોછાવર કરતી હોય છે. ઉપરથી નીચે વહેવું એ પાણીની પ્રકૃતિ છે જ્યારે પ્રેમમાં ઉપરની દિશામાં ઉછળવું એ મનુષ્યની પ્રકૃતિ છે. અંગ્રેજીમાં 'ફાઉન્ટન' અને ગુજરાતીમાં આપણે જેને 'ફુવારો' તરીકે ઓળખીએ છીએ એમાં પાણી નીચેથી ઉપર તરફ ઉછળતું હોવાથી એ પ્રેમનું પ્રતીક છે.

પ્રેમમાં પડવામાં પણ ઉછળવાની વૃત્તિ જ ડોકિયાં કરે છે ને. 'થોડા સા રૂમાની હો જાએ'માં નાના પાટેકરનો પાણીનો સંવાદ સાંભળતી વખતે

કે પછી 'નૌશેરવાન-એ-આદિલ'નું યુગલગીત 'ભૂલ જાયેં સારે ગમ, ડૂબ જાયેં પ્યાર મેં' યુ ટ્યૂબ પર જોતા-સાંભળતા પાણીના ફુવારા પાસે દેખાતી માલા સિંહામાં તમને તમારા પ્રિય પાત્રની ઝાંખી અવશ્ય થાય. એ પાણીના ફુવારાની કમાલ છે. દેશ-વિદેશની ભ્રમણ યાત્રામાં પાણીના ફુવારાથી દિલ-દિમાગમાં એવું સિંચન થયું છે કે ભીતરનો પ્રદેશ કાયમ લીલોછમ રહે છે. કેટલાક ફુવારાની ફોરમ માણીએ.







### વોટર જેટ, જીનિવા

સ્વિસ વ્હેર યુ ડોન્ટ વોન્ટ ટુ મીસ એનિથિંગ...યુરોપના પ્રવાસમાં સ્વિટ્ઝર્લેન્ડ જવાની લાલચ કોઈ ન રોકી શકે અને દેખવું એટલું દેખી લેવાની ઈચ્છા થાય એવો એનો પ્રભાવ છે. જીનિવા શહેર વિશેષ તો રાજદ્વારી બાબત સાથે સંબંધ ધરાવે છે. આ શહેર 'યુનાઈટેડ નેશન્સ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' અને 'વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન'ના કાર્યાલયનું સરનામું છે. સિવાય વૈજ્ઞાનિક સંશોધનને ઉત્તેજન આપતી વિશ્વવિખ્યાત 'ફિઝિક્સ લૅબોરેટરી યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ન્યુક્લિયર રિસર્ચ' પણ આ જ શહેરમાં છે.

જોકે, સ્વિસ ચોકલેટ અને રોલેક્સ તેમજ કાર્ટિએ લક્ઝરી બ્રાન્ડ રિસ્ટ વૉચ માટે પણ જીનિવા જાણીતું છે. આ ભૌતિકવાદના પરિચય સાથે જીનિવા પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતો વોટર ફાઉન્ટન (વોટર જેટ) માટે પણ ખ્યાતિ ધરાવે છે. યુરોપ ટૂરમાં આયોજન એવી રીતે થયું હતું કે અમે વોટર જેટ પાસે પહોંચ્યા ત્યારે સંધ્યાટાણું થયું હતું. પરિણામે દિવસના થોડા ઉજાસમાં અને સૂર્ય રોશની વિના રંગીન આહલાદક ફુવારો જોવાનો લહાવો મળ્યો.

નાગરિકોના પાણી પુરવઠાની સમસ્યાના ઉપાય તરીકે ૧૮૮૬માં અસ્તિત્વમાં આવેલો આ ફુવારો બહુ જલદી સહેલાણીઓમાં આકર્ષણ બની ગયો. અત્યારે જે વોટર જેટ છે એ ૧૯૫૧માં અસ્તિત્વમાં આવ્યો હતો. બંધાયો ત્યારે એનું પાણી ફક્ત ૩૦ મીટર ઊંચાઈ સુધી ઉછળતું હતું. આજની તારીખમાં ૧૪૦ મીટર ઊંચે ઊડે છે. આ ફુવારાની લાઈટિંગની વાત પણ રસપ્રદ છે. કોઈ પ્રસંગની ઉજવણી અથવા અંજલિ આપવા પાણીને રંગ આપવામાં આવે છે.

પેરિસમાં ૨૦૧૬માં થયેલા આતંકવાદી હુમલા પછી વોટર જેટમાં ફ્રેન્ચ ધ્વજના ત્રણ રંગ બ્લુ, વાઈટ ને રેડ કલરના શેડ જોવા મળતા હતા. બારમાસી હોવાથી ફુવારાનું સંચાલન કરતી કંપનીના પાંચ નિવૃત્ત કર્મચારી એની દેખરેખ કરે છે અને તેમને હવામાનના કારણસર જરૂરી લાગે ત્યારે આ ફુવારો બંધ કરી દે છે.

### હુસેન સાગર સંગીતમય ફુવારો

હૈદરાબાદ નામ પડતા જ વિશ્વ પ્રસિદ્ધ પાયા - બિરિયાની (પાયા નહીં ખાયા તો ક્યા ખાયા) યાદ આવે. પછી તરત ગોલકોંડા કિલ્લો અને રામોજી ફિલ્મ સિટીનું સ્મરણ થાય. તરત શ્રીમતી ચાર મિનાર અને એના બંગડી બજાર અને હૈદરાબાદી પોચમપલ્લી સાડીના ઉલ્લેખ સાથે માહિતીમાં ઉમેરો કરે. જોકે, બે વર્ષથી હૈદરાબાદના નયનરમ્ય સ્થળમાં એક નવું નામ ઉમેરાયું છે: હુસેન સાગર મ્યુઝિકલ ફાઉન્ટન. છેલ્લા કેટલાંક વર્ષોમાં જનતાને મોહિત કરી દેતા લેઝર શોનું ચલણ ખાસ્સું વધ્યું છે.

હૈદરાબાદના આ ફુવારામાં પાણીની અંદર ગોઠવેલી એલઈડી લાઈટ્સથી પાણી અને પ્રકાશનું રચાતું અદ્ભુત સંયોજન નીરખી પાણી પાણી થઈ જવાય. ૮૦૦ નાળચામાંથી ઉછળતું પાણી જ્યારે સંગીતના તાલ પર નૃત્ય કરતું નજરે પડે ત્યારે બત્રીસ કોઠે દીવા થયા હોય એવી લાગણી સાથે દિલ બાગ બાગ થઈ જાય. ટૂરિસ્ટ એટ્રેક્શન બની ગયેલા આ ફુવારાનું પાણી વિવિધ રંગ ધારણ કરી ૯૦ મીટરની ઊંચાઈએ ઊડે ત્યારે પ્રત્યેક પ્રેમી જીવ વિહંગ બની આસમાનમાં ઊડવા લાગે છે. નજીકમાં આવેલા ગૌતમ બુદ્ધનું સ્મરણ કરાવતા 'લુમ્બિની પાર્ક'માં અનુભવેલી આધ્યાત્મ શાંતિ પછી આ મ્યુઝિકલ ફાઉન્ટનના અનુભવ સામે શહેરના અન્ય આકર્ષણ ઝાંખા પડી જાય.

### ધ ઈટાલિયન ફાઉન્ટન્સ

રોમ ભડકે બળતું હતું ત્યારે સમ્રાટ નીરો વાજિંત્ર વગાડતો હતો જેવી પીડાદાયક ઓળખ ધરાવતી ઈટલીની રાજધાની અન્ય કારણસર પણ ખ્યાતિ ધરાવે છે. કોલોઝિયમ, વેટિકન સિટી, પિઝા અને ફાઉન્ટન - ફુવારા માટે પણ રોમ ખ્યાતિ ધરાવે છે. રોમના રોકાણ દરમિયાન સ્પેશ્યલ ગાઈડ પાસે જાણવા મળ્યું કે શહેરના આઠથી દસ ફાઉન્ટનની મુલાકાત જરૂર લેવી જોઈએ. અલબત્ત, એ શક્ય નહોતું પણ બે ફુવારા ફાઉન્ટન ઑફ ધ ફોર રિવર્સ અને ટ્રેવિસ ફાઉન્ટન જોવાનો મોકો જરૂર મળ્યો. ફુવારાનો ઈતિહાસ રોમન સામ્રાજ્યના ઈતિહાસ (ઈ. સ. પૂર્વે ૨૭થી ઈ. સ. ૪૬૭) જેટલો પ્રાચીન છે.

## લામા પવેલિયન - ચિલી

સ્થપતિ પેજો જોન એલ્રિચશૌસેન દ્વારા નિર્ધારિત કરાયેલ આ 'આઉટલુક ટાવર' એક એકદમ સાદગી ભરેલી પણ રસ ઉત્પન્ન કરી શકે તેવી રચના છે. આ એક ઈન્સ્ટોલેશન શૈલીનું, ન્યૂનતમવાદી, ભૌમિતિક આકાર માટેનો દ્રઢ લગાવ દર્શાવતું, સરળ મકાન છે. દૂર જંગલની વચમાં આ આકાર વિરોધાભાસ ઊભો કરે છે અને આજુબાજુની પરિસ્થિતિ સાથે એક વિશેષ પ્રકારનો સંબંધ પણ સ્થાપે છે.આ એક નાનું બાંધકામ છે જે રોજિંદા ઉપયોગ માટે હોય તેમ લાગતું નથી. ક્યારેક અહીં આવીને અમુક સમય પસાર થઈ શકે. બની શકે કે આ રચના નજીકના કોઈ ઘરના સાનિધ્યમાં બનાવાઈ હોય. એક રીતે જોતાં આ મકાન ભલે આજુબાજુની પરિસ્થિતિ સાથે દશ્ય સંપર્ક માટે આ રીતે બનાવાયું હોય પણ તેમાં જે રીતે ઓપનિંગ્સ રખાયાં છે, જે રીતે ઉપયોગમાં ન આવે એવી બાલકની કહી શકાય તેવી પાણી માટેની પ્લેટ બનાવાઇ છે, જ્યાં અગાસીનો મહત્તમ ઉપયોગ જરૂરી પણ હોય અને સંભવ પણ હોય ત્યાં તેની અવગણના થઈ છે - તે જોતાં તો એમ જણાય છે કે આ મકાનમાં આ બેસવા કરતાં બહાર ખુરશી નાખીને બેસવાની વધારે મજા આવે. સ્થાપત્યનો આ મૂળભૂત પ્રશ્ન છે. અહીં જે પ્રકારના દાવા કરવામાં આવે છે તે પ્રકારની હકીકત જોવા નથી મળતી. આ મકાન તેની ભૌમિતિક દ્રઢતાને કારણે ઉલ્લેખનીય છે પણ તેની ઉપયોગિતાની સફળતા માટે પ્રશ્નો તો છે જ.ઉપયોગિતાની દ્રષ્ટિએ અહીં કશું જ નિર્ધારીત નથી. બધું જ થઈ શકે. એમ પણ કહી શકાય કે અહીં શું શું થઈ શકે તે વિશે વ્યક્તિને વિચાર કરવો પડે. અહીં જે રીતે સ્થાન નિર્ધારણ થયું છે તે, સામાન્ય સમજ પ્રમાણે, કોઈપણ પ્રકારની ઉપયોગિતા માટે સૂચન નથી કરતું. એક પ્રતિક તરીકે કાં તો એક સ્મારક તરીકે આ પ્રકારની રચના માન્ય બને.ઉપયોગિતાની દ્રષ્ટિએ આ મકાન માટે કેટલાક પ્રશ્નો હોઈ શકે પણ તેની દ્રશ્ય અનુભૂતિ સમૃદ્ધ છે. સન ૨૦૨૩માં તૈયાર થયેલ માત્ર ૩૫ ચોરસ મીટર વિસ્તારની આ રચના આમ તો ઉલ્લેખનીય નથી, પરંતુ તેની પાછળ જે દ્રઢ કન્વિકશન છે તે વાત અનોખી છે. એમ કહી શકાય કે આ ટાવર એક ઊભી સીડીની ચારેબાજુ ઘનાકાર ગોઠવીને કરી દેવાઇ છે.  ઝૂંપડી છે, જેની અંદર ઝૂંપડી જેવી ન્યૂનતમતાનો અનુભવ થઈ શકે. વાસ્તવમાં આમ થતું હશે કે કેમ તે એક પ્રશ્ન છે. કારણ કે જ્યાં સ્થાપત્યનો આકાર, તેની સામગ્રી, તેમાં પ્રયોજાયેલ ભૂમિતિ તથા બહારના વિશ્વ સાથેનો તેનો સંપર્ક આધુનિક કહી શકાય તે શૈલીનો હોય તો પછી ત્યાં ઝૂંપડાની અનુભૂતિ મુશ્કેલ તો બને.એકાંતમાં થતી એકાંતની દ્રઢ અનુભૂતિ, ચારે દિશાને અપાયેલ સમાન પ્રતિભાવ, શક્ય હોય તેટલી-હદ સુધીની સાદગી, ટાવરની ઊંચાઈની દ્રશ્ય અનુભૂતિને તોડવા માટે પાણીનો કરાયેલ અસરકારક ઉપયોગ, રફ કોન્ક્રીટના ચોસલાની અંદર વિરોધાભાસ સમાન જણાતી લોખંડની સર્પાકાર જાળી, સ્થાપત્યના ભાગ તરીકે જ ભીતચિત્રનો ઉપયોગ, બંધિયાર ચોસલા તથા તેનાં ઓપનિંગ્સ વચ્ચે ગાણિતિક સંબંધ, પાણીની પ્લેટથી ઊભી થતી નાટકીયતા, કોઈપણ પ્રકારનું ખલેલ ન પહોંચાડી શકે તેવું વિગતીકરણ અને આ બધા સાથે ઊંચાઈને કારણે સ્થાપિત થતું મહત્ત્વ - આ પેવેલિયનની આ ખાસિયત છે.એમ જણાય છે કે આની રચના બે અલગ ટાવરને પરસ્પર જોડીને નિર્ધારિત કરાઇ છે. ક્યારેક ટાવરના ઉપરના ભાગનું પ્રતિબિંબ નીચે પડતું હોય તેમ જણાય છે. આમ થવાનું કારણ એ છે કે વચ્ચે પાણીની પ્લેટ મૂકવામાં આવી છે અને ઉપરનો અને નીચેનો, બંને ભાગ લગભગ સમાન બનાવાયા છે. આ પાણીની પ્લેટ ચારે બાજુ ઝૂલતી-કેન્ટીલીવર છે, જેમાં પાણી એકત્રિત થાય છે.

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા. ૦૬ માર્ચ ૨૦૨૬**

# ક્રૂડના પડકાર સામે ભારત આત્મનિર્ભરતા કેળવે

સતત વિકાસ સાધી રહેલા અને દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવતા ભારતની સામે ફરી એક વખત ઈંધણની કટોકટીનું જોખમ ઊભું થયું છે. અમેરિકા અને ઈઝરાયલના આક્રમણની સામે વળતા હુમલા કરી રહેલા ઈરાને આસપાસના તેલ સમૃદ્ધ આરબ દેશોને જે રીતે નુકસાન પહોંચાડવું શરૂ કર્યું છે તેનાથી દુનિયામાં અને તેમાં પણ ભારતમાં ક્રૂડતેલના પુરવઠા પર અસર પડી રહી છે. ભારત સરકારે આ પડકારને પહોંચી વળવા કમર કસી લીધી છે અને મળતા અહેવાલ મુજબ રશિયા પાસેથી વધુ ક્રૂડ ખરીદીને અખાતના દેશોની ખાધને સરભર કરવાની વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. આવામાં ઈંધણના પુરવઠાને જાળવવા કાયમી વિકલ્પ હાથવગા રાખવાની સાથોસાથ ક્રૂડના મામલે આત્મનિર્ભરતા વધારવાનાં પગલાંની તાકીદની અનિવાર્યતા છતી થઈ છે. આમ તો સરકારના ટોચનાં વર્તુળોએ દાવો કર્યો છે કે, ભારત પાસે ૨૫ દિવસના ક્રૂડતેલ અને ઈંધણનો જથ્થો ઉપલબ્ધ છે. જો કે, સ્થિતિની ગંભીરતાને

અનુરૂપ પેટ્રોલિયમ મંત્રાલયે ૨૪ કલાક નજર રાખવાનું શરૂ કર્યું છે. જો કે, નિષ્ણાતો માને છે કે, ભારત જેવા વિશાળ દેશમાં ૨૫ દિવસનો ઈંધણ કે ક્રૂડનો જથ્થો મધ્યમ ગણી શકાય. ખેરખર તો ક્રૂડના જથ્થાના પુરવઠાની ચેઈન, ભાવો અને રાજદ્વારી અસરો પણ આ ચક્રનો ભાગ બની રહે છે. તેવામાં પુરવઠો ઓછો થાય કે ભાવો વધે તેની અસર છેક છેવાડાના નાગરિકોના આર્થિક ગણિત પર પડી જતી હોય છે. ભારત વિશ્વમાં ક્રૂડતેલની આયાતમાં ત્રીજા ક્રમે છે. આમાંથી દેશની ૫૦ ટકા આયાત અખાતના દેશોમાંથી થાય છે. જાન્યુઆરી મહિનાના આંકડા મુજબ ભારતે રોજનું ૨૭.૪ લાખ બેરલ તેલ આ દેશોમાંથી આયાત કર્યું હતું. હાલત એવી છે કે, આ અશાંત પરિસ્થિતિમાં પુરવઠા ઉપરાંત હોર્મુઝની ખાડીમાં હુમલાના ભય તળે દરિયાઈ પરિવહન પર અસર પડી છે. આવનારા દિવસોમાં પુરવઠો અને પરિવહન ફરી પાટે ચડે એવી આશા રખાઈ રહી છે. આમ છતાં આવા સંજોગોમાં તેલના ભાવો તો વધી જશે એ વાત નક્કી મનાઈ રહી છે, તેલના ભાવો વધે તો તેની અસર સરકારનાં બજેટથી માંડીને સામાન્ય માનવીના ખીસ્સા સુધી પડશે. ભારતે ગયા નાણાકીય વર્ષ દરમ્યાન ક્રૂડતેલની આયાત પાછળ ૧૩૭ અબજ ડોલર ખર્ચ્યા હતા. ઈરાકની ઉપર અમેરિકાનું આક્રમણ હોય કે કુવૈત પર ઈરાકનો કબજો હોઈ દરેક વખતે દુનિયામાં ક્રૂડતેલની અછત અને ભાવોમાં વધારાનો પડકાર ઊભો થતો રહ્યો છે. આમાં ભારતને સૌથીવધુ વેઠવું પડતું રહ્યંઅ છે. હવે સમય આવી ગયો છે કે, ભારતે ઊર્જાના મામલે આત્મનિર્ભર થવાના પ્રયાસોને વધારવા પર ધ્યાન આપવાની જરૂરત છે. ભારતે વૈકલ્પિક ઊર્જા, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રિક વાહનો જેવા પ્રોજેક્ટનાં ચલણનો વ્યાપ વધારીને પેટ્રોલિયમના પડકારનો માર્ગ શોધી શકાય. તેની સાથોસાથ ક્રૂડ કે પેટ્રોલિયમ પેદાશોના વ્યૂહાત્મક ભંડારનો વિસ્તાર કરીને આવી કટોકટીની સામે સજ્જતા વધારવાનાં પગલાં પર પણ સરકારે હવે ગંભીરતા સાથે ધ્યાન આપવાની જરૂરત છે.

# નીતીશકુમાર રાજ્યસભામાં...

બિહારના મુખ્યપ્રધાન નીતીશકુમારે આખરે રાજ્યસભાની ચૂંટણી માટે ફોર્મ ઉપર સહી કરતાં રાજકીય વર્તુળોમાં થતી અટકળો અને અનિશ્ચિતતાનો અંત આવ્યો છે. અલબત્ત, નીતીશકુમાર રાજ્યસભાની બેઠકની ચૂંટણીનું પરિણામ જાહેર થાય તે પછી મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપશે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને જનતા દળના મોરચાને અભૂતપૂર્વ - ૮૦ ટકા બેઠકો મળ્યા પછી નીતીશકુમારની ઈચ્છા અને આગ્રહ મુજબ ભાજપે એમને મુખ્યપ્રધાન પદ આપ્યું હતું. રાજકીય ઈતિહાસમાં દસમી વખત મુખ્યપ્રધાન પદ મેળવનારા એકમાત્ર નીતીશકુમાર છે. વિધાનસભાની ૨૪૩માંથી ૨૦૨ બેઠક મેળવી તેમાં જનતાદળ (યુ)ની ૮૫ અને ભાજપને ૮૯ બેઠક મળી છે. આમ છતાં સિનિયર નેતાના હિસાબે અને વિજયમાં એમનાં યોગદાનની કદરરૂપે ભાજપે મુખ્યપ્રધાન પદનો આગ્રહ રાખ્યો નહોતો - પણ હવે બિહારનું મુખ્યપ્રધાન પદ પ્રથમ વખત ભાજપને મળશે. મુખ્યપ્રધાન પદે માત્ર ચાર મહિના થયા છે, ત્યારે આ પરિવર્તન એમની કામગીરીના આધારે નહીં, પણ કથળી રહેલા સ્વાસ્થ્યનાં કારણે છે. આવનારા સમયમાં મુખ્યપ્રધાનનું સ્વાસ્થ્ય વિપક્ષોનું શત્ર બને નહીં તેની સાવધાની પરિવર્તન માટે મુખ્ય કારણ હોવાનું જણાય છે. બિહાર વિધાનસભાની ચૂંટણી પાંચ વર્ષ પછી આવશે, પણ લોકસભાની ચૂંટણી ત્રણ વર્ષમાં આવે ત્યારે બિહારમાં ભાજપની લોકપ્રિયતા અને કામગીરી બતાવી શકાય અને લોકસભાનાં સંખ્યાબળમાં પૂરો હિસ્સો મળે તેવી ગણતરીથી ભાજપની નેતાગીરીએ આ નિર્ણય લીધો છે. નેતા બદલવાની પ્રક્રિયા પણ નીતીશકુમારની મંજૂરીથી થઈ રહી છે, તેથી કોઈ વિવાદ થવાને અવકાશ નથી. નીતીશકુમારના પુત્ર નિશાંત રાજકીય વારસો સંભાળવા તત્પર છે અને એમનું નામ રાજ્યસભાની બેઠક માટે બોલાતું હતું, પણ આખરે પિતાની સલાહ મુજબ નિશાંત રાજ્યમાં જ રાજકારણના પાઠ શીખવા તૈયાર થયા છે. ભાજપની વ્યવસ્થા-વ્યૂહ મુજબ નીતીશકુમારની નિવૃત્તિને બદલે વડીલોના ગૃહ ગણાતા રાજ્યસભાના ગૃહમાં સ્થાન મળે તો પરિવર્તન પછી નવા મુખ્યપ્રધાનનો પ્રશ્ન કે વિવાદ રહે નહીં. આર.જે.ડી. તથા કોંગ્રેસ આ પરિવર્તનની ટીકા કરે તે સ્વાભાવિક છે, કારણ કે, એમના માટે હવે વિપક્ષની બેઠકો અનામત છે! વિપક્ષી નેતાએ નીતીશકુમારનાં ભાવિ સ્થળાંતરને વેનેઝુએલાના વડાપ્રધાનના અપહરણ સાથે સરખાવીને સંતોષ લીધો છે!

**વિધાનસભાની ૨૪૩માંથી ૨૦૨ બેઠક મેળવી તેમાં જનતાદળ (યુ)ની ૮૫ અને ભાજપને ૮૯ બેઠક મળી છે. આમ છતાં સિનિયર નેતાના હિસાબે અને વિજયમાં એમનાં યોગદાનની કદરરૂપે ભાજપે મુખ્યપ્રધાન પદનો આગ્રહ રાખ્યો નહોતો**

---

**નીતીશ લોકોને મૂરખ સમજીને ઉઠાં ભણાવી રહ્યા છે પણ આ વાત કોણ માને ?**

# નીતીશે દીકરા માટે સોદાબાજી કરી કે ભાજપે ગેમ કરી નાખી?

### મુખ્ય પ્રધનપદે નીતીશની આ દસમી ટર્મ છે ને ૨૦ વર્ષથી એ મુખ્ય પ્રધાનપદે જામેલા છે.

નીતીશ કુમારે અચાનક જ બિહારના મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપીને રાજ્યસભામાં જવાની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા. હોળીનો માહોલ છે તેથી ધુળેટીના દિવસે આ વાત બહાર આવી ત્યારે પહેલાં તો સૌને લાગેલું કે હોળીની મજાકમાં આ વાત વહેતી થઈ છે તેથી વાતને ગંભીરતાથી નહોતી લેવાઈ. ધુળેટીના બીજા દિવસે નીતીશે પોતે રાજ્યસભામાં જવાનું એલાન કરીને આ વાત સાચી હોવાનું જાહેર કર્યું ત્યારે સૌને ખરેખર આંચકો લાગી ગયો કેમ કે નીતીશ માટે અત્યારે વિદાય થવાનું કોઈ કારણ નથી.

મુખ્ય પ્રધનપદે નીતીશની આ દસમી ટર્મ છે ને ૨૦ વર્ષથી એ મુખ્ય પ્રધાનપદે જામેલા છે. વચ્ચે જીતનરામ માંઝીને સવા વર્ષ મુખ્ય પ્રધાન બનાવ્યા એ સિવાય ૨૦૦૫થી નીતીશ બિહારની ગાદી પર ગૂંચળું વાળીને બેઠા છે. ભાજપે તેમને હટાવવા માટે બહુ મથામણ કરી જોઈ પણ નીતીશ મચક નહોતા આપતા. સત્તા ટકાવવા માટે નીતીશ કુમારે બે વાર તો ભાજપને તડકે મૂકીને લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ સાથે નાતરાં પણ કરી લીધાં. એ પછી ભાજપે પણ હથિયાર હેઠાં મૂકીને પડ્યું પાનું નિભાવી લેવાનું નક્કી કરીને નીતીશ કુમારને સ્વીકારી લીધા હતા તેથી નીતીશ પર કોઈ ખતરો નહોતો. ત્રણ મહિના પહેલાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં નીતીશે જેડીયુ-ભાજપના જોડાણને જોરદાર જીત અપાવી પછી તો નીતીશ પરનો રહ્યોસહ્યો ખતરો પણ જતો રહ્યો હતો. મહિલાઓના ખાતામાં રોકડ જમા કરાવીને નીતીશે જેડીયુને પણ ફરી બેઠી કરી નાખેલી ને ભાજપની લગોલગ બેઠકો જીતીને વટ પાડી દીધેલો. આ પરિણામો પછી સૌને લાગતું હતું કે, નીતીશ હવે બીજાં પાંચ વર્ષ માટે જામી ગયા ને હવે ૨૦૩૦ લગી નહીં ઉખડે ને ત્યાં જ નીતીશે બિહારને અલવિદા કરવાનું નક્કી કર્યું તેથી આંચકો લાગવો સ્વાભાવિક છે. નીતીશે રાજીનામું આપવા માટે અત્યંત હાસ્યાસ્પદ કારણ આપ્યું છે. નીતીશના કહેવા પ્રમાણે પોતે રાજકારણમાં આવ્યા ત્યારે નક્કી કરેલું કે, ધારાસભામાં બંને ગૃહ વિધાન સભા અને વિધાન પરિષદ તથા સંસદનાં બંને ગૃહ લોકસભા અને રાજ્યસભાના સભ્ય બનવાની પોતાની મહેચ્છા હતી. પોતે વિધાનસભા, વિધાન પરિષદ અને લોકસભાના સભ્ય બન્યા પણ રાજ્યસભાના સભ્ય બનવાની ઈચ્છા પૂરી નહોતી થઈ. હવે પોતે આ ઈચ્છા પૂરી કરવા જઈ રહ્યા છે.

નીતીશ લોકોને મૂરખ સમજીને ઉઠાં ભણાવી રહ્યા છે પણ આ વાત કોણ માને ? કોઈ રાજ્યસભામાં સભ્ય બનવા માટે એક રાજ્યના સર્વસત્તાધીશ એવા મુખ્ય પ્રધાનનો હોદ્દો છોડે ખરું ? ને એ પણ નીતીશ કુમાર ? જે માણસ સત્તા માટે જાત જાતનાં ત્રાગાં ને લાલુ-તેજસ્વી જેવાં છાપેલાં કાટલાં સાથે નાતરાં કરી શકે એ આવી છૂંછાં જેવી ઈચ્છા પૂરી કરવા માટે મુખ્ય પ્રધાનપદ છોડે ખરો ? નીતીશની વાત કહેતા બી દીવાના ઔર સુનતા બી દીવાના જેવી છે પણ રાજકારણીઓ આવી વાતો કરતા હોય છે. સાચું કહી ના શકાય એમ હોય એટલે ગમે તે ગોળી લોકોને ગળાવવી તો પડે ને ?નીતીશે કેમ મુખ્ય પ્રધાનપદ છોડવું પડ્યું એ ખબર નથી પણ અમિત શાહ તેમને નડી ગયાનું કહેવાય છે. બિહારમાં ગયા વરસે યોજાયેલી વિધાનસભાની ચૂંટણી પછી ૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ પટણાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં નીતીશ કુમારે મુખ્ય પ્રધાનપદના શપથ લી ધા હતા. એ વખતે ભાજપ અને ખાસ તો અમિત શાહે નીતીશને બદલે બીજા કોઈને મુખ્ય પ્રધાનપદે બેસાડવાનો પ્રસ્તાવ મોકલેલો. નીતીશ કુમાર જેડીયુમાંથી પોતાને ગમે એ નેતાનું નામ આપે ને ભાજપ તેને મુખ્ય પ્રધાન તરીકે સ્વીકારી લેશે એવું કહેણ મોકલાયેલું પણ નીતિશને આ પ્રસ્તાવ ગમ્યો નહોતો. નીતીશ પોતાના બદલે બીજા કોઈને ગાદી પર બેસાડવા માગતા નહોતા તેથી એવી દલીલ કરાયેલી કે, બિહારની જનતાએ નીતીશ કુમારના નામે જનાદેશ આપ્યો છે તો નીતીશ જ મુખ્ય પ્રધાન બનશે. ભાજપ પાસે એ વખતે નીતીશની વાત માન્યા વિના છૂટકો નહોતો તેથી નીતીશની તાજપોશી થઈ ગઈ પણ ત્રણ મહિનામાં ભાજપે જેડીયુમાં તોડફોડનો તખ્તો તૈયાર કરીને નીતીશને નવી ઓફર આપી એટલે નીતીશે જખ મારીને જવું પડ્યું. મહારાષ્ટ્રમાં ભાજપે શિવસેનાનાં ઊભાં ફાડિયાં કરીને ઉદ્ધવ ઠાકરેને ઉથલાવી નાંખ્યા પછી ઉદ્ધવ ઠાકરે રાજકીય અસ્તિત્વ ટકાવવા ફાંફાં મારે છે. નીતીશ ૭૫ વર્ષની ઉંમરે બીજા ઉદ્ધવ ઠાકરે બનવા તૈયાર નહોતા તેથી ભાજપ સામે શરણાગતિ સ્વીકારી લીધી એવું કહેવાય છે. ભાજપનો ટ્રેક રેકોર્ડ અને નીતીશની સત્તાલાલસા જોતાં આ વાત સાચી હોવાની શક્યતા પ્રબળ છે. મુખ્ય પ્રધાનપદે નીતીશની જેડીયુના બદલે ભાજપના નેતાને બેસાડાય તો સમજી લેવું કે આ વાત સો ટકા સાચી છે. નીતીશના બદલે જેડીયુના બીજા કોઈ નેતાને ગાદી પર બેસાડાય તો સમજવું કે, ભાજપે બીજી કોઈ રીતે નીતીશનું નાક દબાવ્યું હશે. નીતીશે પોતે સ્વચ્છ અને પ્રમાણિક હોવાની છાપ ઉભી કરી છે. નીતીશના સમર્થકો તેમને સુશાસન બાબુ ગણાવે છે પણ નીતીશ સુશાસન બાબુ નથી જ. એ ક્યાંક ને ક્યાંક ખરડાયેલા હશે ને ભાજપના તાબા હેઠળની એજન્સીઓએ એ શોધી કાઢ્યું હોય એ શક્ય છે. એક શક્યતા નીતીશના પુત્ર નિશાંત કુમારની ધમાકેદાર એન્ટ્રી માટે નીતીશે સોદાબાજી કર્યાની છે. નિશાંત કુમાર નીતીશનો એક માત્ર પુત્ર છે અને તેમનો વારસ છે. જેડીયુના કેટલાક નેતા નિશાંતને નીતીશનો રાજકીય વારસ બનાવવા માટે લાંબા સમયથી થનગની રહ્યા છે તેથી નિશાંતને રાજકારણમાં લાવવાનો તખ્તો લાંબા સમય પહેલાં જ ઘડાઈ ગયો હતો. નવેમ્બર, ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી વખતે જ નિશાંતને જેડીયુમાં લાવીને ચૂંટણી લડાવવાની માગ ઉગ્ર બનેલી પણ નીતીશે એ વખતે સંયમ બતાવીને દીકરાને રાજકારણથી દૂર રાખેલો. હવે નીતીશનો સંમય તૂટ્યો છે અને નિશાંતની રાજકારકણમાં એન્ટ્રી થશે એવી જાહેરાત હોળીના દિવસે નીતીશ સરકારના મંત્રી શ્રવણ કુમારે કરી જ છે. આ એન્ટ્રીને ધમાકેદાર બનાવવા માટે નિશાંતને પોતાના સ્થાને મુખ્ય પ્રધાનપદે કે પછી ભાજપને મુખ્ય પ્રધાનપદ આપીને નિશાંતને નાયબ મુખ્ય પ્રધાનપદે બેસાડવાની સોદાબાજી નીતીશે કરી હોય એ શક્યતા નકારી ના શકાય. પોતે રાજ્યસભાના સભ્ય બનીને કેન્દ્ર સરકારમાં મંત્રી બની જાય ને દીકરો બિહારમાં સત્તાસ્થાને ગોઠવાઈ જાય એવી સોદાબાજી ભાજપ સાથે કરી હોય એ શક્ય છે. નીતીશ રાજકારણના અઠંગ ખેલાડી છે એ જોતાં એ ગમે તે કરી શકે.

નીતીશે શું કર્યું છે તેની ખબર દસેક દાડામાં પડી જશે. રાજ્યસભાની ચૂંટણી ૧૬ માર્ચે થવાની છે ને એ પહેલાં નીતીશના સ્થાને કોને બેસાડવા તેનો નિર્ણય ભાજપ-જેડીયુએ લેવો જ પડશે એ જોતાં જે હશે એ વાજતું ગાજતું સામે આવશે.

---

**સારાંશરૂપે, ભારત ટૂંકા ગાળાના વિક્ષેપ સામે કેટલીક હદ સુધી તૈયાર છે. પરંતુ જો મધ્યપૂર્વમાં સંઘર્ષ લાંબો ચાલે**

# ક્રૂડ ઓઇલના લાલચોળ ઉછાળા સામે ભારત કેટલું સુરક્ષિત?

- **બ્રેન્ટ ક્રૂડના ભાવમાં સતત વધારો થતો રહે અને જો તે પ્રતિ બેરલ ૭૫ ડોલરથી ઉપર જળવાઈ રહે તો ભારતના આયાત બિલમાં ભારે વધારો થઈ શકે છે.**

અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર કરેલા લશ્કરી હુમલા અને તેના વળતા જવાબમાં ઈરાને આવરી લીધેલા તમામ અખાતી દેશને કારણે એક વૈશ્વિક અને વિકરાળ સમસ્યા ખડી થઇ ગઇ છે. મધ્યપૂર્વમાં વધતી ભૂરાજકીય તણાવની પરિસ્થિતિએ સમગ્ર વેશ્વિક અર્થતંત્ર માટે નવી ચિંતાઓ ઉભી કરી રહી છે. આ તણાવનો કેન્દ્રબિંદુ હોર્મુઝ સ્ટ્રેઇટનો માર્ગ છે, જે વિશ્વના લગભગ ૨૦ ટકા ખનીજ તેલના પરિવહનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અહીં પ્રશ્રૃન એ છે કે વિશ્રૃવનો ત્રીજો સૌથી મોટો ગ્રાહક ભારત આ સંજોગોનો સામનો કરવા માટે કેટલો સજ્જ છે? ભારત તેની ક્રૂડ ઓઇલની કુલ આવશ્કયતામાંથી લગભગ ૮૫થી ૯૦ ટકા ખનીજ તેલ માટે આયાત પર નિર્ભર છે. આ આયાતનો મોટો હિસ્સો, ઈરાક, ઈરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત અરબ અમિરાત, કતાર અને કુવૈત જેવા ગલ્ફ દેશોમાંથી આવે છે અને આમાંનો મોટાભાગનો લગભગ ૨૦ ટકા જથ્થો હોર્મુઝ જળમાર્ગમાંથી પસાર થાય છે. જો આ માર્ગ અવરોધાય, તો તેની સીધી અસર ભારતની ઊર્જા સુરક્ષા પર પડશે.સરકારનો દાવો છે કે ભારત પાસે વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર (સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ) અને વ્યાપારી જથ્થો ઉપલબ્ધ છે, જે ટૂંકા ગાળાના વિક્ષેપ સામે સુરક્ષા પૂરી પાડે છે. કેટલાક અહેવાલો મુજબ, દેશ પાસે કેટલાક અઠવાડિયાં માટે પૂરતો જથ્થો છે. પરંતુ જો સંઘર્ષ લાંબો ચાલે અને સપ્લાય ચેઇન પર ગંભીર અસર પડે, તો પરિસ્થિતિ કઠિન બની શકે છે.નોંધવું રહ્યું કે હાલ પરિસ્થિતિ વર્લ્ડ વોર જેવી સર્જાઇ છે અને તેમાં હાલ ૧૧થી વધુ દેશ સીધી રીતે સંડોવાઇ ગયા છે. ઈરાન ચારે તરફ અખાતી દેશ પર મિસાઈલો ચલાવી રહ્યું છે અને આ લખાઇ રહ્યું હતું ત્યારે બોમ્બમારો પણ કરી રહ્યું છે. આ પરિસ્થિતિ થાળે પડતા મહિનાઓ પણ લાગી શકે છે! બ્રેન્ટ ક્રૂડના ભાવમાં સતત વધારો થતો રહે અને જો તે પ્રતિ બેરલ ૭૫ ડોલરથી ઉપર જળવાઈ રહે તો ભારતના આયાત બિલમાં ભારે વધારો થઈ શકે છે. ઐતિહાસિક અંદાજ મુજબ, ક્રીડ ઓઈલના ભાવમાં બેરલદીઠ દરેક ૧૦ ડોલરના વધારાથી ભારતના વાર્ષિક આયાત બિલમાં અબજો ડોલરનો વધારો થાય છે. તેની સીધી આડઅસર ચલણી ખાતા ખાધ (કરન્ટ અકાઉન્ટ ડેફિસિટ), રૂપિયાની કિંમત અને મોંઘવારી પર પડે છે.મુદ્દો માત્ર કાચા તેલ પૂરતો મર્યાદિત નથી. ભારતની લિક્વિડ નેચરલ ગેસ (એલએનજી) આયાતનો મોટો હિસ્સો અને એલપીજી સપ્લાયનો નોંધપાત્ર ભાગ પણ હોર્મુઝની સામુદ્રધૂનીના માર્ગ પરથી આવે છે. ચિંતાની વાત એ છે કે, આ લિક્વિડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) માટે ભારત પાસે વ્યાપક વ્યૂહાત્મક ભંડાર નથી અને તેથી સ્થાનિક વપરાશ અને ઔદ્યોગિક ક્ષેત્ર પર તેની અછતની તાત્કાલિક અસર થઈ શકે છે.જો એલએનજીની સપ્લાય ખોરવાઇ જાય, તો વીજળી ઉત્પાદન અને ખાતર ઉદ્યોગ જેવા ક્ષેત્રો પર તેની ગંભીર અસર પડે છે. ઔદ્યોગિક ઉત્પાદન ઘટે તો આર્થિક વૃદ્ધિ પર સીધી અસર પડે છે.જો કટોકટી લંબાય છે, તો કિંમતો વધુ વધી શકે છે. વિશ્રૃવનો લગભગ ૨૦ ટકા એલએનજી કતારથી આવે છે અને અન્ય કોઈ સરળ વૈકલ્પિક માર્ગ નથી. જો કતારથી ગેસ પુરવઠો ખોરવાઈ જાય, તો યુરોપ અને એશિયામાં પાવર પ્લાન્ટ ગેસને બદલે ડીઝલ અને ઈંધણ તેલનો ઉપયોગ વધારી શકે છે. પરિણામે, ડીઝલની માગ વધશે અને તેના ભાવ ક્રૂડ ઓઈલ કરતા પણ વધુ ઝડપથી વધી શકે છે.ભારતે પાછલા કેટલાક વર્ષોમાં આયાતના સ્રોતોમાં વૈવિધ્ય લાવવાનો પ્રયાસ કર્યો છે. ખાસ કરીને રશિયા પાસેથી વધતી ખરીદી દ્વારા ભારતે હોર્મુઝ માર્ગ પરની નિર્ભરતા થોડી ઓછું કરી છે. સાથે જ અમેરિકા અને આફ્રિકી દેશોમાંથી પણ ખરીદી વધારવામાં આવી છે.તાજેતરમાં અમેરિકાની ધાકધમકી અને બ્લેકમેઈલિંગને વશ થઈને ભારતે રશિયા તરફની આયાત ઘટાડીને વેનેઝુએલા તરફથી આયાત શરૂ કરી છે. જોકે, હાલના સંજોગોમાં ભારતે ફરી રશિયા તરપ વળવું પડશે અને એની પણ શરૂઆત થઇ ગિ હોવાના અહેવાલ મળી રહ્યાં છે.સરકાર પાસે અન્ય વિકલ્પો પણ છે, જેમ કે ઈંધણ નિકાસ પર નિયંત્રણ, રિફાઇનરીઓને ઘરેલુ માગ પ્રાથમિકતા આપવા સૂચના, અને વ્યૂહાત્મક ભંડારમાંથી જથ્થો બહાર પાડવો. સરકાર આ વિકલ્પો અજમાવી પણ રહી છે, પરંતુ લાંબા ગાળાની વ્યૂહરચના માટે ઊર્જા સ્રોતોમાં વૈવિધ્ય, નવીનીકરણીય ઊર્જા અપનાવવાની ઝડપમાં વધારો અને સંગ્રહ ક્ષમતાનો વિસ્તાર અતિઆવશ્કય છે.ક્રૂડ ઓઇલના પુરવઠામાં લાંબા સમય સુધી વિક્ષેપ ચાલુ રહે તો ભારતના ચલણી ખાતા ખાધમાં વધારો થશે, જેના કારણે રૂપિયો દબાણમાં આવી શકે છે. આ રીતે બીજી આયાત પણ મોંઘી થશે. ઈંધણના ભાવમાં વધારો મોંઘવારી નોતરશે. અનાજ, કઠોળ, શાકભાજી બધું જ મોંઘું થશે. આને પરિણામે રિઝર્વ બેંક પર વ્યાજદર અંગે દબાણ વધી શકે છે. શેરબજારમાં અને વિશેષ કરીને એવિએશન, લોજિસ્ટિક્સ અને ક્ન્ઝ્યુમર સેક્ટરમાં ઉથલપાથલ વધશે.મહત્વની બાબત એ છે કે દેશની ઉર્જા જરૂરિયાત સામે જોખમ ઊભું થયું છે. સરકારના મતે, દેશમાં લગભગ ૭૪ દિવસ માટે પૂરતો ક્રૂડ ઓઇલ ભંડાર છે, જેમાં વ્યૂહાત્મક ભંડાર, રિફાઇનરીઓ અને ઓફશોર સ્ટોકનો સમાવેશ થાય છે. જો તણાવ લંબાશે, તો આ ભંડાર પણ દબાણ હેઠળ આવી શકે છે. ઘણા મોટા ટેન્કર માલિકો અને ક્રૂડ તેલ કંપનીઓ સાવચેતી તરીકે ગલ્ફ ક્ષેત્રમાં તેમના જહાજો મોકલવાનું ટાળી રહ્યા છે.

ઘણીવાર એવું કહેવામાં આવે છે કે ઓપેક પ્લસ પાસે દરરોજ પાંચ થી છ મિલિયન બેરલ વધારાનું ક્રૂડ તેલ ઉત્પન્ન કરવાની ક્ષમતા છે, જે કોઈપણ કટોકટીમાં ઉપયોગી થઈ શકે છે. જો કે, અહેવાલો સૂચવે છે કે આ આંકડો એટલો મોટો નથી જેટલો દેખાય છે.

સારાંશરૂપે, ભારત ટૂંકા ગાળાના વિક્ષેપ સામે કેટલીક હદ સુધી તૈયાર છે. પરંતુ જો મધ્યપૂર્વમાં સંઘર્ષ લાંબો ચાલે અને હોર્મુઝ માર્ગ લાંબા સમય માટે અવરોધાય, તો ભારત માટે ઊર્જા અને આર્થિક પડકારો ઊભા થશે.આ સંકટ ભારત માટે ચેતવણી સાથે એવા બોધપાઠ સમાન છે, કે ઊર્જા સુરક્ષા માત્ર ભંડાર ક્ષમતા પર નહીં, પરંતુ વ્યૂહાત્મક વૈવિધ્ય, નવીનીકરણીય ઊર્જા અને વૈશ્રૃવિક રાજનૈતિક સંતુલન પર આધારિત હોવી જોઈએ. પ્રશ્રૃન એ નથી કે ભારત આંચકો સહન કરી શકે છે કે નહીં; પ્રશ્રૃન એ છે કે શું તે લાંબા ગાળાના ઊર્જા સંકટ માટે પર્યાપ્ત મજબૂતી ધરાવે છે?

---

**ખામેનેઈના મૃત્યુએ ઈરાનમાં વિરોધાભાસી પ્રતિક્રિયાઓ ઊભી કરી છે.**

# ઇઝરાયલ - અમેરિકા - ઈરાનઃ મહાયુદ્ધ...

### આ હુમલાના માત્ર બે દિવસ પહેલાં, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના જિનીવામાં અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ અંગે પરોક્ષ વાટાઘાટો ચાલી રહી હતી.

મધ્ય પૂર્વમાં યુદ્ધના કાળાઓછાયા પડ્યા છે. ઈરાન, ઇઝરાયલ અને અમેરિકા વચ્ચેના તાજેતરના સીધા સંઘર્ષે વિશ્વની શાંતિ, અર્થતંત્ર અને ભૂ-રાજકીય સમીકરણો પર ઊંડી અસર કરી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલે સંયુક્ત કાર્યવાહીમાં ઈરાન પર વ્યાપક હુમલા કર્યા, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈનું મોત નિપજ્યું. આ ઘટનાએ યુદ્ધને એક નવો વળાંક આપ્યો છે અને તણાવને વધુ તીવ્ર બનાવ્યો છે.

આ હુમલાના માત્ર બે દિવસ પહેલાં, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના જિનીવામાં અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ અંગે પરોક્ષ વાટાઘાટો ચાલી રહી હતી. ઓમાનની મધ્યસ્થી હેઠળ ચાલેલી આ વાટાઘાટોમાં કેટલીક પ્રગતિ થઈ હોવાના અહેવાલો હતા, પરંતુ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ પર આ વાટાઘાટોને માત્ર ઈરાનને લલચાવવા અને તેમને સુરક્ષાની ખોટી ભાવના આપવાના બહાના તરીકે વાપરવાનો આરોપ લાગ્યો છે.

ઈરાની અધિકારીઓ અને વિશ્રૃલેષકોના મતે, અમેરિકા અને ઇઝરાયલે આ વાટાઘાટોનો ઉપયોગ ઈરાનને શાંત રાખવા અને આશ્ચર્યજનક હુમલાની તૈયારી માટે કર્યો હતો. આ અગાઉ જૂન ૨૦૨૫માં ૧૨ દિવસના યુદ્ધ દરમિયાન પણ આવી સમાન પેટર્ન જોવા મળી હતી, જ્યાં વાટાઘાટો ચાલુ હતી ત્યારે જ ઇઝરાયલે હુમલા કર્યા હતા. આ વખતે પણ જિનીવા વાટાઘાટોમાં પ્રગતિ હોવા છતાં, ટ્રમ્પ પ્રશાસને હુમલાને 'પ્રિ-એમ્પ્ટિવ' ગણાવીને ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને મિસાઈલ સુવિધાઓને નિશાન બનાવ્યા.

નેતૃત્વના સફાયા માટેની આ 'ડિકેપિટેશન સ્ટ્રાઈક'માં ખામેનેઈની સાથે ઈરાનના અન્ય અનેક વરિષ્ઠ નેતાઓ અને સૈન્ય અધિકારીઓના પણ મોત થયા છે. અમેરિકીપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આને એક મોટી સફળતા ગણાવી અને કહ્યું કે 'સત્તા પરિવર્તન (રેજીમ ચેન્જ) ના ઉદ્દેશ્ય સાથે આ કાર્યવાહી ચાલુ રહેશે.'

તેમણે એમ પણ ઉમેર્યું કે આ ઓપરેશન ચાર અઠવાડિયા કે તેથી ઓછા સમયમાં પૂર્ણ થઈ શકે છે. અત્યાર સુધીમાં અમેરિકા અને ઇઝરાયલે ઈરાનમાં ૨,૦૦૦થી વધુ ટાર્ગેટ પર હુમલા કર્યા છે, જેમાં બેલિસ્ટિક મિસાઈલ સાઈટ્સ, ન્યુક્લિયર સુવિધાઓ અને સૈન્ય બેઝનો સમાવેશ થાય છે અને તેમણે તહેરાન પર હવાઈ શ્રેષ્ઠતા હાંસલ કરી છે.

ખામેનેઈના મૃત્યુએ ઈરાનમાં વિરોધાભાસી પ્રતિક્રિયાઓ ઊભી કરી છે. એક તરફ રાજ્ય-સમર્થિત લોકોમાં ભારે શોક છે અને તેમને શહીદ તરીકે સન્માન આપવામાં આવી રહ્યું છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ઉજવણી અને વિરોધ પ્રદર્શનો પણ જોવા મળ્યા છે. ઈરાની સરકારે ૪૦ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. એવા અહેવાલો છે કે ખામેનેઈએ અગાઉથી જ ઉત્તરાધિકારીની વ્યવસ્થા કરી રાખી હતી, પરંતુ હાલમાં ત્રણ વ્યક્તિઓની બનેલી અસ્થાયી કાઉન્સિલ નેતૃત્વ સંભાળી રહી છે. આ સંકટના સમયમાં નવા સુપ્રીમ લીડરની નિમણૂકમાં વિલંબ થઈ શકે છે.

બીજી તરફ, ઈરાને પણ આ હુમલાનો તાત્કાલિક બદલો લીધો છે. યુદ્ધના પ્રથમ ત્રણ દિવસમાં ઈરાને ઇઝરાયલ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા, જેમાં કેટલાક ઇઝરાયલીઓના મોત થયાના અહેવાલ છે. આ ઉપરાંત, તેમણે ગલ્ફમાં આવેલા અમેરિકન સૈન્ય બેઝ પર પણ હુમલા કર્યા, જેના પરિણામે બહેરીન, કુવૈત, કતાર, યુએઈ અને સાઉદી અરેબિયામાં વિસ્ફોટો થયા. દુબઈ, અબુ ધાબી અને દોહાના એરપોર્ટ પર નુકસાન થવાના કારણે હવાઈ માર્ગો બંધ કરવામાં આવ્યા અને હજારો ફ્લાઈટ રદ થઈ. કુવૈતમાં અમેરિકન વિમાનો ક્રેશ થયા હોવાના અહેવાલ છે, જોકે ક્રૂ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

આ યુદ્ધ હવે લેબનોન સુધી ફેલાયું છે. ખામેનેઈના મૃત્યુના બદલામાં હિઝબુલ્લાએ ઇઝરાયલ પર રોકેટ હુમલા કર્યા, જેના જવાબમાં ઇઝરાયલે બેરુત નજીક હિઝબુલ્લાના ઠેકાણાઓ પર બૉમ્બમારો કર્યો. લેબેનોનમાં ઓછામાં ઓછા ૩૧ લોકો માર્યા ગયા છે, જે આ યુદ્ધને વધુ વ્યાપક બનાવી શકે છે. અમેરિકામાં પણ આ સૈન્ય કાર્યવાહીની તીવ્ર ટીકા થઈ રહી છે. ડેમોક્રેટ્સ, ખાસ કરીને કમલા હેરિસે આરોપ લગાવ્યો છે કે ટ્રમ્પે કૉંગ્રેસની મંજૂરી વિના યુદ્ધ શરૂ કરીને બંધારણનું ઉલ્લંઘન કર્યું છે, જેની આગામી મિડટર્મ ચૂંટણીઓ પર પણ મોટી અસર પડી શકે છે.

આ વૈશ્વિક સંઘર્ષની અર્થતંત્ર પર અત્યંત ગંભીર અસર પડી રહી છે. મધ્ય પૂર્વ તેલનું મુખ્ય કેન્દ્ર હોવાથી આ અસ્થિરતાએ ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો લાવી દીધો છે. શૅરબજારોમાં અફરાતફરીનો માહોલ છે, આંતરરાષ્ટ્રીય વ્યાપાર વિક્ષેપિત થયો છે અને મોંઘવારીમાં ભયજનક વધારો થવાની આશંકા છે. મુસ્લિમ દેશોની સ્થિતિ પણ વિરોધાભાસી છે. યુએઈ

અને બહેરીન જેવા દેશ સત્તાવાર રીતે અમેરિકાની પડખે છે, પરંતુ તેમની જનતા ઈરાન પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે, જે ભવિષ્યમાં આંતરિક અશાંતિનું કારણ બની શકે છે.

આ યુદ્ધ માત્ર એક સૈન્ય સંઘર્ષ નથી, પરંતુ તે વર્તમાન વિશ્વ વ્યવસ્થાની એક મોટી કસોટી છે. અમેરિકા અને ઇઝરાયલની સૈન્ય શ્રેષ્ઠતા હોવા છતાં, ઈરાનનો પ્રતિકાર અને આંતરિક વિરોધ એ વાતના સંકેત આપે છે કે આ યુદ્ધના પરિણામો અત્યંત અણધાર્યા હોઈ શકે છે. જિનીવા વાટાઘાટોના બહાના હેઠળ થયેલા આ હુમલાએ આંતરરાષ્ટ્રીય વિશ્વાસને ઊંડી ચોટ પહોંચાડી છે. આગામી થોડા અઠવાડિયાઓ નક્કી કરશે કે યુદ્ધ કઈ દિશામાં જશે અને દુનિયાનું ભવિષ્ય શું હશે. શાંતિ માટે કૂટનીતિની તાતી જરૂર છે, પરંતુ હાલની પરિસ્થિતિ જોતાં તે ખૂબ જ દૂરની વાત લાગી રહી છે. આ બધું જોતાં, ઈરાન હવે કોઈપણ પ્રકારની ચર્ચા કે વાટાઘાટોનું જોખમ લેવા બિલકુલ તૈયાર નથી.

# રાધિકા મદાન ટેલિવિઝન સિરિયલથી ફિલ્મો સુધીની સફળ કારકિર્દી



રાધિકા મદાન એ નામ ઘણાને નવું લાગશે, પણ એક ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે નામના મેળવનારી રાધિકાએ ટેલિવિઝનથી માંડીને બોલિવૂડની સફર ખૂબ જ સહેલાઈથી પાર કરી છે. આ અઠવાડિયે તેની ફિલ્મ 'સુબેદાર' સીધી જ ઓટીટી પર રિલીઝ થઈ રહી છે. ફિલ્મમાં મુખ્ય ભૂમિકા અનિલ કપૂર, રાધિકા મદાન અને મોના સિંહની છે.

૧૯૯૫માં દિલ્હીમાં હિન્દુ કુટુંબમાં જન્મેલી રાધિકાએ તેનું શાળા શિક્ષણ દિલ્હીમાં પૂરું કર્યું છે અને સ્નાતક સુધીનો અભ્યાસ પણ દિલ્હીમાં જ પૂરો કર્યો છે. સ્નાતક થયા પછી તેણે અભિનય કારકિર્દી તરફ વળવાનો નિર્ણય કર્યો અને એ માટે તેણે પહેલાં ટેલિવિઝનથી શરૂઆત કરવાનો નિર્ણય કર્યો. 'કલર્સ' પર આવનારી દૈનિક ધારાવાહિક 'મેરી આશિકી તુમસે હી'માં શક્તિ અરોરા સામે તેણે ઈશાની વાઘેલા નામની ભૂમિકા કરી. આ દૈનિક ધારાવાહિકમાં તેણે જૂન-૨૦૧૪થી કરીને ફેબ્રુઆરી ૨૦૧૬ સુધીમાં લગભગ ૪૦૦ એપિસોડ કર્યા. તે ધીરે-ધીરે આગળ વધવા માગતી હતી એટલે આ દૈનિક ધારાવાહિક દરમિયાન જ તેણે પોતાની નૃત્યકલાની જાણ કરવા માટે 'કલર્સ'ના જ 'ઝલક દિખલા જા'માં કામ કર્યું. ત્યાં પણ તેને સફળતા મળી. આ પછી તેણે ૨૦૧૭માં એક સિરિયલમાં અભિનય કર્યો અને પછી તેણે ટેલિવિઝન છોડી દીધું. આ ત્રણ વર્ષની તેની મહેનત રંગ લાવી અને ૨૦૧૮માં તેણે વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'પટાખા'માં તક મળી. આ ફિલ્મ બે બહેનોની વાત પર બનેલી હતી. વિશાલ ભારદ્વાજની આ ફિલ્મમાં તેની સાથે સાન્યા મલ્હોત્રાની મુખ્ય ભૂમિકા હતી. ફિલ્મની ભૂમિકા માટે રાધિકાને 'સ્ક્રીન એવોર્ડસ ફોર બેસ્ટ ફીમેલ ડેબ્યુ'નો એવોર્ડ પણ મળ્યો હતો.

વિશાલ ભારદ્વાજની ફિલ્મ પછી રાધિકાને કોમેડી ફિલ્મ 'મર્દ કો દર્દ નહી હોતા' મળી. જેમાં તેનો હીરો નવોદિત અભિમન્યુ દસાની હતો. સાથે ગુલશન દેવૈયા, મહેશ માંજરેકર અને જિમિત ત્રિવેદી જેવા કલાકારો હતા. આ ફિલ્મ ૨૦૧૮માં રજૂ થઈ હતી. ફિલ્મને બોક્સઓફિસ પર બહુ સફળતા મળી નહોતી.

૨૦૨૦માં આવેલી 'અંગ્રેજી મીડિયમ' ફિલ્મથી રાધિકા મદાનની લોકોએ નોંધ લેવાની શરૂઆત કરી. ઈરફાન ખાન અભિનીત આ ફિલ્મમાં કરીના કપૂર ખાન પણ હતી. ફિલ્મમાં રાધિકાએ ઈરફાન ખાનની પુત્રીની ભૂમિકા કરી હતી. આ ભૂમિકાથી રાધિકાને ઘણી લોકપ્રિયતા મળી અને એક ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે તેની ઓળખ થવા લાગી હતી. ત્યાર બાદ ૨૦૨૧માં આવેલી 'શિદ્દત'થી તો રાધિકા મદાને એક અભિનેત્રી તરીકે ભરપૂર નામના મેળવી લીધી હતી. ફિલ્મમાં તેની સાથે સન્ની કૌશલ, મોહિત રૈના અને ડાયેના પેન્ટી હતાં. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર પણ કમાલ દાખવી હતી.જોકે, રાધિકાની ફિલ્મોને બોક્સ ઓફિસ પર જોઈએ એવી સફળતા મળતી નહોતી પણ બીજી તરફ તેને ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે સતત માન્યતા મળતી જતી હતી. તેનાં કુદરતી અભિનયના લાખ્ખો ચાહકો થયા હતા. ૨૦૨૨માં 'મોનિકા ઓ માય ડાર્લિંગ' અને 'સના', ૨૦૨૩માં 'કુત્તે', 'કચ્ચે લિમ્બુ', 'સજની શિંદે કા વાઈરલ વીડિયો', ૨૦૨૪માં 'સરફીરા' અને 'જિગરા'માં તે દેખાઈ અને હવે ૨૦૨૬માં તે 'સુબેદાર'માં દેખાશે.

૨૦૨૧માં તેણે ફરી એક વાર ટેલિવિઝન પર શરૂઆત કરી. 'રે' નામની ફિલ્મ માટે તેને 'ફિલ્મફેર'નો ઓટીટીનો એવોર્ડ મળ્યો. ૨૦૨૧માં જ તેણે 'ફિલ્મ લાઈક ઈશ્ક'માં પણ અભિનય કર્યો અને ૨૦૨૩માં આવેલી ક્રાઈમ સિરીઝ 'સાસ બહુ ઔર ફ્લેમિંગો'માં તો તેનું કામ ખૂબ જ વખણાયું હતું. 'ડિઝની હોટસ્ટાર' પર રજૂ થયેલી આ સિરીઝમાં ડિમ્પલ કાપડિયા, ઈશા તલવાર, અંગીરા ધર, જિમિત ત્રિવેદી, દીપક ડોબરિયાલ અને નસીરુદ્દીન શાહ જેવાં કલાકારોની વચ્ચે તેનું કામ ખૂબ વખણાયું હતું.૨૦૨૩માં રાધિકા નોન-વેજ ખાવાનું બંધ કરીને 'વેગન' બની ગઈ ત્યારે તેણે 'પેટા ઈન્ડિયા'ની 'ટ્રાય વેગન' ઝુંબેશમાં પણ ભાગ લીધો હતો. ૨૦૧૫માં રાધિકાને 'સેક્સીએસ્ટ એશિયન વિમેન'ની યાદીમાં ૨૪મો ક્રમાંક મળ્યો હતો અને ૨૦૨૪માં 'ફોર્બ્સ ઈન્ડિયા'ની '૩૦ અંડર ૩૦'માં યાદીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.અત્યારે ૩૧ વર્ષની થયેલી રાધિકા મદાન પોતાની રીતે એક પછી એક સફળતા મેળવતી જાય છે અને સતત આગળ વધતી જાય છે. તે પોતાનું કામ એટલે અભિનય સારી રીતે કરી જાણે છે અને સતત કાંઈક સારું કરવાની ધગશ ધરાવે છે. એટલે જ ટીવી સિરિયલથી કારકિર્દી શરૂ કરીને ફિલ્મો સુધી પહોંચેલી આ અભિનેત્રી એક પછી એક નામના મેળવતી જાય છે.ઈરફાન ખાન, નસીરુદ્દીન શાહ, ડિમ્પલ કાપડિયા જેવાં દિગ્ગજ કલાકારો સાથે કામ કરીને તેમાંથી પ્રેરણા લઈને તે પોતાનો અભિનય સુધારતી જાય છે. 'સુબેદાર' ફિલ્મ સીધી જ ઓટીટી પર રજૂ થવાની છે એટલે તેની સફળ ફિલ્મની યાદીમાં તેનો સમાવેશ નહીં થાય, પણ અનિલ કપૂર સાથેની આ ફિલ્મથી તેની પ્રતિષ્ઠામાં વધારો જરૂર થશે.OTTનું હોટસ્પોટઃ ૭ થી ૧૩ માર્ચ ૨૦૨૬ સુધી શું જોશો? રૂા. ૧૦૦ કરોડથી વધુ કમાણી કરનારી પ્રથમ ગુજરાતી ફિલ્મનું ઓટીટી પર પ્રસારણગુજરાતી ફિલ્મોમાં અનેરો ઈતિહાસ સર્જનારી ફિલ્મ 'લાલો-કૃષ્ણ સદા સહાયતે' હવે ઓટીટી પર રિલીઝ થઈ રહી છે ત્યારે કયા વિક્રમો સર્જે છે એ જોવું રસપ્રદ સાબિત થશે. રીવા રાછ, કરણ જોશી, સૃહાર્દ ગોસ્વામી અભિનીત આ ફિલ્મના દિગ્દર્શક અંકિત સાખિયા છે.આ પ્રથમ એવી ગુજરાતી ફિલ્મ છે જેણે બોક્સ ઓફિસ પર રૂા. ૧૦૦ કરોડથી વધુની કમાણી કરીને ગુજરાતી ફિલ્મોને નવી દિશા ચીંધી છે. એક વ્યક્તિના લાલો એટલે કૃષ્ણ પરના વિશ્ર્વાસની કથા કહેતી આ ફિલ્મ હવે ઓટીટી પર 'સોની લીવ' પ્લેટફોર્મ દ્વારા રજૂ થઈ રહી છે. આ ફિલ્મ આજે છઠ્ઠી માર્ચે જ રજૂ થઈ રહી છે, જે જોવાનું ચૂકશો નહીં.એ અગાઉ પાંચમી માર્ચે અનિલ કપૂર અભિનીત 'સુબેદાર' એમેઝોન પ્રાઈમ પર રજૂ થઈ ચુકી છે.ઝી ફાઈવઃ પંકજ કપૂર, ડિમ્પલ કાપડિયા, અપારશક્તિ ખુરાના અને સમીર સોની અભિનીત હિન્દી ફિલ્મ 'જબ ખુલી કિતાબ' આજે છ માર્ચે આ ઓટીટી ચેનલ પર રજૂ થઈ રહી છે.

નેટફ્લિક્સઃ નેટફ્લિક્સ પર આજે છઠ્ઠી માર્ચે ત્રણ અલગ - અલગ પ્રકારની ફિલ્મ અને સિરીઝ રજૂ થઈ રહી છે. તેમાં પહેલી ફિલ્મ એક રોમાન્ટીક ડ્રામા છે. 'વિથ લવ' એ એક તમિળમાં બનેલી ફિલ્મ છે, પણ આજે (છઠ્ઠી માર્ચે) તે એકસાથે અનેક ભાષામાં રિલીઝ થશે. બીજી ફિલ્મ 'બોયફ્રેન્ડ ઓન ડિમાન્ડ' છે. કોરિયન રોમાન્ટીક કોમેડી ફિલ્મ આજે જ આ ચેનલ પર રજૂ થશે અને ત્રીજી એક ડોક્યુમેન્ટ્રી સિરીઝ છે, જેનાં નિર્માતા સ્ટીવન સ્પીલબર્ગ છે. 'ધ ડાયનોસોર્સ' નામની આ સિરીઝનો આજે પ્રીમિયર છે. આ ઓટીટી ચેનલ પર સાત માર્ચે 'ન્યુરેમ્બર્ગ' નામની સિરીઝ, ૧૦મી માર્ચે 'વન પીસ'ની સીઝન-ટુ અને ૧૨મી માર્ચે 'મેડ ઈન કોરિયા' નામની સિરીઝનું પ્રસારણ થશે.

જિયો હોટસ્ટારઃ જિયો હોટસ્ટાર પર નવમી માર્ચે 'રુસ્ટર' નામની નવી નક્કોર સિરીઝ રજૂ થવાની છે.

## અમિતાભ બચ્ચનની રહસ્યમય ટ્વીટ પર ભડક્યા યુઝર્સ

બોલિવૂડના શહેનશાહ અમિતાભ બચ્ચન પોતાની ફિલ્મોની સાથે સાથે સોશ્યલ મીડિયા પરની અજીબોગરીબ પોસ્ટ માટે પણ જાણીતા છે. જોકે, હાલમાં જ તેમણે કરેલી એક ટૂંકી ટ્વિટને કારણે નેટિઝન્સનો પિત્તો ગયો છે.

૮૩ વર્ષીય બિગ બી અવારનવાર 'નંબર ગેમ' અને કોયડા જેવી વાતો લખતા હોય છે, પરંતુ આ વખતે યુઝર્સની ધીરજ ખૂટી હોવાની વાત કહી અભિનેતાને આડે હાથ લીધા હતા. સોશ્યલ મીડિયા પર લોકો આ ટ્વિટને વર્તમાન વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિ સાથે જોડીને અલગ-અલગ અર્થ કાઢી રહ્યા છે.

અમિતાભ બચ્ચને પોતાના ઠ (ટ્વિટર) એકાઉન્ટ પર માત્ર એટલું લખ્યું કે- ' ૫૬૭૨- હો ગયા.' આ જોઈને લોકોએ સવાલોનો મારો ચલાવ્યો હતો. કેટલાક લોકોએ આ પોસ્ટને અમેરિકા-ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા સાથે જોડી દીધી હતી, તો કેટલાકે તેમની આ શૈલીનું નાટક ગણાવ્યું હતું.

એક યુઝરે ગુસ્સામાં લખ્યું હતું કે 'હા, યુદ્ધ થઈ ગયું, હવે તમે ચૂપ રહો.' તો અન્ય એકે સલાહ આપી કે 'સર, તમે આટલા મોટા કલાકાર છો, થોડું સેન્સિબલ ટ્વીટ કરો, નંબર ગેમ છોડી તમારા વિચાર સાંભળવા માગીએ છીએ, આવું નાટક નહી કરો.'બિગ બીની આ પ્રકારની ટ્વીટ્સથી પરેશાન થયેલા યુઝર્સે તેમને પબ્લિક ફિગર તરીકેની જવાબદારી યાદ અપાવી હતી. લોકોનું કહેવું છે કે દુનિયા તેમને સાંભળવા માગે છે, તેમના વિચારો જાણવા માગે છે, નહીં કે આવા રહસ્યમય નંબરો. હદ તો ત્યારે થઈ જ્યારે એક યુઝરે અભિષેક બચ્ચનને ટેગ કરીને સલાહ આપી દીધી કે તેણે પોતાના પિતાને કોઈ સારા ડૉક્ટરને બતાવવા જોઈએ. યુઝર્સનો ગુસ્સો એ વાત પર વધુ છે કે અમિતાભ ક્યારેય યુવાનોને પ્રેરણા આપે તેવા સ્પષ્ટ વિચારો રજૂ કરતા નથી.અમિતાભ બચ્ચન હાલમાં પોતાની બ્લોકબસ્ટર ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ છ૬'ના સિક્વલના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેમની સાથે પ્રભાસ અને કમલ હાસન જેવા દિગ્ગજ કલાકારો છે. રસપ્રદ વાત એ છે કે, આ સિક્વલમાં સાઈ પલ્લવીએ દીપિકા પાદુકોણને રિપ્લેસ કરી હોવાની ચર્ચા છે.

તાજેતરમાં જ તેમણે 'કૌન બનેગા કરોડપતિ ૧૮'નું શૂટિંગ પૂર્ણ કર્યું છે. ૨૦૨૩ પછી ફેન્સ તેમને મોટા પડદે જોવા માટે આતુર છે, પરંતુ હાલમાં તો તેઓ ફિલ્મો કરતા પોતાની ટ્વીટસને કારણે વધુ ચર્ચામાં છે.




## ફિલ્મનામાઃ ન્યાયનો જંગ ને પ્રેમનો પ્રતાપ

લાગણીનો લગાવ અને ફરજની ફિતરત વચ્ચેનો જંગ કાયમ આકર્ષક રહ્યો છે. ભલે, તેમાં દેખીતી રીતે જીત ફરજ કે ન્યાયની થતી હોય પણ 'બાજીગર'ની જેમ વિજયી ભવઃ તો મહોબ્બત જ બને છે અને આ સૂર 'સોની લીવ' પર સ્ટ્રીમ થયેલી વેબસિરીઝ 'જેહાનાબાદ'નો રહ્યો છે. આ સિરીઝનું સૌથી મોટું જમા પાસું તેના શો-રનરનું નામ છેઃ સુધીર મિશ્રા.

એકદમ અલગ મિજાજ અને માટી સાથે જોડાયેલી વાસ્તવિક્તાનું ચિત્રણ કરવા માટે સુધીર મિશ્રા જાણીતા છે. તેમની ફિલ્મો (ખોયા ખોયા ચાંદ, ચમેલી, હજારો ખ્વાહીશે ઐસી, કલકત્તા મેલ, યે સાલી જિંદગી) એ સાબિત કર્યું છે કે આ એક નોખી માટીનો બંદો છે. 'જેહાનાબાદ ઓફ લવ એન્ડ વોર' જેવું સાંકેતિક ટાઈટલ ધરાવતી સિરિયલમાં પણ નામ પ્રમાણેના ઈન્ગ્રીડિએન્ટ છે.

ભારતમાં અનેક રીતે કુખ્યાતિ ધરાવતા બિહાર રાજ્યના જેહાનાબાદ શહેરમાં એક જ દિવસે બે ઘટના બને છે. અન્યાય માટેની લડાઈ લડતા કોમરેડ દિપકકુમારને જેહાનાબાદની જેલમાં પકડીને લાવવામાં આવે છે અને એ જ અરસામાં શહેરની કોલેજમાં અભિમન્યુ સિંહ નામના અંગ્રેજીના પ્રોફેસરની પણ નિમણૂક થાય છે. યોગાનુયોગ છે કે માથે ચૂંટણી ઝળુંબી રહી છે. બન્ને કહાણી (દીપકકુમાર અને અભિમન્યુ સિંહની) એકબીજામાં ગુંચવાયા વગર સમાંતર વિકસતી રહે છે.

દર્શક તરીકે આપણને સિરીઝનું નામ (જેહાનાબાદ ઓફ લવ એન્ડ વોર) જસ્ટીફાય થતું લાગે. આકર્ષક પ્રોફેસર અભિમન્યુ સિંહ (રીત્વિક ભૌમિક) પાબ્લો નેરૂદા અને દુષ્યંતકુમારની કવિતાઓ ટાંકીને સ્ટુડન્ટને ભણાવે છે, પણ શરૂઆતમાં (દિખાવ અને ક્યૂટનેસને કારણે) પ્રોફેસરને જ નવો સ્ટુડન્ટ સમજી લેનારી કસ્તુરી મિશ્રા (હર્ષિતા કૌર) તેના પ્રેમમાં પડી જાય છે.

બીજી તરફ જેહાનાબાદની જેલમાં રહેલો કોમરેડ દીપકકુમાર (પરમબ્રાતા ચટ્ટોપાધ્યાય) ચૂંટણી જીતવાનું પ્યાદું બની ગયો છે અને નક્સલ-ગેંગ તેને જેલમાંથી ભગાડી જવાના પ્રયાસમાં લાગેલી છે.

સ્વાભાવિક છે કે આ કારણે 'જેહાનાબાદ'માં મોટું કમઠાણ સર્જાવાનું છે. પ્રોફેસર અભિમન્યુ સિંહના પટના રહેતા મામા છે તો કસ્તુરીના માતા-પિતા છે. પિતા જેહાનાબાદની જેલની કેન્ટિન અને શોપના ઈન્ચાર્જ છે. એક ચૂંટણી હારી ચૂકેલા નેતા રજત કપૂર છે તો સામે લડી રહેલાં નેતા છે. રજત કપૂરને વફાદાર એવો એસપી અધિકારી છે તો કોમરેડને જેલમાંથી ભગાડી જવા માટે નકસલીઓની ફોજ છે. આ બધાં પાત્રોના તાણાવાણા ગૂંથવા એ અઘરું કામ છે, પણ લેખક-ડિરેક્ટર રાજીવ બર્નવાલ અને સત્યાંશુ સિંહ તેમાં નિપુણ પુરવાર થયા છે.

સામાન્ય રીતે આપણને વિખવાદ, વિરોધ, લડાઈમાં રસ પડે પણ આ બધાની સાથે એક લવસ્ટોરીને પણ ચોંટાડી રાખે તેવો શેઈપ આપવો, એ અઘરું કામ છે, પરંતુ પ્રોફેસર-સ્ટુડન્ટની લવસ્ટોરી 'જેહાનાબાદ'ની કદાચ, સૌથી મોટી હાઈલાઈટસ છે.

બિહારના રાજકારણ પર, બિહાર કલ્ચરનો એક ભાગ લાગતી ક્રાઈમ સ્ટોરીના બેકડ્રોપ પર અનેક શો ફિલ્મો અને વેબસિરીઝ બની છે. સેન્સર વગરના ઓટીટી પ્લેટફોર્મે તેની બેધડકપણું પણ ખોબલે ખોબલે આપી દીધું છે, છતાં કહેવું પડશે કે 'જેહાનાબાદ'માં એક વેગળાપણું અનુભવી શકાય છે. તેના રનર, લેખક અને ડિરેક્ટરોને ન્યાય કરવા માટે ઉમેરવું જોઈએ કે આ વેબસિરીઝમાં લવસ્ટોરી અને નક્સલોની લડાઈ અલગ ચાલતી રહે છે, પણ અડધેથી એ બન્ને ક્રોસ થાય છે ત્યારે ખરતાં તણખાં તમને દઝાડે છે.

## ઇન્ડિયન ઓડિયન્સની ગ્લોબલ ડિમાન્ડ ભારત સાથે હોલિવૂડનું બોક્સઓફિસ સમીકરણ બદલાયું છે?

એક સમય હતો જ્યારે હોલિવૂડ માટે ભારત ખાસ મહત્ત્વનું માર્કેટ ગણાતું નહોતું. ફિલ્મ અહીં રિલીઝ થતી, બસ એટલું જ. પોસ્ટર આવી જાય, ટ્રેલર આવી જાય અને વાત પૂરી. સ્ટાર્સ અહીં પ્રમોશન માટે ખાસ આવતા નહોતા. ઘણી વાર અમેરિકામાં ફિલ્મ રિલીઝ થાય અને અહીં બે-ત્રણ અઠવાડિયા પછી આવે. ત્યારે લાગતું કે આપણે લિસ્ટમાં છેલ્લે છીએ, પણ હવે હોલિવૂડ ભારતને સિરિયસલી લે છે. અને આ બદલાવ છેલ્લાં થોડાં વર્ષોમાં જ આવ્યો છે.

પરિસ્થિતિ બદલાઈ રહી હતી, પણ 'અવેન્જર્સઃ એન્ડગેમ' પછી બધાને ખાસ સમજાયું કે ભારતમાં પાવર છે. એ ફિલ્મ માટે અહીં જે ક્રેઝ હતો એ કોઈ સામાન્ય વાત નહોતી. સવારે ૬ વાગ્યાના શો, લાંબી લાઈનો, ટિકિટના બ્લેક ... આ બધું આપણે જોયું.

સ્ટુડિયોઝને ક્લિયર મેસેજ ગયો કે જો ફિલ્મ ઈવેન્ટ જેવી હોય તો ભારતીય ઓડિયન્સ સંપૂર્ણ સપોર્ટ આપે છે. પછી 'એવેટાર'ની બે સિક્વલ્સ આવી અને ફરી સાબિત થયું કે સ્કેલવાળી ફિલ્મ માટે લોકો થિયેટરમાં આવે છે. ઘણા અઠવાડિયા સુધી ફિલ્મ ચાલી. હવે ભારત ગ્લોબલ કલેક્શનનો ભાગ છે.

હવે રિલીઝ પેટર્ન જુઓ. પહેલાં અહીં ફિલ્મ મોડી આવતી. હવે મોટાભાગની મોટી હોલિવૂડ ફિલ્મ્સ અમેરિકા સાથે જ એ જ દિવસે અહીં રિલીઝ થાય છે. 'સ્પાઈડર-મેનઃ નો વે હોમ', 'ડોક્ટર સ્ટ્રેન્જ', 'બ્લેક પેન્થર', બધી સાથે જ રિલીઝ. કારણ સરળ છે. જો અહીં મોડું થશે તો પાયરસી થઈ જશે. લોકો ઑનલાઈન જોઈ લેશે. એટલે હવે સ્ટુડિયો પોતે જ ખાતરી કરે છે કે ભારત ફર્સ્ટ ટિયર માર્કેટ જેમ ટ્રીટ થાય.










ડબિંગમાં પણ મોટો ફેરફાર આવ્યો છે. હવે હિન્દી ડબ તો આવે જ છે, પણ સાથે તમિળ અને તેલુગુમાં પણ ફિલ્મ આવે છે. સાઉથ માર્કેટને હવે અવગણવામાં આવતું નથી. 'ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ' હોય કે 'જુરાસિક વર્લ્ડ ડોમીનિયન', ડબ વર્ઝનનો ફાયદો સ્પષ્ટ દેખાય છે. લોકો પોતાની ભાષામાં એક્શન અને વિઝ્યુઅલ્સનો આનંદ લે છે. હોલિવૂડ હવે સમજે છે કે ફક્ત અંગ્રેજી જાણનાર ઓડિયન્સ પર આધાર રાખીને ચાલશે નહીં.

માર્કેટિંગમાં પણ ફેરફાર દેખાય છે. 'મિશનઃ ઈમ્પોસિબલ ડેડ રેકનિંગ' વખતે ટોમ ક્રૂઝે ભારતીય મીડિયા સાથે ખાસ વાત કરી. આ પહેલાં આવું ઓછું જોવા મળતું. 'ફ્રોઝન ૨' અને 'ધ સુપર મારિયો બ્રધર્સ મૂવી' જેવી એનિમેશન ફિલ્મ્સે અહીં પરિવાર ઓડિયન્સને ધ્યાનમાં રાખીને પ્રમોશન કર્યું.

પહેલાં હોલિવૂડ ફિલ્મ આવે એટલે સીધી જગ્યા મળી જતી. હવે એવું નથી. જો મોટી હિન્દી ફિલ્મ કે પેન-ઈન્ડિયા સાઉથ ફિલ્મ આવી રહી હોય તો હોલિવૂડ ડેટ બદલે છે. એ પણ હવે ભારતીય કેલેન્ડર જુએ છે, કારણ કે અહીંની ફિલ્મ્સ પણ હવે સ્કેલમાં મોટી છે. 'બાહુબલી ૨' અને 'આરઆરઆર' પછી ભારતીય દર્શકને ભવ્યતા અહીં પણ મળી રહે છે.

સ્ટ્રીમિંગે પણ મોટી ભૂમિકા ભજવી છે. નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ, ડિઝની+ આ બધાએ હોલિવૂડ ક્ધટેન્ટને બધે પહોંચાડ્યું. 'સ્ટ્રેન્જર થિંગ્સ', 'સ્કવીડ ગેમ' જેવી સિરીઝ ભારતભરમાં લોકપ્રિય થઈ. જ્યારે લોકો ઘરે અમેરિકન શો જુએ છે, ત્યારે થિયેટરમાં આવતી ફિલ્મ માટે પણ એ વધુ તૈયાર હોય છે.

આઈમેક્સ સ્ક્રીન્સનું વધતું નેટવર્ક પણ મહત્ત્વનું છે. 'ડ્યુનઃ પાર્ટ ટુ' અને 'ઓપનહાઈમર' જેવી ફિલ્મ્સ માટે લોકો ખાસ આઈમેક્સમાં ગયા. પહેલા એવું નહોતું. મોટા સ્ટુડિયો હવે ભારતમાં પોતાની પકડ મજબૂત કરવા માંગે છે. ડિઝનીએ સ્ટાર ઈન્ડિયા ખરીદી પછી પરિસ્થિતિ જ બદલી નાખી. ડિઝની+ હોટસ્ટારના (હવે જિયો હોટસ્ટાર) કારણે માર્વેલ અને બીજા હોલિવૂડ બ્રાન્ડ્સ સીધા ઘર સુધી પહોંચી ગયા.

એ છતાં ભારત એકસરખું માર્કેટ નથી. મુંબઈ, દિલ્હી, બેંગલુરુ જેવાં મોટાં શહેરોમાં હોલિવૂડ ફિલ્મ્સ સરળતાથી ચાલે છે. પણ નાનાં શહેરોમાં હજી પણ ફક્ત મોટી એક્શન કે સુપરહીરો ફિલ્મ જ કામ કરે છે. સામાન્ય ડ્રામા ફિલ્મને ત્યાં એટલો રિસ્પોન્સ મળતો નથી. એટલે સ્ટુડિયો હવે સમજવા લાગ્યા છે કે દરેક શહેર માટે અલગ વિચારવું પડે. ક્યાં વધારે શો મૂકવા, ક્યાં ડબ વર્ઝન પર ભાર આપવો, આ બધું હવે ગણતરીથી થાય છે.

ફેન કલ્ચર પણ હવે વધ્યું છે. કોમિક કોન જેવી ઈવેન્ટ્સમાં યુવાઓ માર્વેલ કે ડીસી પાત્રોના કપડાં પહેરીને આવે છે.

સુપરહીરો ફિલ્મ રિલીઝ થાય ત્યારે મિડનાઈટ શો હાઉસફુલ થાય છે. આ ક્રેઝ પહેલા ઓછો હતો. એક મોટું કારણ ચીન માર્કેટનું અનિશ્ચિત થવું પણ છે. પહેલા ઘણા હોલિવૂડ બ્લોકબસ્ટર માટે ચીન મોટી કમાણી આપતું. હવે ત્યાં રેગ્યુલેશન અને પોલિટિકલ પરિસ્થિતિને કારણે અનિશ્ચિતતા છે. આવી સ્થિતિમાં ભારત સ્થિર અને વધતું માર્કેટ લાગે છે. યુવા વસતિ મોટી છે. મલ્ટિપ્લેક્સ ચેઈન્સ ટિયર-૨ શહેરોમાં ફેલાઈ રહી છે. આ લાંબા ગાળે સ્ટુડિયોઝ માટે આકર્ષક છે.

સાચી વાત એ છે કે હોલિવૂડ હવે ભારતને ગંભીરતાથી ગણે છે. રિલીઝ ડેટ, ડબિંગ, માર્કેટિંગ, પ્રીમિયમ સ્ક્રીન્સ બધું જ પ્લાનિંગ સાથે થાય છે. ભારતીય ઓડિયન્સ પણ ગ્લોબલ ફિલ્મ્સ વિશે અપડેટેડ છે. અમદાવાદ કે મુંબઈનો યુવાન 'ડ્યુન' કે 'ધ બેટમેન' વિશે એટલી જ ચર્ચા કરે છે જેટલી અમેરિકામાં થાય છે.

લાસ્ટ શોટ

'ઓપનહાઈમર' કોઈ માસ એક્શન ફિલ્મ નહોતી. છતાં ભારતમાં તેને જબરદસ્ત રિસ્પોન્સ મળ્યો હતો.

**પરિસ્થિતિ બદલાઈ રહી હતી, પણ 'અવેન્જર્સઃ એન્ડગેમ' પછી બધાને ખાસ સમજાયું કે ભારતમાં પાવર છે. એ ફિલ્મ માટે અહીં જે ક્રેઝ હતો એ કોઈ સામાન્ય વાત નહોતી. સવારે ૬ વાગ્યાના શો, લાંબી લાઈનો, ટિકિટના બ્લેક ... આ બધું આપણે જોયું.**

# ઈંગ્લેન્ડને હરાવીને ભારત ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં

## સંજુ સેમસને આક્રમક ૮૯ રન ફટકાર્યા, બોલર્સ ઝળક્યા, છેલ્લી ઓવરમાં ભારત ૭ રનથી જીત્યું: હવે ન્યૂઝીલેન્ડ સામે રવિવારે ફાઈનલ રમાશે

જેકોબ બેથેલની શાનદાર અને લડાયક સદીને કારણે રોમાંચક બનેલી આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ગુરુવારે ભારતે મજબૂત રમત દાખવીને ઈંગ્લેન્ડને સાત રનથી હરાવીને ફાઈનલમા પ્રવેશ કરી લીધો હતો. આ સાથે ભારતે સળંગ બીજા વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો જ્યાં રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે તેનો મુકાબલો ન્યૂઝીલેન્ડ સામે થશે. ગુરુવારે અહીં રમાયેલી સેમિફાઈનલમાં ભારતે પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૫૩ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં જેકોબ બેથેલની લડાયક સદી છતાં ઈંગ્લેન્ડ તેની ૨૦ ઓવરને અંતે ૨૪૬ રન પર અટકી ગયું હતું. આમ આ મેચમાં બંને ટીમે મળીને ૪૯૯ રન કર્યા હતા.

જેકોબ બેથેલે માત્ર ૧૯ બોલમાં તેની અડધી સદી પૂરી કરી હતી. વર્લ્ડ કપના નોકઆઉટ રાઉન્ડમાં આ ઝડપી અડધી સદી હતી. હજી બુધવારે જ ન્યૂઝીલેન્ડના ફિન એલને સાઉથ આફ્રિકા સામે ૧૯ બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે ૪૫ બોલમાં પોતાની સદી પણ પૂરી કરી હતી. ફિન એલન બાદ વર્લ્ડ કપની આ બીજી ઝડપી સદી હતી. છેલ્લી ઓવરમાં આઉટ થતાં અગાઉ બેથેલે ૪૮ બોલમાં સાત સિક્સર અને આઠ ચોગ્ગા સાથે ૧૦૫ રન ફટકાર્યા હતા.

ઈંગ્લેન્ડની ઈનિંગ્સમાં હાર્દિક પંડ્યાએ તેની પહેલી ઓવરના પહેલા બોલે જ ખતરનાક ઓપનર ફિલ સોલ્ટને આઉટ કરી દીધો હતો તો હેરી બ્રુક પણ સસ્તામાં આઉટ થયો હતો. જોઝ બટલરે ૧૭ બોલમાં ૨૫ રન ફટકાર્યા હતા પરંતુ લાંબું ટકી શક્યો ન હતો. જેકોબ બેથેલે આવીને ઈંગ્લેન્ડ માટે વળતા પ્રહારની શરૂઆત કરી હતી.

બેથેલ અને વિલ જેક્સે પાંચમી વિકેટ માટે વિશાળ ભાગીદારી નોંધાવી હતી. આ વિકેટે ભારતીય કેમ્પમાં ચિતાંનું વાતાવરણ સર્જી દીધું હતું. જોકે ૩૯ બોલમાં ૭૭ રનની ભાગીદારી બાદ વિલ જેક્સે અર્શદીપના બોલે ડીપ પોઈન્ટ તરફ ઉછાળ્યો હતો. અક્ષર પટેલે લગભગ ડાઈવ લગાવીને બોલ પકડ્યો હતો પરંતુ તે બાઉન્ડ્રીની બહાર ચાલ્યો જાય તે અગાઉ તેણે બોલને મેદાનમાં જ ઉછાળી દીધો હતો અને શિવમ દૂબેએ આસાન કેચ ઝડપી લેતાં ભાગીદારી અને જેક્સની ઈનિંગ્સનો અંત આવ્યો હતો.




અગાઉ ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ આપતાં ભારતે શરૂઆતમાં અભિષેક શર્માની વિકેટ ગુમાવી હતી પરંતુ ત્યાર બાદ સંજુ સેમસન, શિવમ દૂબે અને હાર્દિક પંડ્યાએ મહત્વપૂર્ણ યોગદાન આપીને ભારતનો સ્કોર ૨૫૩ સુધી પહોંચાડી દીધો હતો. આમ ભારતના મોટાભાગના બેટર્સે શાનદાર બેટિંગ કરી હતી. ભારતે હજી ૨૬મી ફેબ્રુઆરીએ સુપર-૮ તબક્કામાં ચેન્નાઈ ખાતે ૨૫૬ રનનો સ્કોર રજૂ કર્યો હતો ગુરુવારે તેણે ૨૫૩ રન નોંધાવ્યા હતા.

સંજુ સેમસને તેન મળેલા જીવતદાનનો ભરપુર લાભ ઉઠાવીને શાનદાર ૮૯ રન ફટકાર્યા હતા. ટી૨૦ વર્લ્ડ કપના નોકઆઉટ તબક્કામાં ભારત તરફથી આ સર્વોચ્ચ સ્કોર હતો. ત્રીજી ઓવરમાં સેમસન ૧૩ રનના સ્કોરે રમતો હતો ત્યારે જોફરા આર્ચરની બોલિંગમાં મિડ ઓન પર ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે તેનો કેચ છોડયો હતો. આ કેચ ઈંગ્લેન્ડને ભારે પડી ગયો હતો. સેમસને ત્યાર બાદ જોફરા આર્ચરની બોલિંગમાં બે સિક્સર તથા કેટલાક ચોગ્ગા ફટકારી દીધા હતા.

ભારતે તેની પહેલી દસ ઓવરમાં જ બે વિકેટે ૧૧૯ રન કર્યા હતા જે દરમિયાન સેમસને ૨૬ બોલમાં તેની અડધી સદી પૂરી કરી દીધી હતી. આ સાથે તેણે સળંગ બીજી મેચમાં અડધી સદી ફટકારી હતી. તેણે ડાઉસનની બોલિંગમાં આકર્ષક સિક્સર સાથે ત્રણ સિક્સર અને સાત ચોગ્ગા સાથે ૨૬ બોલમાં પોતાના ૫૦ રન પૂરા કર્યા હતા. જોકે અંતે ૪૨ બોલમાં સાત સિક્સર અને આઠ ચોગ્ગા સાથે ૮૯ રન ફટકારીને સંજુ સેમસન સ્પિનર વિલ જેક્સના બોલે આઉટ થઈ ગયો હતો.

સેમસન આઉટ થયો તે અગાઉ ભારતે ઈનિંગ્સની શરૂઆતમાં જ ઓપનર અભિષેક શર્મા (૦૯) ની વિકેટ ગુમાવી દીધી હતી. તેને પણ વિલ જેક્સે જ આઉટ કર્યો હતો. ઈશાન કિશને આક્રમક બેટિંગ કરી હતી. તેણે માત્ર ૧૮ બોલ રમીને ૩૯ રન ફટકાર્યા હતા. જેમાં ચાર ચોગ્ગા અને બે સિકસર સામેલ હતી.

શિવમ દૂબેને આ મેચમાં ચોથા ક્રમે મોકલવામાં આવ્યો હતો જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવ પાંચમા ક્રમે રમવા આવ્યો હતો. સૂર્યા તો સસ્તામાં આઉટ થઈ ગયો હતો પરંતુ શિવમ દૂબેએ શાનદાર બેટિંગ કરી હતી. તેણે ૨૫ બોલમાં ૪૩ રન ફટકાર્યા હતા જેમાં ચાર સિકસર સામેલ હતી. જોકે અંતે હાર્દિક પંડ્યા સાથે થયેલી ગેરસમજમાં તે રનઆઉટ થયો હતો.

# સૂર્યાએ સૌથી વધુ મેચોમાં કેપ્ટનશિપ કરવાનો વિરાટનો રેકોર્ડ તોડયો




ટી૨૦ વર્લ્ડકપ-૨૦૨૬ની બીજી સેમિ ફાઈનલમાં ભારતે ઈંગ્લેન્ડને હરાવી ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. ઈંગ્લેન્ડે ટોસ જીતીને ભારતને પહેલા બેટિંગ આપી હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ નિર્ધારીત ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૫૩ રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૪૬ રન કરી શકી હતી.

આ સાથે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં સૂર્યકુમાર યાદવે વિરાટ કોહલીની રેકોર્ડ તોડ્યો છે. સૂર્યાએ કોહલીનો સૌથી વધુ મેચોમાં કેપ્ટનશિપ કરવાનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

ભારતીય ટી૨૦ કેપ્ટન તરીકે સૂર્યકુમાર યાદવની આ ૫૧મી મેચ છે. આ સાથે જ તે વિરાટ કોહલીને પાછળ છોડીને ભારતના સૌથી સફળ ટી૨૦ કેપ્ટનોની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. વિરાટ કોહલીએ કુલ ૫૦ ટી૨૦ મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું. જેમાં એમ.એસ. ધોનીએ 72 T20 મેચ, રોહિત શર્માએ 62-T20 મેચમાં, સૂર્યકુમાર યાદવએ 51-T20 મેચમાં અને વિરાટ કોહલીએ 50-T20 મેચમાં કેપ્ટનશિપ કરી છે. સૂર્યકુમાર યાદવની કેપ્ટન તરીકેની સફર ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. આ મહિનાની શરૂઆતમાં જ તેણે વિરાટ કોહલીનો વધુ એક રેકોર્ડ તોડ્યો હતો. તેણે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત માટે સૌથી વધુ 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ જીતવાની સિદ્ધિ પણ પોતાના નામે કરી છે. ભારતે બીજી સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. હવે ભારત ૮મી માર્ચના રોજ ન્યૂઝીલેન્ડ સામે ફાઈનલ મેચ રમશે.

# અક્ષર પટેલનાં અદ્ભૂત કેચ : બાઉન્ડ્રી લાઈન પર વિલ જેક્સને આઉટ કર્યો

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી સેમિ ફાઈનલમાં અક્ષર પટેલની દમદાર ફિલ્ડિંગ જોવા મળી છે. તેણે વિલ જેક્સને અશક્ય લાગતો કેચ કરાવીને સૌને આશ્ચર્યમાં મુકી દીધા છે. મેચની ૧૩.૬ ઓવર દરમિયાન જ્યારે ઈંગ્લેન્ડનો સ્કોર ૧૭૨ રન હતો ત્યારે પાંચમી વિકેટના રૂપમાં વિલ જેક્સ આઉટ થયો હતો. અર્શદીપ સિંહની બોલિંગમાં વિલ જેક્સે બાઉન્ડ્રી તરફ મોટો શોટ રમતા સિક્સ ફટકારવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે બાઉન્ડ્રી લાઈન પર દોડીને આવીને અક્ષર પટેલે અશક્ય લાગતો કેચ પકડ્યો હતો.

અક્ષર પટેલના હાથમાં બોલ આવ્યો ત્યારે તેનું સંતુલન બગડ્યું હતું અને તે બાઉન્ડ્રી લાઈન ઓળંગી જાય તેમ હતો. આ દરમિયાન તેણે બાઉન્ડ્રી લાઈન પર પડે તે પહેલા તુરંત બોલને હવામાં ઉછાળીને પાસે ઉભેલા શિવમ દુબે તરફ ફેંક્યો હતો અને પોતે બાઉન્ડ્રીની બહાર પડ્યો હતો. શિવમ દુબેએ આ કેચ સફળતાપૂર્વક ઝીલી લેતા વિલ જેક્સની મહત્વની વિકેટ ભારતને મળી હતી. વિલ જેક્સે આક્રમક બેટિંગ કરતા ૨૦ બોલમાં ચાર ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૩૫ રન બનાવ્યા હતા. અક્ષર પટેલની આ ફિલ્ડિંગના સોશિયલ મીડિયા પર ફેન્સ દ્વારા ખૂબ જ વખાણ કરવામાં આવી રહ્યા છે.




# ટી૨૦ વર્લ્ડકપ-૨૦૨૬માં સૂર્યકુમાર યાદવે તોડ્યો વિરાટ કોહલીનો રેકોર્ડ

ટી૨૦ વર્લ્ડકપ-૨૦૨૬ની બીજી સેમિ ફાઈનલમાં ભારતે ઈંગ્લેન્ડને હરાવી ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. ઈંગ્લેન્ડે ટોસ જીતીને ભારતને પહેલા બેટિંગ આપી હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ નિર્ધારીત ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૫૩ રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૪૬ રન કરી શકી હતી. આ સાથે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં સૂર્યકુમાર યાદવે વિરાટ કોહલીની રેકોર્ડ તોડ્યો છે. સૂર્યાએ કોહલીનો સૌથી વધુ મેચોમાં કેપ્ટનશિપ કરવાનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ભારતીય ટી૨૦ કેપ્ટન તરીકે સૂર્યકુમાર યાદવની આ ૫૧મી મેચ છે. આ સાથે જ તે વિરાટ કોહલીને પાછળ છોડીને ભારતના સૌથી સફળ ટી૨૦ કેપ્ટનોની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. વિરાટ કોહલીએ કુલ ૫૦ ટી૨૦ મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું.

સૂર્યકુમાર યાદવની કેપ્ટન તરીકેની સફર ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. આ મહિનાની શરૂઆતમાં જ તેણે વિરાટ કોહલીનો વધુ એક રેકોર્ડ તોડ્યો હતો. તેણે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત માટે સૌથી વધુ 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ જીતવાની સિદ્ધિ પણ પોતાના નામે કરી છે.

ભારતે બીજી સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. હવે ભારત ૮મી માર્ચના રોજ ન્યૂઝીલેન્ડ સામે ફાઈનલ મેચ રમશે. આજની મેચમાં સંજુ સેમસને આક્રમક બેટિંગ કરતા માત્ર ૪૨ બોલમાં ૮ ફોર અને ૭ સિક્સની મદદથી સૌથી વધુ ૮૯ રન ફટકાર્યા હતા. અભિષેક શર્માએ ૯ રન, ઈશાન કિશને ૧૮ બોલમાં ૩૯ રન, શિવમ દુબેએ ૨૫ બોલમાં ૪૩ રન, કેપ્ટન સૂર્યકુમાર યાદવે ૧૧ રન, હાર્દિક પંડ્યાએ ૧૨ બોલમાં ૨૭ રન તથા તિલક વર્માએ માત્ર ૭ બોલમાં ૩ સિક્સ સાથે ૨૧ રન ફટકારી સ્કોરને મજબૂતી આપી હતી. મેચમાં હાર્દિકે બે વિકેટ, જ્યારે અર્શદિપ સિંઘ, જસપ્રિત બુમરાહ, વરૂણ ચક્રવર્તી, અક્ષર પટેલે ૧-૧ વિકેટ લીધી હતી. જ્યારે ઈંગ્લેન્ડ તરફથી જેકોબ બેથેલે વિસ્ફોટક બેટિંગ કરીને ૪૮ બોલમાં આઠ ફોર અને સાત સિક્સ સાથે ૧૦૫ રન નોંધાવ્યા હતા.






# રણજી ટ્રોફીમાં ચમક્યા બાદ આઈસીસી ચેરમેન જય શાહને મળવા પહોંચી જમ્મુ-કાશ્મીરની ટીમ, સમર્થન બદલ વ્યક્ત કર્યો આભાર



જમ્મુ-કાશ્મીરે રણજી ટ્રોફીનો ખિતાબ પોતાને નામ કરી ઈતિહાસ રચી દીધો છે. ઐતિહાસિક જીતને લઈને જમ્મુ-કાશ્મીર રણજી ટીમના સદસ્યોએ આઈસીસી ચેરમેન જય શાહની મુલાકાત લીધી છે અને જમ્મુ-કાશ્મીરમાં ક્રિકેટના વિકાસમાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. આ મિટિંગમાં ટીમની પ્રગતિ તથા ઘરેલુ ક્રિકેટમાં જમ્મુ-કાશ્મીરના ખેલાડીઓ માટે વધતી તકો વિશે ચર્ચા કરાઈ હતી.

આ દરમિયાન ટીમે વહીવટી સપોર્ટ અને પહેલ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. જેનાથી જમ્મુ-કાશ્મીરમાં યુવા ક્રિકેટર્સ માટે ક્રિકેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવામાં મદદ મળી છે. મહત્ત્વપૂર્ણ છે કે, રણજી ટ્રોફીમાં ટીમના પ્રભાવી પરફોર્મન્સથી જમ્મુ-કાશ્મીર ક્રિકેટે સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કર્યું છે. આઈસીસી ચેરમેન જય શાહે ટીમના પ્રયાસો અને પરફોર્મન્સની પ્રશંસા કરી હતી. તેઓએ નોંધ્યું હતું કે, તેમની પ્રગતિ આ પ્રદેશમાં મૂળભૂત ક્રિકેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સતત રોકાણના સારા પરિણામો સૂચવે છે. જમ્મુ-કાશ્મીરે કર્ણાટક સામેની મેચ પ્રથમ ઈનિંગની લીડના આધારે જીતી હતી. જેમાં જમ્મુ-કાશ્મીરે પહેલી ઈનિંગમાં ૨૯૧ રનની લીડ મેળવી હતી. જેમાં પાંચમા દિવસે જમ્મુ-કાશ્મીરે બીજી ઈનિંગમાં ચાર વિકેટ પર ૩૪૨ રન કર્યા અને તેની કુલ લીડ ૬૩૩ રન થઈ ગઈ હતી. જમ્મુ-કાશ્મીરના કેપ્ટન પારસ ડોગરાએ ઈનિંગ ડિકલેર કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ બંને ટીમના કેપ્ટન દિવસની રમત સમાપ્ત કરવા સંમત થયા, જેના પરિણામે મેચ ડ્રો થઈ. આમ, જમ્મુ-કાશ્મીરે ઐતિહાસિક જીત મેળવી હતી.

# રાજ્ય સરકાર દ્વારા માઉન્ટ આબુ ખાતે નિઃશુલ્ક પર્વતારોહણ તાલીમ

## આગામી તા. ૯ મે થી શરૂ થતી આ શિબિરમાં ભાગ લેવા ઇચ્છુક ઉમેદવારો તા. ૩૧, માર્ચ સુધી અરજી કરી શકશે

સુરત, તા.૬

રાજ્યમાં આવેલા વિવિધ પર્વતોના શિખરો સર કરવા જેવી સાહસિક પ્રવૃત્તિઓના શોખીન બાળકો તેમજ યુવાઓ માટે રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા માઉન્ટ આબુની સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા ખાતે નિઃશુલ્ક પર્વતારોહણ કોર્ષનું આયોજન કરવામાં આવશે. પસંદગી પામનાર ઉમેદવારોને રહેવા, જમવા અને તાલીમનો કોઈ ખર્ચ ભોગવવાનો રહેશે નહીં. આ ઉપરાંત વતનથી તાલીમી સંસ્થાના સ્થળે આવવા-જવા માટે જી બસ અથવા રેલ્વે સેકન્ડ ક્લાસનું ભાડું પણ મળવાપાત્ર થશે.

વધુમાં, પર્વતારોહણ તાલીમ શિબિર અંતર્ગત એડવેન્ચર કોર્ષ તા. ૦૯ થી ૧૫ મે, ૨૦૨૬ સુધી યોજાશે. જેમાં ૮ થી ૧૩ વર્ષની વય ધરાવતા યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. ઉપરાંત એડવાન્સ રોક ક્લાઈમ્બીંગ કોર્ષ તા. ૧૮મી મે થી ૦૧ જૂન, ૨૦૨૬ સુધી યોજાશે. આ કોર્ષમાં ભાગ લેવા ઈચ્છુક ૧૫ થી ૪૫ વર્ષના ઉમેદવારોએ ઉપરોક્ત સંસ્થા તથા તેના પેટા કેન્દ્રો ખાતે બેઝિક ખડક ચઢાણ કોર્ષ A અથવા B ગ્રેડ સાથે પાસ કરેલો હોવો જોઇએ. આ ઉપરાંત તા. ૦૯ મે થી ૦૭ જૂન, ૨૦૨૬ સુધી યોજાનાર કોચિંગ રોક ક્લાઈમ્બીંગ કોર્ષમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ ઉપરોક્ત સંસ્થા ખાતે એડવાન્સ કોર્ષ A અથવા B ગ્રેડ સાથે પાસ કર્યો હોવો જોઈએ. આ કોર્ષમાં ભાગ લેવા ઉમેદવારની વય મર્યાદા ૧૬થી ૪૫ વર્ષની સાથે તેમણે ધો. ૧૦ પાસ કરેલું પણ હોવું જોઈએ. આ ત્રણેય કોર્ષમાં ભાગ લેવાની અંતિમ તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ છે, તેમ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ દ્વારા જણાવવામાં આવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, આ શિબિરમાં જોડાવા માંગતા ગુજરાતના વતની હોય તેવા ઉમેદવારે પોતાનું નામ, સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર સહિતની માહિતી દર્શાવતી અરજી કરવાની રહેશે. આ નિયત અરજી ફોર્મનો નમુનો સંસ્થાના ફેસબુક પેજ https://www.facebook.com/svimadmin/ પરથી મેળવી શકાશે. જેમાં ગુજરાતના વતની હોવાનો આધાર અથવા દાખલો, શારીરિક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર, જન્મ તારીખનો પુરાવો, ઉમેદવારે અકસ્માત-ઈજા વગેરે જોખમ અંગે વાલીનું સંમતિપત્ર તથા પર્વતારોહણ તાલીમ કોર્ષમાં ભાગ લીધો હોય તો તે અંગેના પ્રમાણપત્રની ખરી નકલ અવશ્ય જોડવાની રહેશે. આ ઉપરાંત તાલીમાર્થી જે કોર્ષમાં સહભાગી થવા માંગતા હોય તે કોર્ષનું નામ અરજીના મથાળે સ્પષ્ટ લખવાનું રહેશે. અધુરી વિગતવાળી અરજીઓ તથા નિયત સમય મર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. આ તાલીમ કોર્ષમાં જોડાવા માંગતા ઉમેદવારોએ આચાર્યશ્રી, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, ગૌમુખ રોડ, માઉન્ટ આબુ. પિનકોડ નં. ૩૦૭૫૦૧ના સરનામે સંપૂર્ણ વિગતો સાથે અરજી મોકલવાની રહેશે.



# પીપી સવાણી, રેડીયન્ટ સ્કૂલની કિશોરીઓનું એચપીવી રસીકરણ

સુરત, તા.૬

સુરત, તા. ૦૩ માર્ચ ૨૦૨૬, ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલા ગર્ભાશયના મુખના કેન્સર સામેના રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાન અંતર્ગત સુરત મહાનગર પાલિકા દ્વારા સિંગણપોર હેલ્થ સેન્ટર ખાતે તા. ૫ અને ૬ માર્ચ ૨૦૨૬ના રોજ રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ડભોલી સ્થિત પી.પી. સવાણી રેડીયન્ટ ઈંગ્લીશ એકેડેમીની ધોરણ ૮ અને ૯માં અભ્યાસ કરતી ઘણી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને HPV રસી લીધી હતી. શાળાના સંચાલન મંડળ અને શિક્ષકમંડળના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓ તથા વાલીશ્રીઓએ આ આરોગ્યલક્ષી અભિયાનને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. આ અભિયાનને સફળ બનાવવા માટે સુરત મહાનગર પાલિકા અને આરોગ્ય વિભાગે શાળાને આભાર વ્યક્ત કર્યો હતો.

# ઈઝરાયલ-અમેરિકા અને ઈરાનનાં યુદ્ધ દરમ્યાન નાટો દરમિયાનગીરી કરશે

બે બિલાડી અને એક વાંદરો અંગેની વાર્તા અનુસાર!(બંને બિલાડી ખીજવાઈ જઈ લડવા તૈયાર થાય છે, એટલામાં એક વાંદરો આવે છે!) વાંદરો - ( બંને બિલાડીને ગુસ્સે જોઈ, મનમાં ) કંઈ લડાઈ સળગી લાગે છે. લાવ જોઉં, શું છે. ( બિલાડીઓને ) કેમ બે'નો, શું છે ?! ( બંને બિલાડી પોતપોતાની હકીકત તેને કહી ...!ખેર, ઈઝરાયલ- અમેરિકા અને ઈરાનનાં યુદ્ધ દરમ્યાન નાટો દરમિયાનગીરી કરશે!? નાટો એટલે નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન, જે એક આંતરરાષ્ટ્રીય સૈન્ય સંગઠન છે. તેની સ્થાપના ૪ એપ્રિલ ૧૯૪૯ ના રોજ કરવામાં આવી હતી, જેમાં ૩૦ સભ્ય દેશો છે, જેમાંથી મોટાભાગના યુરોપ અને ઉત્તર અમેરિકાના છે!

**નાટોના મુખ્ય ઉદ્દેશો:**

સભ્ય દેશોની સ્વતંત્રતા અને સુરક્ષાની રક્ષા કરવી!, આતંકવાદ, સાયબર હુમલા અને સામૂહિક વિનાશના શસ્ત્રો સામે લડવું!, સભ્ય દેશો વચ્ચે સૈન્ય સહકાર અને સંકલન વધારવું! નાટોના સભ્ય દેશોમાં અલ્બેનિયા, બેલ્જિયમ,બલ્ગેરિયા,કેનેડા, ક્રોએશિયા, ઝેક રિપબ્લિક,ડેનમાર્ક, એસ્ટોનિયા, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, હંગેરી, આઈસલેન્ડ, ઈટાલી, લેટવિયા, લિથુઆનિયા, લક્ઝમબર્ગ, મોન્ટેનેગ્રો, નેધરલેન્ડ, નોર્થ મેસેડોનિયા, નોર્વે, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનિયા, સ્લોવેકિયા, સ્લોવેનિયા, સ્પેન, તુર્કી, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સનો સમાવેશ થાય છે!

નાટોનું મુખ્ય મથક બ્રુસેલ્સ, બેલ્જિયમમાં છે! આમ, ઉપલી હકીકતે અને વિગતે નાટોના સભ્ય દેશોમાં ૩૦ દેશો છે, જેમાંથી મોટાભાગના યુરોપ અને ઉત્તર અમેરિકાના છે! નાટોની ભૂમિકા!: નાટોની ભૂમિકા સભ્ય દેશોની સુરક્ષાની રક્ષા કરવા ઉપરાંત આતંકવાદ, સાયબર હુમલા અને સામૂહિક વિનાશના શસ્ત્રો સામે લડવાની છે! નાટો અને યુક્રેન-રશિયા સંઘર્ષ!: નાટોએ યુક્રેન-રશિયા સંઘર્ષમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જેમાં સભ્ય દેશોને સુરક્ષા અને સહાય પૂરી પાડવામાં આવી છે!.

ભારત અને નાટો!: નાટોના દરવાજા ભારત માટે ખુલ્લા છે, જો ભારત તેને અનુસરવામાં રસ લે તો!કિન્તુ,ઈઝરાયલ-અમેરિકા અને ઈરાનનાં યુદ્ધ દરમ્યાન, દરમિયાનગીરી કરવા વાસ્તે નાટોના કોઈ ચોક્કસ પાસા છે ખરા!? તેની ભૂમિકા શું!?સંઘર્ષમાં અથવા તેના ભવિષ્યના લક્ષ્યાંકો શું છે!?અન્યથા, બે બિલાડીની લડાઈમાં વાંદરો ફાવશે અને / અથવા બે આખલા યુદ્ધમાં ઘાસનું નિકંદન થશે!


**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

# કડોદરા ખાતે 'સ્વદેશી મેળા' દ્વારા નારીશક્તિ અને કલાને પ્રોત્સાહન મળ્યું

સુરત, તા.૬

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ (ગુજરાત શહેરી આજીવિકા મિશન) તથા કડોદરા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે કડોદરા ચાર રસ્તા પાસે આવેલા અકળામુખી મંદિર ગ્રાઉન્ડ ખાતે તા.૨ માર્ચ સુધી આયોજિત સ્વદેશી-મેળાનો પ્રારંભ થયો છે.

વડાપ્રધાનશ્રીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવાના ઉમદા હેતુથી આયોજિત આ મેળાને આજે જ કડોદરા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ નારાયણીબેન શર્મા, અંકુરભાઈ દેસાઈ, ચીફ ઓફિસર પ્રણવ ચૌધરી તથા સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે નારાયણીબેને મેળાના આયોજનોથી સ્થાનિક સ્તરે કારીગરોની સુષુપ્ત કલાને યોગ્ય મંચ મળે છે અને નાના ઉદ્યોગકારોનો આત્મવિશ્વાસ વધે છે, ત્યારે આ સ્વદેશી મેળો તા. ૨ માર્ચ સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે. કડોદરા અને આસપાસના વિસ્તારના નાગરિકોને આ મેળાની મુલાકાત લેવા ખાસ અપીલ કરી હતી. આ મેળાની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં કડોદરા સહિત પલસાણા, કામરેજ, ઓલપાડ અને બારડોલી તાલુકાની સખી મંડળની બહેનો અને કુશળ કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલી શુદ્ધ અને ગુણવત્તાસભર વસ્તુઓનું પ્રદર્શન-વેચાણ રાખવામાં આવ્યું છે.અહીં હાથબનાવટના ગૃહ સુશોભન અને હસ્તકલાના નમૂનાઓ, પરંપરાગત વસ્ત્રો તેમજ શુદ્ધ મસાલા, અથાણાં અને પાપડ જેવી ખાણી-પીણીની વસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલા આ ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચતા હોવાથી વચેટિયાઓ દૂર થાય છે અને કારીગરોને તેમની મહેનતનું પૂરું વળતર મળી રહે છે. આમ, સ્થાનિક મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન મળે અને આપણું સ્થાનિક અર્થતંત્ર વધુ મજબૂત બને, મોલ કે ઓનલાઇન શોપિંગના બદલે ઘરઆંગણે બનતી ચીજવસ્તુઓ ખરીદીને 'સ્વદેશી' અપનાવવાનો આ એક શ્રેષ્ઠ અવસર છે.



# ગાય પગલા ખાતે શંખેશ્વર મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ

## રવિવારે પ્રતિષ્ઠાન મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે મહાપ્રસાદીનું આયોજન

સુરત, તા.૬

શ્રી દત્તાત્રેય દેવાલય ટ્રસ્ટ દત્તભક્ત મંડળ તથા દત્તપરિવાર, ગાયપગલા તીર્થધામ ખાતે આગામી ૦૬ થી ૦૮ માર્ચ દરમિયાન ૫૦૦૦ વર્ષ પુરાણા ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામના હાથે સ્થપાયેલા શ્રી શંખેશ્વર મહાદેવ મંદિર જીણોદ્ધાર અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવશે.

શ્રી ગુજરાત સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અનુદાનમાંથી તેમજ ધર્મપ્રેમી દાતાશ્રીઓના સહયોગથી ભવ્ય રીતે નિર્માણ પામેલ સૂર્યપુત્રી તાપી નદીના કિનારે આવેલ ગાયપગલા સ્થિત શ્રી શંખેશ્વર મહાદેવ મંદિર, ધોરણપારડીમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ત્રી-દિવસીય ધાર્મિક આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સર્વ ધર્મપ્રેમી જનતાને પધારી દર્શન અને પ્રસાદીનો લાભ લેવા શ્રી દત્તાત્રેય દેવાલય અને દત્તભક્ત મંડળ ટ્રસ્ટ તરફથી પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે. શ્રી શંખેશ્વર મહાદેવની અસીમ કૃપાથી કામરેજ તાલુકા સૂર્યપુત્રી તાપી નદીના કિનારે ગાયપગલા તીર્થધામે શ્રી શંખેશ્વર મહાદેવના મંદિરમાં શ્રી ગણપતિ, શ્રી હનુમાનજી મહારાજ, શ્રી નંદીશ્વર, શ્રી કુર્મનારાયણ, શ્રી પાર્વતી માતાજી, શ્રી તાપી માતાજી, શ્રી બલરામજી, શ્રી કૃષ્ણજી વિગેરે દેવતાઓનો ''પ્રાણપ્રતિષ્ઠા યજ્ઞ'' મહોત્સવ ઊજવાશે.

# પ્રાથમિક શાળા ક્ર. ૨૭૨માં માતૃભાષા દિવસની ઉજવણી

## ઉત્કૃષ્ટ દેખાવ કરનારને 'માતૃભાષા ચાહક પુરસ્કાર' એનાયત

સુરત, તા.૬

સંસ્કાર અને સંસ્કૃતિની જાળવણીનો આધારસ્તંભ માતૃભાષા છે. વિદ્યાર્થીઓ માતૃભાષામાં સજ્જતા કેળવે તેવા ઉમદા હેતુ સાથે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-સુરત સંચાલિત મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ક્રમાંક-૨૭૨, નાના વરાછા ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે ત્રણ મહિના સુધી 'માતૃભાષા સજ્જતા યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય શ્રી મિતેશભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી રાજેશકુમાર ધામેલિયા દ્વારા આયોજિત આ યજ્ઞમાં ધોરણ ૫ થી ૮ ના ૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. છેલ્લા ત્રણ મહિના દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જોડણીના નિયમો અને શુદ્ધ લેખનની પદ્ધતિઓ શીખવવામાં આવી હતી. સમૂહ પ્રાર્થના દરમિયાન જોડણીના નિયમો ઉદાહરણો સાથે સમજાવવામાં આવતા હતા. વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તક ઉપરાંત 'સાચી જોડણી લાગે વહાલી' અને 'ભાષાસજ્જતા' પુસ્તિકાઓનો અભ્યાસ કરી પોતાની નોંધપોથીમાં લેખન કાર્ય કર્યું હતું. સમયાંતરે લેવાયેલી કસોટીઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ૧૪ વિદ્યાર્થીઓને ઈ.એમ. ચેરિટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી રમેશભાઈ વાઘાણી અને શાળાના શિક્ષકોના વરદ હસ્તે 'માતૃભાષા ચાહક પુરસ્કાર' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અવસરે શિક્ષક શ્રી રાજેશકુમાર ધામેલિયાએ જણાવ્યું હતું કે, ''AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ના યુગમાં વિચારશક્તિ, તર્કશક્તિ અને સમજણશક્તિનું મહત્ત્વ વધ્યું છે. આ પાયાના ગુણોને ખીલવવા માટે માતૃભાષા જ સર્વોત્તમ માધ્યમ છે.'' વિદ્યાર્થીઓમાં લેખન અને અભિવ્યક્તિના કૌશલ્યો ખીલે તે હેતુથી 'છૈં ના સમયમાં માતૃભાષાનું મહત્ત્વ', 'મનુષ્યના સર્વાંગી વિકાસમાં માતૃભાષાનું યોગદાન' અને 'માતૃભાષામાં શિક્ષણ મેળવનાર વિશ્વ વિખ્યાત મહાનુભાવો' જેવા વિષયો પર નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ-૭ના વિદ્યાર્થી ટાંક દેવાશુએ કર્યું હતું. આ આયોજનને સફળ બનાવવા શાળાના તમામ શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી.

**મતગણનામાં ભારત વિરોધી**
**પહેલા પાનાનું ચાલુ**

પુષ્પ કમલ દહલ પ્રચંડ, શેર બહાદુર દેઉબા અને માધવ કુમાર નેપાળ સહિત ૬ પૂર્વ પીએમ પણ રેસમાં છે.

રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP)ના ઉમેદવાર રંજુ દર્શના ન્યુપાને કાઠમંડુ-૧ બેઠક જીતી લીધી છે. સત્તાવાર જાહેરાત હજુ બાકી છે, પરંતુ મત ગણતરીઓએ તેમની સ્પષ્ટ જીતની પુષ્ટિ કરી છે.

રંજુ ન્યુપાને બીજી વખત સંસદીય ચૂંટણી લડી રહ્યા હતા. તેમણે નેપાળી કોંગ્રેસના ઉમેદવાર પ્રબલ થાપાને મોટા માર્જિનથી હરાવ્યા. થાપાને ૬,૩૬૪ મત મળ્યા.

**આસામમાં વાયુસેનાનું સુખોઈ**
**પહેલા પાનાનું ચાલુ**

વાયુસેના મુજબ, રડાર સાથે સંપર્ક કપાયા થયા પછી વાયુસેનાએ તરત જ એલર્ટ જાહેર કરીને ઘટનાની તપાસ માટે IAF ટીમને આસામ રવાના કરી. હાલમાં વિમાનની ચોક્કસ સ્થિતિ અને સંપર્ક તૂટવાનું કારણ શોધવામાં આવી રહ્યું છે.

સુખોઈ Su-30MKI ભારતીય વાયુસેનાના સૌથી અદ્યતન અને શક્તિશાળી ફાઈટર પ્લેનમાંથી એક માનવામાં આવે છે. આ બે એન્જિનવાળું મલ્ટીરોલ ફાઈટર જેટ છે, જેનો ઉપયોગ હવાઈ સંરક્ષણ, લાંબા અંતરની સ્ટ્રાઈક અને દેખરેખ જેવા મહત્વપૂર્ણ મિશનોમાં થાય છે.

ભારતીય વાયુસેનાનું SU-30MKI જેટ ટ્રેનિંગ ઉડાન પર હતું. ઉડાન દરમિયાન ટેકનિકલ ખામી સર્જાતા વિમાન નાસિક નજીક ખેતરમાં પડી ગયું. બંને પાઈલટોએ સમયસર ઈજેક્ટ કરી લીધું અને સુરક્ષિત બચી ગયા.

**અમેરિકા-ઈઝરાયેલ**
**પહેલા પાનાનું ચાલુ**

રીપોર્ટમાં એમ કહેવાયું છે કે પેન્ટાગોન દ્વારા ગુપ્તચર મદદ વધારવાની સાથોસાથ વધારાની એરડીફેન્સ સિસ્ટમ પણ તૈનાત કરવાની તૈયારી કરવામાં આવી છે. ઈરાન દ્વારા સસ્તા શાહિદ ડ્રોન મારફત થતાં સચોટ હુમલાથી અમેરિકા અકળાયું છે. રડાર સિસ્ટમ ભેદીને તે ત્રાટકે છે. આ ડ્રોનને તોડવા માટે અમેરિકાને અતિ મોંઘી મિસાઈલ સિસ્ટમનો સહારો લેવો પડી રહ્યો છે. પરિણામે યુધ્ધ ખર્ચનું અસંતુલન અમેરિકાને ભારે પડી રહ્યું છે. આ હકિકતને ધ્યાને રાખીને અમેરિકાએ પણ નાની અને ઓછી ખર્ચાળ કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ તૈનાત કરવાની તૈયારી શરૂ કરી છે. રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા સૈન્ય કાર્યવાહીની મદદ માટે સૈનિકોની સંખ્યા તથા તેતો વધારવાને પ્રાથમિકતા આપી છે તેના પરથી એવું તારણ નીકળે છે કે યુધ્ધ શરૂ થતાં પૂર્વે વર્તમાન ગંભીર પરિણામોનું અનુમાન મુકાયું ન હતું.

યુધ્ધને પરિણામે વિશ્વભરના દેશો પર આર્થિક દબાણ સર્જાવાનું પણ શરૂ થયું છે. ઈઝરાયેલના નાણાંપ્રધાને જાહેર કર્યું હતું કે યુધ્ધને કારણે દેશ પર દર અઠવાડિયે ત્રણ અબજ ડોલરનો બોજ પડી શકે છે. ઈઝરાયેલે યુધ્ધને કારણે લોકડાઉનની સ્થિતિ સર્જી છે જે હળવી કરવા સુચવાયું છે.

**પેટ્રોલ-ડીઝલ ગેસના**
**પહેલા પાનાનું ચાલુ**

રખાશે તથા ઉદ્યોગોને પ્રાથમીકતાના આધારે ગેસ અપાશે.દેશમાં ૫૦ દિવસનો પુરવઠો ઉપલબ્ધ છે તો આયાતના વિકલ્પ ચકાસી રહી છે. શીપીંગ અને વિમા કંપનીઓને પણ વધુ પડતા ઉંચા ભાડા- પ્રિમીયમ નહી વસુલવા માટે વાટાઘાટના ટેબલ પર લઈ અવાયા છે.

**સરના**
**પહેલા પાનાનું ચાલુ**

(CEO) ના કાર્યાલયથી માત્ર ૧.૫ કિલોમીટર દૂર છે. ૮ માર્ચની રાત્રે કોલકાતામાં ચૂંટણી પંચની સંપૂર્ણ બેન્ચ આવે તે પહેલાં જ મુખ્યમંત્રીનો અનિશ્ચિત સમય માટે ધરણાનો વિરોધ શરૂ થાય છે. આ બેન્ચનું નેતૃત્વ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર કરે છે, અને આગામી બે દિવસ માટે તેમનું વ્યસ્ત સમયપત્રક છે.

એસ્પ્લેનેડ પૂર્વમાં વિરોધ સ્થળ પર એક વિશાળ સ્ટેજ બનાવવામાં આવ્યો છે. જ્યારે તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વએ વિરોધ કેટલો સમય ચાલશે તે સૂચવ્યું નથી, સ્ટેજનું કદ અને ત્યાંની વ્યવસ્થા સૂચવે છે કે વિરોધ ઘણા સમય સુધી ચાલુ રહેશે.

યોગાનુયોગ, CPI(M) પણ CEO ની ઓફિસ સામે ૨૪ કલાકનો ધરણાનો વિરોધ કરી રહી હતી, જે બુધવારે બપોરે શરૂ થયો હતો અને ગુરુવારે બપોરે સમાપ્ત થયો હતો. વિરોધમાં માંગ કરવામાં આવી હતી કે "તાર્કિક વિસંગતતા" શ્રેણી હેઠળ વર્ગીકૃત કરાયેલા મતદારોના દસ્તાવેજો પર ન્યાયિક કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી રાજ્યમાં ચૂંટણીઓ ન યોજવામાં આવે.

**વર્ષ ૨૦૨૪-૨૫**
**પહેલા પાનાનું ચાલુ**

વધુ એટલે કે લગભગ રૂા.૬૭૭૨.૫૩ કરોડ, લોકો અને સંગઠનોમાંથી મળેલ સ્વૈચ્છીક દાનમાંથી આવ્યો છે. તેમાં ભાજપે પોતાની કુલ આવકના લગભગ ૯૦.૪૮ ટકા દાનથી મેળવ્યા છે.

બીજી બાજુ, કોંગ્રેસે ડોનેશન ઉપરાંત કૂપન વેચીને પણ સારી કમાણી કરી છે, જેથી પાર્ટીને લગભગ રૂા.૩૫૦.૦૫ કરોડ મળ્યા. જ્યારે બસપાએ પોતાના રિપોર્ટમાં ડોનેશનથી કોઈ આવક નથી દેખાડી. પાર્ટીની પુરી કમાણી બેન્ક વ્યાજ અને અન્ય રોકાણોથી થયાનું જણાવ્યું છે.

કોંગ્રેસે રૂા.૧૧૧૧ કરોડનો ખર્ચ કર્યો: પૈસા ખર્ચ કરવાના મામલામાં પણ પાર્ટીઓમાં મોટું અંતર જોવા મળે છે. ૬ રાષ્ટ્રીય પક્ષોએ મળીને કુલ રૂા.૪૭૧૦.૨૭ કરોડ ખર્ચ કર્યા. આમાં ભાજપે ચુંટણી પ્રચાર અને પ્રશાસનિક કામો પર રૂા.૩૩૫.૩૭ કરોડ રૂપિયા ખર્ચ્યા. જે તેમની કુલ આવકનો અડધો ભાગ પણ નથી.

જયારે કોંગ્રેસની કમાણી રૂા.૭૧૮.૨૯ કરોડ હતી પણ પાર્ટીએ કુલ ૧૧૧૧.૯૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો એટલે કે કોંગ્રેસે પોતાની આવક કરતા રૂા.૧૯૩.૬૬ કરોડ વધુ ખર્ચ કર્યા. સીપીઆઈ-એમે પોતાની આવકના લગભગ ૮૪ ટકા ખર્ચ કર્યો. બીજી બાજુ ભાજપ અને બસપાએ પોતાની આવકનો મોટો ભાગ ભવિષ્ય માટે બચાવીને રાખ્યો છે.

રિપોર્ટ જમા કરવામાં ભારે લાપરવાહી: ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર બધા પક્ષોએ ઓડિટ રિપોર્ટ ૩૧ ઓકટોબર ૨૦૨૫ સુધીમાં જમા કરવાનો હતો. જો કે માત્ર બસપા, આપ અને એનપીઈપીએ જ સમયસીમાનું પાલન કર્યું હતું.

સતાધારી પક્ષ ભાજપે પોતાનો રિપોર્ટ ૫૬ દિવસ મોડેથી અને કોંગ્રેસે ૪૮ દિવસ મોડેથી જમા કરાવ્યો હતો. સીપીઆઈ-એમએ પણ પોતાનો રિપોર્ટ જમા કરાવવામાં ૧૮ દિવસનો વધુ સમય લીધો હતો.

**યુદ્ધના કારણે**
**પહેલા પાનાનું ચાલુ**

ખોરવાઈ ગયા છે. આનાથી ફુગાવો વધવાનો ભય વધી ગયો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં, હાજર ચાંદી ઔંસ દીઠ $૮૪.૧૧ પર નજીવી રીતે ટ્રેડ થઈ રહી હતી, જ્યારે સોનું $૧૨.૬૦ અથવા ૦.૨૫% વધીને ઈ૫,૧૫૩.૯૧ પ્રતિ ઔંસ પર પહોંચી ગયું હતું.

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડના કોમોડિટી વિશ્લેષક માનવ મોદીએ જણાવ્યું હતું કે સોનાના ભાવમાં તાજેતરના વધારા પછી નફાની બુકિંગ જોવા મળી હતી, જેના કારણે સોનાના ભાવમાં થોડો ઘટાડો થયો હતો. વધુમાં, મજબૂત યુએસ ડોલર ઈન્ડેક્સ અને ઓલ ટાઈમ હાઈથી USDINR માં ઘટાડાએ પણ સોનાના ભાવ પર દબાણ બનાવ્યું હતું. આ થોડો ઘટાડો હોવા છતાં, ભૂ-રાજકીય તણાવને કારણે સોનામાં નોંધપાત્ર ઘટાડાની સંભાવના મર્યાદિત રહે છે, કારણ કે યુએસ અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે.

**મહિલા દિને**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વ્યાખ્યાન મહિલાઓના આરોગ્ય ક્ષેત્રમાં ઉભરતા ફેમટેક ક્ષેત્રના મહત્વ, નવી તકનીકી શોધખોળ અને ભવિષ્યના આરોગ્ય ઉકેલો વિશે માર્ગદર્શન આપશે. આ આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતીય અકાદમિક સમુદાયનું પ્રતિનિધિત્વ થવું ગૌરવની બાબત ગણવામાં આવે છે અને આ પ્રસંગ આરોગ્ય તથા સંશોધન ક્ષેત્રમાં વૈશ્વિક સહકારને વધુ મજબૂત બનાવશે. વૈશ્વિક માન્યતા ઉપરાંત, ડૉ. પટેલ છેલ્લા ત્રણ વર્ષથી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મુસ્ક્યુલો-સ્કેલેટલ હેલ્થ -પેડ્રો, જે યુનિવર્સીટી ઓફ સિડની, ઓસ્ટ્રેલિયાનો ભાગ છે, ત્યાં એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ કમિટી સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેમજ વર્ષ ૨૦૨૭ - ૨૦૨૯ ના સ્પેશિયલ ઓલિમ્પીક્સ (આંતરરાષ્ટ્રીય હેડ ક્વોર્ટર; વોશિંગ્ટન - ડી.સી, યુ.એસ.એ ખાતે સ્થિત) ની ગ્લોબલ ફેકલ્ટી એડવાઈઝરી પેનલના સભ્ય તરીકે પણ પસંદગી કરવામાં આવી છે.

**રપમીએ તાલુકા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

રહેશે. ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજુઆતો અંગેની 'મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી' તેવા મથાળા સાથે ગામના તલાટીને સંબોધીને દર મહિનાની તા.૧૦મી સુધી આપવાની રહેશે. જેનો જેતે તાલુકામાં તાલુકા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. જયારે જિલ્લા કક્ષાના નિકાલ કરવાના કામ માટેની અરજી જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મોકલી આપવી તેમ સુરતના જિલ્લા કલેકટરશ્રીની યાદીમાં જણાવાયું છે.

**કણાઈ ગામના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ચારો કાપવાની પ્રક્રિયા સરળ બનાવવા ચાફ કટર મશીન પણ મળ્યું છે, જેના કારણે સમય અને મહેનત બંનેમાં બચત થાય છે.

બળવંતભાઈ જણાવે છે કે, મારા પરંપરાગત પશુપાલન વ્યવસાયને સરકારની સહાયથી વધુ સફળ અને સશક્ત બનાવ્યો છે. યોગ્ય સંભાળ અને મહેનતથી પશુપાલન દ્વારા સારી આવક મેળવી શકાય છે. ગ્રામ્ય વિસ્તારમાં સરકારની સહાય અને વ્યક્તિગત મહેનતનું ઉત્તમ પરિણામ બળવંતભાઈ પટેલ જેવા પશુપાલકો છે.

**પશુપાલન સહાય યોજનાઓથી ગ્રામ્ય પરિવારોને આર્થિક મજબૂતી**

રાજ્ય સરકાર પશુપાલન ક્ષેત્રના ક્ષમતાવર્ધન માટે પશુ નિભાવ સહાય, ચારો વ્યવસ્થાપન, પશુ આરોગ્ય સેવા અને આધુનિક સાધનો જેવી સહાયથી પ્રોત્સાહન આપી રહી છે. આ યોજનાઓના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં દૂધ ઉત્પાદન વધે છે અને પરિવારોને સ્થિર આવકનો સ્ત્રોત મળે છે.

**ચાફ કટર મશીનથી પશુપાલનમાં સમય અને મહેનતની બચત:**

ચાફકટર મશીન દ્વારા પશુઓ માટેનો ચારો સરળતાથી અને ઝડપથી કાપી શકાય છે. આ સાધનથી ચારો બારિક થાય છે, જેના કારણે પશુઓ તેને સરળતાથી ખાઈ શકે છે અને દૂધ ઉત્પાદન ક્ષમતા પણ વધે છે. પશુપાલકો માટે આ મશીન સમય અને શ્રમ બચાવતું ઉપયોગી સાધન સાબિત થાય છે.


**પશ્ચિમ રેલવે મુંબઇ સેન્ટ્રલ વચ્ચે બે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો ચલાવશે**

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09027 | મુંબઇ સેન્ટ્રલ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ) | 07.03.2026 | 23:45 કલાકે (શનિવાર) | 08:30 કલાકે (બીજા દિવસે) |
| 09028 | અમદાવાદ - મુંબઇ સેન્ટ્રલ (એસી સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ) | 09.03.2026 | 03:00 કલાકે (સોમવાર) | 11:15 કલાકે (તેજ દિવસે) |
| કમ્પોઝીશન: ફસ્ટ એ.સી., એ.સી. 2 ટાયર અને એ.સી. 3 ટાયર કોચીસ | | | | |
| 09021 | મુંબઇ સેન્ટ્રલ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | 08.03.2026 | 06:20 કલાકે (રવિવાર) | 12:40 કલાકે (તેજ દિવસે) |
| 09022 | અમદાવાદ - મુંબઇ સેન્ટ્રલ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | 08.03.2026 | 15:10 કલાકે (રવિવાર) | 21:45 કલાકે (તેજ દિવસે) |
| કમ્પોઝીશન: વિસ્ટાડોમ, એક્ઝીક્યુટીવ અનુભૂતિ, એક્ઝીક્યુટીવ ચેરકાર અને એ.સી. ચેરકાર કોચીસ | | | | |

ઉપરોક્ત ટ્રેનો બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટેશનો પર રોકાશે

સ્ટોપેજ, હોલ્ટસના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઇ શકે છે.

ટ્રેન નંબર 09027 અને 09028 માટે બુકીંગ 06/03/2026થી ખુલશે. જયારે ટ્રેન નંબર 09021 અને 09022 માટે બુકીંગ 07/03/2026થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

# પાલમાં મોડી રાત્રે અકસ્માત સર્જનાર કાર ચાલક ડો. વિરલકાંત ચૌધરીની ધરપકડ

## અકસ્માત થયો તે પહેલાં ડો. ચૌધરી એક દરદીની સર્જરી કરીને પરત ફરતા હતા : થાકને કારણે ઝોકું આવી ગયું હોય અકસ્માત સર્જાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

પાલ ઉમરા બ્રિજના પાલ તરફના છેડા પર ગઈકાલે મોડી રાત્રે સર્જાયેલા વાહન અકસ્માતમાં ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે ત્યારે આ બનાવમાં અકસ્માત કરનાર કાર ચાલક ડો.વિરલકાંત નલિનકાંત ચૌધરી ઉ.વ.૩૯ લાલદરવાજા પાસે આવેલી અશકતા આશ્રમ હોસ્પિટલ ઉપરાંત લાઈફ લાઈન હોસ્પિટલમાં અને વિનસ હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરે છે. પાલ પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી આરોપી ડોક્ટર વિલકાંત ચૌધરીની ધરપકડ કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે.



પાલ ભાઠા ગામ ગ્રીન સિટી ગોલ્ડ ખાતે રહેતા ડો.વિરલકાંત નલિનકાંત ચૌધરી વ્યવસાયે ડોક્ટર છે. ગઈકાલે સુદીપ હોસ્પિટલથી ડો.વિરલકાંત ચૌધરી દર્દીની સર્જરી બાદ રાત્રિના ૧૧ વાગ્યાની આસપાસ પાલ ઉમરા બ્રીજ પાલ તરફના છેડા પરથી તેની હોન્ડા ડબલ્યુ.આર.વી. કાર નં.જીજે.૧૯.એએમ.૮૯૭૬ લઈને પુરપાટ ઝડપે પસાર થઈ રહયા હતા તે સમયે તેણે ૮ લોકોને અડફેટે લીધા હતા. જે પૈકી હિમ્મત નાથાભાઈ બોરીચા ઉ.વ.૪૫ (રહે. અંબિકાનગર સોસાયટી, રાંદેર રોડ), ભાવીકબેન ચુડાસમા ઉ.વ.૩૨ (રહે. ઉગત કેનાલ, રાંદેર) પારૂલ ઈશ્વરભાઈ રાઠોડ (ઉ.વ.૩૫, રહે. સારોલી) તેમજ મનીષા યોગેશ રાઠોડ (ઉ.વ.૪૦, રહે. સારોલી) અને પ્રકાશસિંગ ઉ.વ.૩૫ (રહે. અડાજણ)ને ઈજા થતા સારવાર માટે સિવિલ તેમજ શહેરની અલગ-અલગ પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત અંગે પાલ પોલીસે ગુનો નોંધી ડોક્ટર વિરલકાંત ચૌધરીની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે.

# સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણી અદાલત સંકુલમાં મતદાન





## સુરતમાં બે મહિલાઓ સહિત ૧૧ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા છે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તેવી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૨૩ બેઠકો માટેની ચૂંટણી પ્રક્રિયા આજે સવારે ૧૦ વાગ્યાથી ધામધૂમ પૂર્વક શરૂ થઈ ગઈ છે. સુરત કોર્ટ બિલ્ડિંગના રૂમ નંબર ૫માં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જ્યાં વકીલોમાં મતદાન કરવા માટે ભારે ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે.

આ બીસીજીની ચૂંટણીમાં સવારથી જ મોટી સંખ્યામાં વકીલો મતદાન કરવા માટે ઉમટી પડ્યા છે. સુરતના મેદાનમાં રહેલા ૧૧ ઉમેદવારો (જેમાં ૨ મહિલાઓ સામેલ છે) પણ પોતાના સમર્થકો સાથે કોર્ટ પરિસરમાં વહેલી સવારથી જ પહોંચી ગયા હતા. સુરત શહેર અને જિલ્લાના ૮ હજારથી વધુ મતદારો આજે ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે.

દરમિયાન મતદાન મથકમાં ૧૪ સીસીટીવી કેમેરા અને અમદાવાદથી આવેલા ત્રણ નિરીક્ષકો દ્વારા કડક દેખરેખ રાખવામાં આવી રહી છે. અંદાજે ૫૦ જણાનો સ્ટાફ આ પ્રક્રિયાને સુચારુ રીતે ચલાવી રહ્યો છે. પ્રેફરેન્શિયલ વોટિંગ પદ્ધતિ હોવાથી મતદારોએ ૯૯ ઉમેદવારોમાંથી ૨૩ની પસંદગી કરવાની છે. હાલમાં શાંતિપૂર્ણ રીતે મતદાન ચાલી રહ્યું છે. મતદાન પૂર્ણ થયા બાદ ૯મી તારીખથી મતગણતરી શરૂ થશે. અને ત્યારબાદ રિઝલ્ટ જાહેર થશે.

# ચાર વર્ષની બાળકી સાથે કુચેષ્ટા કરનાર આરોપીને આજીવન કેદ

## વડોદની બિલ્ડીંગમાં રમતી બાળકીનું અપહરણ કરી આરોપીએ જાતીય સતામણી કરી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

વડોદ ખાતે બિલ્ડિંગમાં રમતી બાળકીનું અપહરણ કરી રૂમમાં લઈ જઈ તેણીની સાથે જાતીય સતામણી કરવાના કેસમાં કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી.

પાંડેસરા વડોદ ખાતે રહેતા પરિવારની ચાર વર્ષીય દીકરી પોતાના બિલ્ડીંગની નીચે પાર્કીંગના ઓટલા પર રમતી હતી ત્યારે તેમની બિલ્ડીંગમાં રહેતા ૪૦ વર્ષીય યુવકે ૪ વર્ષીય આ બાળકીને એકલી રમતા જોઈ તેણીનું અપહરણ કરી પોતાની રૂમે લઈ જઈ શારીરિક છેડછાડ કરી હતી. બાદમાં આ બાળકીએ આ અંગે તેની માતાને જાણ કરી હતી. બાળકીના પરિવારે આરોપી યુવક સામે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં અપહરણ, ૩૭૬ એબી અને પોસ્કો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપી યુવકની ધરપકડ કરી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. સરકારી વકીલ વિશાલ ફળદુએ દલીલ કરી હતી કે ભોગ બનનારની સગીર વય અને જુબાનીને માતા-પિતા તથા તબીબી પુરાવાઓનું સમર્થન મળે છે. આરોપી વિરુદ્ધના આક્ષેપો શંકાથી પર સાબિત થાય છે અને બચાવપક્ષ કાયદાકીય અનુમાનોનું ખંડન કરી શક્યો નથી, તેથી આરોપીને સજા થવી જોઈએ.

બચાવપક્ષે દલીલ કરી છે કે બાળાની વયના પુરાવા અને ઓળખ પરેડની પ્રક્રિયા શંકાસ્પદ છે. ફરિયાદમાં વિલંબ, અગાઉની નાણાકીય તકરાર અને બાળાની શીખવાડેલી જુબાનીની શક્યતા જોતાં કેસ ખોટો હોવાનું જણાય છે. આરોપીએ બાળાને માત્ર મદદ કરી હોઈ શકે છે. ફરિયાદપક્ષ ગુનો સાબિત કરવામાં નિષ્ફળ રહેતા આરોપીને નિર્દોષ છોડી મૂકવા વિનંતી કરી છે.

કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ આરોપીને કસુરવાર ઠેરવી આજીવન કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. તેમજ ૧ લાખથી વધુનો દંડ પણ કર્યો હતો.

# જેસીબી આપવાના બહાને રૂા.૨૯.૫૦ લાખની છતેરપિંડી

## જૂની ગાડીઓની લે-વેચ કરતા ઈમરાન ગરઢેરા પાસેથી રૂપિયા પડાવી લેવાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

સૈયદપુરા વિસ્તારમાં રહેતા અને ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા ઈમરાન ગરઢેરા સાથે જૂની ગાડીઓ અને જેસીબી મશીનો અપાવવાના બહાને ૨૯.૫૦ લાખની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. આ અંગે મહીધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી ઈમરાનભાઈએ જૂની મહિન્દ્રા બોલેરો અને બે જૂના જેસીબી મશીન ખરીદવા માટે મહારાષ્ટ્રના ઉલ્લાસનગરના રહેવાસી સુનિલ કિશનચંદ જગત્યાની અને પ્રવિણ પરશુરામ મોરગે સાથે સોદો કર્યો હતો. સુનિલ જગત્યાનીના કહેવા મુજબ ઈમરાનભાઈએ જૂન ૨૦૨૫ થી જુલાઈ ૨૦૨૫ દરમિયાન કુલ ૨૯,૫૦,૦૦૦ ચૂકવ્યા હતા. જેમાંથી ૨૮.૭૦ લાખ પ્રવિણ મોરગેના ખાતામાં અને ૮૦ હજાર ફાયનાન્સ કંપનીમાં જમા કરાવ્યા હતા.

પૂરેપૂરી રકમ ચૂકવી દીધા હોવા છતાં આ બન્ને આરોપીઓએ આજદિન સુધી ઈમરાનભાઈને ગાડી કે મશીનોની ડિલિવરી આપી નથી.

વારંવાર રજૂઆત કરવા છતાં રકમ પરત ન કરી આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો છે. મહીધરપુરા પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# એસીપી તરીકે ડો. કરણ રાજ વાઘેલા, ટ્રાફિક જેસીપીપદે પરમારની નિમણૂક

## સુરત શહેર પોલીસમાં ઉચ્ચ અધિકારીઓની ફરજમાં ફેરફાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

રાજ્ય સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થાના સુચારૂ આયોજન માટે સમયાંતરે પોલીસ વિભાગમાં બદલીની સાથે સાથે પોલીસ કર્મચારી અધિકારીઓને બઢતી આપવામાં આવતી હોય છે ત્યારે આજે ગુજરાત સરકાર દ્વારા રાજ્યના કુલ ૩૭ અધિકારીઓની બદલીના ઓર્ડર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૬ થી ૮ મહિનાથી ટ્રાફીક પોસ્ટ ખાલી હતી. જે જગ્યાએ એસ.વી.પરમારને ટ્રાફીક જેસીપી તરીકે નિમણુંક કરાઈ છે. આ ઉપરાંત રાઘવેન્દ્ર વત્સ જોઈન્ટ સીપી ક્રાઈમ હતા તેમની પોસ્ટને ડાઉનગ્રેડ કરીને ડો.કરણરાજવાઘેલાને એડીશનલ પો.કમિશનર બનાવાયા છે. આ ઉપરાંત સ્પેશિયલ કમિશનર તરીકે બલરામ મીણાને જવાબદારી સોંપવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા આઈપીએસ કક્ષાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની આજે બદલીના ઓર્ડર કરાયા હતા. જેમાં સુરતના સ્પેશ્યલ કમિશનર બલરામ મીણાને મુકાયા છે. આ ઉપરાંત ડો.કરણરાજ વાઘેલા જેસીપી ક્રાઈમ સુરત અને જેસીપી ટ્રાફીક સુરત એસ.વી.પરમારની નિમણુંક કરવામાં આવી છે.

રાજ્યના સિવિલિ ડિફેન્સના ડીજીપી તરીકે શમશેરસિંઘની નિમણુંક કરવામાં આવી છે. રાજ્યના પોલીસ તંત્રમાં ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલી સાથે ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, સુરતના આઈપીએસ વાબાંગ ઝમીરને વેઈટિંગ ફોર પોસ્ટિંગ રાખવામાં આવ્યા છે. લાંબા સમયથી પોસ્ટિંગની રાહ જોવાઈ રહી હતી ત્યારે મોટા ભાગના આઈપીએસ અધિકારીઓને આખરે નિમણુંક આપવામાં આવી છે.

# ગુજરાત પોલીસ બેડામાં સૌથી મોટો ફેરફાર, ૩૭ આઈપીએસ અધિકારીઓની સામુહિક બદલી

## શમસેરસિંઘને સિવિલ ડિફેન્સના ડીજીપીનો હવાલો સોંપાયો : ગગનદીપ ગંભીરને એસએમસીના આઈજીપીનો વધારાનો ચાર્જ અપાયો

**ગાંધીનગર, તા.૦૬**

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. લાંબા સમયથી પોસ્ટિંગની રાહ જોઈ રહેલા ઉચ્ચ પોલીસ અધિકારીઓને આખરે નવી નિમણૂક મળી છે. રાજ્ય સરકારના તાજા આદેશ અનુસાર 37 IPS અધિકારીઓની સામુહિક બદલી કરવામાં આવી છે, જેમાં રેન્જ આઈજીથી લઈને જોઈન્ટ કમિશનર સુધીના મહત્વના હોદ્દાઓનો સમાવેશ થાય છે.આ ફેરબદલમાં શમશેર સિંઘને DGP સિવિલ ડિફેન્સ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. રાજકોટ રેન્જમાં મોટા ફેરફાર કરતા અશોક કુમારને સ્ટેટ IBમાં મોકલાયા છે, જ્યારે તેમની જગ્યાએ આકરા મિજાજના અધિકારી નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ IG તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અમદાવાદ રેન્જની જવાબદારી હવે રાઘવેન્દ્ર વત્સ સંભાળશે. આ સાથે જ મહિલા અધિકારીઓમાં પરીક્ષિતા રાઠોડને બનાસકાંઠા રેન્જ અને વિધિ ચૌધરીને ગોધરા રેન્જ DIGP તરીકે નિમણૂક અપાઈ છે. ગુજરાતની સુરક્ષા એજન્સીઓમાં પણ મહત્વના ફેરફાર થયા છે. ગૌતમકુમાર પરમાર હવે IG CID ક્રાઈમ બન્યા છે, જ્યારે ગગનદીપ ગંભીરને સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના IGPનો વધારાનો હવાલો સોંપાયો છે. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) માં પી.એલ. મલને એડિશનલ ડાયરેક્ટર અને દીપકકુમાર મેઘાણીને જોઈન્ટ ડાયરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. વહીવટી સરળતા માટે વિશાલકુમાર વાઘેલાને SMC ની સાથે પોલીસ ભરતી બોર્ડનો વધારાનો ચાર્જ પણ અપાયો છે. શહેરી પોલીસ તંત્રની વાત કરીએ તો, વડોદરા શહેરના JCP તરીકે નિલેશ જજડિયા અને અમદાવાદ શહેરના JCP ટ્રાફિક તરીકે એ.જી. ચૌહાણની વરણી થઈ છે. સુરતમાં બલરામ મીણાને સ્પેશિયલ કમિશનર, ડૉ. કરણરાજ વાઘેલાને JCP ક્રાઈમ અને એસ.વી. પરમારને JCP ટ્રાફિક તરીકે મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત, જેલ વિભાગમાં પણ સરોજ કુમારી, આર.પી. બારોટ અને ડૉ. જી.એ. પંડ્યાને અનુક્રમે વડોદરા, અમદાવાદ અને રાજકોટ જેલના DIGP તરીકે નિયુક્ત કરાયા છે. જ્યારે વાબાંગ ઝમીરને હાલ પૂરતા વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં રાખવામાં આવ્યા છે. આ મોટા પાયે થયેલી બદલીઓથી રાજ્યના પોલીસ વહીવટમાં નવી ઉર્જા આવશે તેમ મનાય છે.


## જાહેર નોટીસ

આથી અમો **હરબાળા નટવરભાઈ સેલર, રહેવાસી : ૩, નારાયણ નગર સોસાયટી, હનુમાન ટેકરી રોડ, ભેંસાણ, સુરત નાઓ** જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

અમો **પુત્ર સેલર હેમંત નટવરભાઈ, ઉ.આ.વ. : ૩૪, હાલ રહેવાસી : ૩, નારાયણ નગર સોસાયટી, હનુમાન ટેકરી રાંદેર રોડ, ભેંસાણ, સુરત** કે જે અમોના સગા પુત્ર થાય છે અને અમારો સદરહુ પુત્ર અમારા કોઈપણ જાતના કહયામાં નથી અને અમોના નામે કે અમારા કુટુંબીજનો ના નામે કોઈએ પણ તેઓને કોઈપણ રૂપિયા ઓછીના કે કોઈપણ રીતે અમોના નામથી નાણાંકીય વ્યવહાર કરવો નહી કે મારા સદરહુ પુત્ર બાબતે કોઈ વાત કરવી નહી કે કોઈ વ્યવહાર કરવો નહી અને જો કોઈ વ્યવહાર કરવામાં આવશે તો તેની કોઈ જવાબદારી મારી તથા મારા કુટુંબીજનોની રહેશે નહી તેમ છતાં જો મારા પુત્ર સાથેના વ્યવહાર બાબતે મારો તથા કુટુંબીજનોનો સંપર્ક કરવામાં આવશે તો તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**હરબાળા નટવરભાઈ સેલર,**
રહેવાસી : ૩, નારાયણ નગર સોસાયટી, હનુમાન ટેકરી રોડ, ભેંસાણ, સુરત


# ડીંડોલીમાં ખૂનના કેસમાં મહિલા સહિત ૨ આરોપી પુરાવાના અભાવે નિર્દોષ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

ડીંડોલી વિસ્તારમાં મરણજનાર રમેશ શેટ્ટીને મીનાબેન સદાનંદ પાટીલે પોતાની દિકરીના બર્થ-ડે હોવાથી પોતાના ઘરે બોલાવેલા અને તે દરમ્યાન મરણજનાર બાથરૂમ પાસે પડી જતાં સહઆરોપી - રમેશ ગણપત પાટીલ નાઓએ મરણ જનારના ગળા ઉપર ટુંપો આપી તેમજ - મીનાબેન સદાનંદ પાટીલ નાએ મરણજનારના પગ પકડી રાખી હત્યા કરી નાખી હતી.કામના તપાસ કરનાર અધિકારીએ હાલના ગુન્હાની તપાસ પુર્ણ કરી પોલીસ પેપર્સ તથા ચાર્જશીટ કોર્ટમાં રજુ કર્યા હતા.આ કેસ કોર્ટમાં ચાલી જતા આરોપી રમેશ પાટીલ અને મીના સદાનંદમણીક પાટીલ તરફે એડવોકેટ ડોલી એસ.શર્માએ દલીલો કરી હતી. ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરાવાથી સાબિત કરી ન શકતા કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો.


## પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાની તારીખો | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૪૧૫૬ | ઉધના -સુબેદારગંજ | ૧૦.૦૩.૨૦૨૬ થી ૩૧.૦૩.૨૦૨૬ | ૧૬.૧૫ કલાકે (મંગળ અને શુક્ર) | ૨૧.૦૦ કલાકે (બીજા દિવસે) |
| ૦૪૧૫૫ | સુબેદારગંજ-ઉધના | ૦૯.૦૩.૨૦૨૬થી ૩૦.૦૩.૨૦૨૬ | ૧૧.૪૦ કલાકે (સોમ અને ગુરૂ) | ૧૩.૧૫ કલાકે (બીજા દિવસે) |

**રોકાણ:** જતા આવતા આ ટ્રેન વ્યારા, નંદુરબાર, અમલનેર, ધરણગાંવ, ભુસાવળ, ઈટારસી, રાણી કમલાપતિ, બીના, લલિતપુર, વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ઓરાઈ, પોખરયાણ, ગોવિંદપુરી અને ફતેહપુર સ્ટેશનો પર થોભશે.

**બંધારણ:** એસી થ્રી ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચિસ

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાની તારીખો | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૧૯૦૮ | ઉધના-આગ્રા કેન્ટ | ૧૧.૦૩.૨૦૨૬થી ૦૧.૦૪.૨૦૨૬ | ૧૫.૨૫ કલાકે (બુધવાર) | ૦૮.૩૦ કલાકે (બીજા દિવસે) |
| ૦૧૯૦૭ | આગ્રા કેન્ટ- ઉધના | ૧૦.૦૩.૨૦૨૬થી ૩૧.૦૩.૨૦૨૬ | ૧૮.૪૫ કલાકે (મંગળવાર) | ૧૩.૨૫ કલાકે (બીજા દિવસે) |

**રોકાણ:** જતા આવતા આ ટ્રેન વડોદરા, રતલામ, કોટા, સવાઈમાધોપુર, ગંગાપુર સીટી, રૂપબાસ અને ફતેપુર સિકરી સ્ટેશનો પર થોભશે.

**બંધારણ:** એસી ટુ ટાયર, એસી થ્રી ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચિસ

ટ્રેનોના સમય, બંધારણ અને સ્ટોપેજ વિશે વધુ જાણકારી માટે કૃપયા મુલાકાત લો :
www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં.૦૪૧૫૬ અને ૦૧૯૦૮ બુકિંગ તા.૦૬.૦૩.૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોકત ટ્રેનો સ્પેશિયલ હોવાથી ભાડુ પણ સ્પેશિયલ રહેશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
લાઈક કરો અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરી રીઝર્વ ટીકીટ માટેના ઓળખના તમામ પુરાવાઓ સાથે રાખો



અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માર્ચ – ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કૅટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

માર્ચ –૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.